અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

27 DECEMBER-2025 SATURDAY | Vol. : 17 | Issue : 176 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad


તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

મ્યાનમારથી વેનેઝુએલા સુધી અમેરિકા દુનિયાભરમાં દખલ દઈ રહ્યું છે : ક્યાંક રાષ્ટ્રપતિને હટાવવા માટે યુદ્ધ ....

4

ભૂમધ્ય સમુદ્રમાં તુર્કીનો પ્રભાવ ખાળવા ઈઝરાયલ-ગ્રીસ-સાઈપ્રસની રિસ્પોન્સ ફોર્સ

6

11 ચોગ્ગા, 4 છગ્ગા અને 106 રન! ટી20 વર્લ્ડકપ ટીમમાં પસંદગી બાદ વિજય હઝારે ટ્રોફીમાં છવાયો યુવા ખેલાડી

7

સોના-ચાંદીમાં સતત ચોથા દિવસે રેકોર્ડબ્રેક તેજી:ચાંદી એક દિવસમાં ₹13 હજાર મોંઘી થઈ, 2.32 લાખને પાર

## તિરુવનંતપુરમમાં વી વી રાજેશને 100માંથી 51 વોટ

# કેરળમાં ભાજપે રચ્યો ઈતિહાસ, પ્રથમવાર મેયર પદ કબજે કર્યું

### ભાજપના વરિષ્ઠ નેતા વી.વી. રાજેશ કેરળની રાજધાની તિરુવનંતપુરમ નગર નિગમના પ્રથમ ભાજપના મેયર તરીકે ચૂંટાઈ આવ્યા છે

**થિરૂવનંતપૂરમ્, તા.26**

કેરળના રાજકારણમાં શુક્રવારે એક નવો સૂર્યોદય થયો છે. દાયકાઓથી ડાબેરીઓ અને કોંગ્રેસના વર્ચસ્વવાળા આ રાજ્યમાં ભાજપે ઈતિહાસ રચી દીધો છે. ભાજપના વરિષ્ઠ નેતા વી.વી. રાજેશ કેરળની રાજધાની તિરુવનંતપુરમ નગર નિગમના પ્રથમ ભાજપના મેયર તરીકે ચૂંટાયા છે. શુક્રવારે સવારે યોજાયેલી મેયરની ચૂંટણીમાં ૪૫ વર્ષીય વી.વી. રાજેશને કુલ ૫૧ મતો મળ્યા હતા, જેની સાથે જ ૧૦૦ સભ્યોની હાજરીવાળા ગૃહમાં ભાજપે બહુમતી માટે જરૂરી આંકડો સફળતાપૂર્વક મેળવી લીધો હતો. આ ચૂંટણીમાં ભાજપના ઉમેદવારને એક અપક્ષ કાઉન્સિલર એમ. રાધાકૃષ્ણનનું પણ મહત્ત્વનું સમર્થન પ્રાપ્ત થયું હતું.



મતોના સમીકરણ પર નજર કરીએ તો, ભાજપના વી.વી. રાજેશને ૫૧ મત મળ્યા હતા, જ્યારે તેમની સામે લડી રહેલા CPIMના આર.પી. શિવાજીને ૨૯ અને કોંગ્રેસ પ્રેરિત UDFના ઉમેદવાર કે.એસ. સબરિનાથનને માત્ર ૧૯ મતોથી સંતોષ માનવો પડ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બરની શરૂઆતમાં યોજાયેલી મ્યુનિસિપલ ચૂંટણીમાં ભાજપે ૧૦૦ માંથી ૫૦ બેઠકો જીતીને અગાઉથી જ પોતાની મજબૂત પકડ સાબિત કરી દીધી હતી.

આ જીત ભાજપ માટે માત્ર એક શહેરની સત્તા નથી, પરંતુ એક મોટી વિચારધારાની જીત માનવામાં આવે છે. છેલ્લા ૪૫ વર્ષોથી તિરુવનંતપુરમ નગર નિગમ પર CPM(ડાબેરીઓ)નો કબજો હતો. ભાજપે આ પરંપરાને તોડીને દક્ષિણ ભારતમાં પોતાની શક્તિનો પરિચય આપ્યો છે. કેરળ ભાજપ અધ્યક્ષ રાજીવ ચંદ્રશેખરે આક્ષેપ કર્યો હતો કે પાછલા શાસનમાં નિગમ ભ્રષ્ટાચારનો અડ્ડો બની ગયું હતું અને પાયાની સુવિધાઓ જેવી કે કચરા વ્યવસ્થાપન અને પાણીના મુદ્દે શહેર પાછળ ધકેલાઈ ગયું હતું.

પદ સંભાળ્યા બાદ પોતાની પ્રથમ પ્રતિક્રિયામાં વી.વી. રાજેશે જણાવ્યું કે, અમે સૌને સાથે લઈને આગળ વધીશું. શહેરના તમામ ૧૦૧ વોર્ડમાં સમાન વિકાસ કરવામાં આવશે. અમારું લક્ષ્ય તિરુવનંતપુરમને એક આધુનિક અને વિકસિત શહેરમાં બદલવાનું છે. કેરળમાં આગામી છ મહિનામાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. અત્યાર સુધી ભાજપને કેરળમાં મોટી સફળતા મળી નથી(૨૦૧૬માં માત્ર ૧ બેઠક અને ૨૦૨૪માં ૧ લોકસભા બેઠક). આવી સ્થિતિમાં, રાજધાનીના મેયર પદ પર ભાજપનો વિજય એ સંકેત આપે છે કે રાજ્યની શહેરી જનતા હવે પરિવર્તન ઈચ્છી રહી છે. આ જીત વિધાનસભા ચૂંટણીમાં ભાજપના કાર્યકરો માટે બુસ્ટર ડોઝ સમાન સાબિત થશે.

રાજેશનું મેયર બનવું કેરળની શહેરી રાજનીતિમાં ભાજપ માટે એક નવા અધ્યાયનો સંકેત છે. કેરળની રાજધાનીમાં ભાજપની આ જીતે શહેરના કોર્પોરેશન પર સીપીઆઈએમના ૪૫ વર્ષના નિયંત્રણને સમાપ્ત કરી દીધું છે. સમારોહ બાદ કેરળ ભાજપના પ્રમુખ રાજીવ ચંદ્રશેખરે પત્રકારોને કહ્યુ કે, સીપીઆઈએમએ કોંગ્રેસના અપ્રત્યક્ષ કે પડદા પાછળના સમર્થનથી તિરૂવનંતપુરમને બરબાદ કરી દીધું છે.

# 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પ્રતિબંધ કરો : મદ્રાસ હાઈકોર્ટે.....

### ભારતમાં પણ ઓસ્ટ્રેલિયા જેવા કડક કાયદા પર ગંભીરતાથી વિચાર કરવો જોઈએ

**ચેન્નઈ, તા.26**

મદ્રાસ હાઈકોર્ટે શુક્રવારે કેન્દ્ર સરકારને સૂચન કર્યું કે ઓસ્ટ્રેલિયાની જેમ ભારતમાં પણ 16 વર્ષથી ઓછી ઉંમરના લોકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવામાં આવે. કોર્ટે કહ્યું કે આ અંગે ગંભીરતાથી વિચાર કરવો જોઈએ.

મદુરાઈ બેન્ચની ડિવિઝન બેન્ચના જસ્ટિસ જી જયરામન અને જસ્ટિસ કે કે રામકૃષ્ણને આ વાત સગીરોને ઓનલાઈન પોર્નોગ્રાફિક કન્ટેન્ટ સરળતાથી મળી જવાના મુદ્દે કરાયેલી જનહિત અરજીની સુનાવણી દરમિયાન કહી.

કોર્ટે કહ્યું કે ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સ (ISP) પર વધુ કડક નિયમો લાગુ કરવામાં આવે. તેમને ફરજિયાતપણે પેરેન્ટલ વિન્ડો સર્વિસ (પેરેન્ટલ કંટ્રોલ) આપવા માટે કહેવામાં આવે, જેથી માતા-પિતા તેમના બાળકોની ઓનલાઈન એક્ટિવિટીને ફિલ્ટર અને કંટ્રોલ કરી શકે.



ખરેખરમાં, ઓસ્ટ્રેલિયાએ 9 ડિસેમ્બરથી 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર એકાઉન્ટ બનાવવા પર પ્રતિબંધ મૂક્યો છે. ઓસ્ટ્રેલિયા આ પ્રકારનો પ્રતિબંધ લગાવનાર દુનિયાનો પહેલો દેશ છે. આ મામલો એક જૂની જનહિત અરજી સાથે જોડાયેલો છે, જેમાં ફરિયાદ કરવામાં આવી હતી કે બાળકોને ઈન્ટરનેટ પર અશ્લીલ અને પોર્નોગ્રાફિક કન્ટેન્ટ ખૂબ જ સરળતાથી મળી જાય છે. આના પર રોક લગાવવા માટે કોઈ નક્કર વ્યવસ્થા નથી.

અરજીમાં માંગ કરવામાં આવી હતી કે રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ (NCPCR), તમિલનાડુ બાળ અધિકાર આયોગ અને ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સને નિર્દેશ આપવામાં આવે કે તેઓ પેરેંટલ કંટ્રોલ સિસ્ટમ લાગુ કરે અને શાળાઓ તથા સમાજમાં મોટા પાયે જાગૃતિ અભિયાન ચલાવે.

જ્યાં સુધી નવો કાયદો ન બને, ત્યાં સુધી સરકાર અને આયોગ જાગૃતિ અભિયાન તેજ કરે અને બાળકો તથા માતા-પિતાને સુરક્ષિત ઈન્ટરનેટના ઉપયોગની રીતો સરળ ભાષામાં સમજાવે.

શાળાઓ, મીડિયા અને સોશિયલ મીડિયા દ્વારા બાળકો અને વાલીઓને સુરક્ષિત ઈન્ટરનેટ વિશે જણાવવામાં આવે.

ISPને ફરજ પાડવામાં આવે કે તેઓ પેરન્ટલ વિન્ડો/પેરન્ટલ કંટ્રોલ જેવી સુવિધા સરળ રીતે ઉપલબ્ધ કરાવે. ઓસ્ટ્રેલિયા સરકારે નવેમ્બર 2024માં 'ઓનલાઈન સેફ્ટી અમેન્ડમેન્ટ બિલ' પસાર કર્યું હતું. આ કાયદાનો હેતુ બાળકોને ઓનલાઈન હાનિકારક કન્ટેન્ટ અને સાયબર જોખમોથી બચાવવાનો છે. આમાં 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકોને TikTok, X (ટ્વિટર), ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, સ્નેપચેટ, યુટ્યુબ જેવી મોટી સોશિયલ મીડિયા સાઈટ્સથી દૂર રાખવાની જોગવાઈ છે.

# કેનેડામાં ભારતીય વિદ્યાર્થીની હત્યા, યુનિવર્સિટીમાં ગોળી મારી : કેમ્પસમાં સુરક્ષા એલર્ટ જારી, આરોપી ફરાર, 3 દિવસમાં 2 ઈન્ડિયનનું મર્ડર.....

**ટોરોન્ટો, તા.26**

કેનેડાની યુનિવર્સિટી ઓફ ટોરોન્ટો નજીક ભારતીય મૂળના 20 વર્ષીય વિદ્યાર્થી શિવાંક અવસ્થીની ગોળી મારીને હત્યા કરવામાં આવી. આ ટોરોન્ટોમાં 2025ની 41મી હત્યા છે. આ ઘટના કેમ્પસ નજીક બનતા વિદ્યાર્થીઓમાં ભયનો માહોલ છે અને યુનિવર્સિટીએ પણ સુરક્ષા એલર્ટ જાહેર કર્યું છે.

પોલીસના જણાવ્યા અનુસાર, 23 ડિસેમ્બરે બપોરે હત્યાની જાણ થઈ હતી. પોલીસે ઘટનાસ્થળે શિવાંક અવસ્થીને ગોળી વાગેલી હાલતમાં જોયા અને તેમને ઘટનાસ્થળે જ મૃત જાહેર કરવામાં આવ્યા.

શંકાસ્પદ વ્યક્તિઓ પોલીસ આવે એ પહેલાં ઘટનાસ્થળેથી ફરાર થઈ ગઈ હતી. પોલીસે લોકોને શંકાસ્પદ વ્યક્તિઓ સંબંધિત કોઈપણ માહિતી મળે તો જાણ કરવા અપીલ કરી છે.

ટોરોન્ટોમાં 3 દિવસમાં બે ભારતીયની હત્યા થઈ. આ પહેલાં 20 ડિસેમ્બરે ભારતીય મૂળની મહિલા હિમાંશી ખુરાનાની તેના પાર્ટનર દ્વારા હત્યા કરવામાં આવી હતી.

ટોરોન્ટોમાં ભારતીય દૂતાવાસે આ દુઃખદ ઘટના પર ઘેરો શોક વ્યક્ત કર્યો અને જણાવ્યું કે તેઓ શિવાંકના પરિવારના સંપર્કમાં છે.



સ્થાનિક અધિકારીઓ સાથે મળીને દરેક સંભવ મદદ પૂરી પાડી રહ્યા છે. દૂતાવાસે પોતાના નિવેદનમાં શિવાંકને એક યુવા ભારતીય ડોક્ટરલ વિદ્યાર્થી ગણાવ્યો છે, જોકે કેટલાક અહેવાલોમાં તેમને લાઈફ સાયન્સના અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થી પણ કહેવામાં આવ્યા છે.

આ જ શહેરમાં થોડા દિવસો પહેલાં જ અન્ય એક ભારતીય મહિલા હિમાંશી ખુરાનાની હત્યા થઈ હતી. તેઓ 30 વર્ષનાં હતાં અને ટોરોન્ટોમાં રહેતાં હતાં. પોલીસે આ મામલે એક શંકાસ્પદની ધરપકડ માટે વોરંટ જાહેર કર્યું.

પોલીસના જણાવ્યા અનુસાર, 19 ડિસેમ્બર 2025ની રાત્રે વેલિંગ્ટન સ્ટ્રીટ વેસ્ટ વિસ્તારમાંથી એક મહિલા ગુમ થયાની જાણ થઈ હતી.

બીજી સવારે 20 ડિસેમ્બરે પોલીસે એક ઘરની અંદરથી મહિલાનો મૃતદેહ શોધી કાઢ્યો. પોલીસે મોતને હત્યા માનીને તપાસ શરૂ કરી દીધી છે. પોલીસનું કહેવું છે કે શંકાસ્પદ અબ્દુલ ગફુરી (ઉ.વ.32) પીડિતાને ઓળખતો હતો.

આ મામલો પાર્ટનર સાથેની હિંસા સાથે જોડાયેલો છે. અબ્દુલ ગફુરી પર હત્યાનો આરોપ લગાવવામાં આવ્યો છે.

સ્ટેટિસ્ટિક્સ કેનેડા 2024ના રિપોર્ટ મુજબ, કેનેડામાં સાઉથ એશિયન ખાસ કરીને ભારતીયો વિરુદ્ધ નફરતના ગુનાઓ 2019થી 2023 સુધીમાં 200%થી વધુ વધ્યા છે. 2024-2025માં ઓનલાઈન હેટ સ્પીચ 1350% સુધી વધી છે.

ઈમિગ્રેશન સંબંધિત નારાજગી અને જાતિવાદ: કેનેડામાં ભારતીય વિદ્યાર્થીઓ અને ઈમિગ્રન્ટ્સની સંખ્યા ઝડપથી વધી છે (2022માં 3 લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ). કેટલાક કેનેડિયન લોકો તેને હાઉસિંગ કટોકટી, નોકરીઓની અછત અને જાહેર સેવાઓ પર બોજ માને છે. આનાથી ઈમિગ્રન્ટ વિરોધી ભાવના વધી છે, જે નફરતના ગુનાઓ અને ઓનલાઈન દુરુપયોગમાં જોવા મળે છે. સર્વેમાં 64% ભારતીયોએ કહ્યું કે તેમના વિરુદ્ધ નફરત વધી રહી છે.

નફરતના ગુનાઓ અને રાજકીય તણાવ: ભારત-કેનેડા સંબંધોમાં તણાવ (ખાલિસ્તાન મુદ્દે)ને કારણે કેટલાંક જૂથોમાં ભારતવિરોધી ભાવના વધી છે.

# UAEના રાષ્ટ્રપતિ પાકિસ્તાનના પ્રવાસે : PM શાહબાઝ- મુનીરે એરપોર્ટ પર સ્વાગત કર્યું, ટ્રેડ-એનર્જી પર ડીલ શક્ય, PAKને સાઉદી જેવા રક્ષા કરાર થવાની અપેક્ષા...

**ઈસ્લામાબાદ, તા.26**

સંયુક્ત આરબ અમીરાત (UAE) ના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન શુક્રવારે પાકિસ્તાનની સત્તાવાર મુલાકાતે પહોંચ્યા છે. PM શાહબાઝ શરીફ અને ચીફ ઓફ ડિફેન્સ ફોર્સિસ આસિમ મુનીર UAE ના રાષ્ટ્રપતિને રિસીવ કરવા એરપોર્ટ પહોંચ્યા હતા.

આ વર્ષે તેમની પાકિસ્તાનની આ બીજી મુલાકાત છે. આ પહેલા જાન્યુઆરી 2025માં તેઓ રહીમ યાર ખાનમાં ખાનગી મુલાકાત દરમિયાન શાહબાઝને મળ્યા હતા. જોકે રાષ્ટ્રપતિ તરીકે તેમની આ પ્રથમ સત્તાવાર પાકિસ્તાન મુલાકાત છે.

વિદેશ કાર્યાલયના એક નિવેદન મુજબ, રાષ્ટ્રપતિ અલ નાહયાન વડાપ્રધાન શાહબાઝ સાથે દ્વિપક્ષીય સંબંધોના પાસાઓની સમીક્ષા કરશે. પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વાત કરશે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે આ મુલાકાત બંને દેશો વચ્ચે લાંબા સમયથી ચાલી આવતી ભાઈચારાની ભાવનાને વધુ મજબૂત કરવાની સારી તક છે. સાથે જ વેપાર, રોકાણ, ઊર્જા, વિકાસ અને પ્રાદેશિક સુરક્ષા જેવા મુખ્ય



ક્ષેત્રોમાં કરારો થઈ શકે છે.

બુધવારે ઈસ્લામાબાદ જિલ્લા પ્રશાસને યાત્રાના દિવસે એટલે કે આજે આખી રાજધાનીમાં રજાની જાહેરાત કરી.

પાકિસ્તાન અને UAE વચ્ચે ગાઢ રાજદ્વારી, આર્થિક અને સાંસ્કૃતિક સંબંધો છે. જે UAEમાં રહેતી મોટી પાકિસ્તાની પ્રવાસી વસ્તીને કારણે વધુ મજબૂત થયા છે.

UAE પાકિસ્તાનનો મુખ્ય વ્યાપારી ભાગીદાર છે અને રેમિટન્સનો મોટો સ્ત્રોત પણ છે. UAEમાં પાકિસ્તાની પ્રવાસીઓની સંખ્યા લગભગ 1.7 થી 1.9 મિલિયન (એટલે કે 17 થી 19 લાખ) ની વચ્ચે છે.

આ પાકિસ્તાનીઓ મુખ્યત્વે બાંધકામ, વેપાર, સેવા ક્ષેત્ર, બેંકિંગ, આઈટી અને અન્ય વ્યવસાયોમાં કામ કરે છે. તેઓ ભારતીયો પછી UAEમાં બીજા સૌથી મોટા પ્રવાસી સમુદાય છે અને દેશની અર્થવ્યવસ્થામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

દર વર્ષે હજારો નવા પાકિસ્તાનીઓ કામની શોધમાં UAE આવે છે, જેના કારણે આ સંખ્યા વધતી રહે છે.

બંને દેશો સંરક્ષણ, ઊર્જા અને રોકાણ પરિયોજનાઓમાં સહયોગ કરે છે. UAE અવારનવાર પાકિસ્તાનને નાણાકીય સહાય અને માનવતાવાદી મદદ પૂરી પાડે છે.

આ વર્ષે એપ્રિલમાં બંને દેશોએ સંસ્કૃતિ, કોન્સ્યુલર બાબતો અને વેપાર પરિષદ સ્થાપિત કરવા સંબંધિત ત્રણ સમજૂતી કરારો પર હસ્તાક્ષર કર્યા હતા.

પાકિસ્તાની મીડિયા ડોન અનુસાર, શેખ મોહમ્મદ બિન ઝાયદની વિદેશ નીતિ સુરક્ષા પર કેન્દ્રિત હોય છે અને તેઓ સંસ્થાઓની મજબૂતી પર ભાર મૂકે છે.

તેઓ પાકિસ્તાનમાં નિર્ણય લેવાની પ્રક્રિયા કેટલી સ્પષ્ટ અને મજબૂત છે, દેશની અંદર કેટલી સ્થિરતા છે અને પ્રાદેશિક જોખમોનો સામનો કરવાની ક્ષમતા કેટલી છે તેનું બારીકાઈથી મૂલ્યાંકન કરશે.

જો તેમને પાકિસ્તાનમાં સારી વ્યવસ્થા, અનુશાસન અને સ્થિરતા જોવા મળી, તો તેઓ ઊર્જા, બંદર, લોજિસ્ટિક્સ (માલસામાનની હેરફેર), ખનિજ અને સંરક્ષણ સંબંધિત ક્ષેત્રોમાં અબજો ડોલરનું રોકાણ કરી શકે છે.

UAE અને પાકિસ્તાન વચ્ચે સાઉદી અરબ જેવો મજબૂત મ્યુચ્યુઅલ ડિફેન્સ કરાર (જેમાં એક દેશ પર હુમલો બીજા પર હુમલો માનવામાં આવે) હોવાના હાલ કોઈ સમાચાર નથી.

સાઉદી અરબે સપ્ટેમ્બર 2025માં પાકિસ્તાન સાથે 'સ્ટ્રેટેજિક મ્યુચ્યુઅલ ડિફેન્સ એગ્રીમેન્ટ' સાઈન કર્યો હતો, જે બંને દેશો માટે બંધનકર્તા છે અને એક મોટું પગલું હતું.

મીડિયા રિપોર્ટ્સ મુજબ પ્રાદેશિક સ્થિતિ (જેમ કે ઇઝરાયેલ-ઈરાન તણાવ) ને કારણે ગલ્ફ દેશો પોતાની સુરક્ષાને વિવિધતા આપી રહ્યા છે. UAE પણ ભવિષ્યમાં આવું કંઈક કરી શકે છે.

UAE અને પાકિસ્તાન વચ્ચે સંરક્ષણ સહયોગ ઘણો જૂનો અને મજબૂત છે, પરંતુ તે મુખ્યત્વે તાલીમ, સંયુક્ત કવાયત અને સૈન્ય સહયોગ પર આધારિત છે, ન કે સંપૂર્ણ પરસ્પર સંરક્ષણ સંધિ પર.

પાકિસ્તાની સેનાઓ પહેલા UAEને તાલીમ આપતી રહી છે, અને બંને દેશો વચ્ચે નેવી, એરફોર્સ અને આર્મી સ્તરે સહયોગ ચાલુ રહે છે.

સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન (MBS) અને પાકિસ્તાની વડાપ્રધાન શાહબાઝ શરીફે સપ્ટેમ્બરમાં એક રક્ષા કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર હેઠળ એક દેશ પર હુમલો બીજા પર પણ હુમલો ગણાશે.

સાઉદી પ્રેસ એજન્સી અનુસાર, બંને દેશોએ એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે આ કરાર બંને દેશોની સુરક્ષા વધારવા અને વિશ્વમાં શાંતિ સ્થાપિત કરવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ કરાર હેઠળ બંને દેશો વચ્ચે સંરક્ષણ સહયોગ પણ વિકસાવવામાં આવશે.

રોયટર્સ અનુસાર, આ કરાર હેઠળ સૈન્ય સહયોગ કરવામાં આવશે. તેમાં જરૂર પડ્યે પાકિસ્તાનના પરમાણુ હથિયારોનો ઉપયોગ પણ સામેલ છે.



# સરદાર પટેલ સ્વદેશી પદયાત્રાનો ઢોલ નગારાના તાલે પ્રારંભ

## એકતા, અખંડિતતા, સર્વધર્મ સમભાવ સાથેનું શક્તિ પ્રદર્શન, સમાપનમાં કેન્દ્રીય મંત્રી માંડવિયા ઉપસ્થિત રહેશે





રાજકોટ, તા.26

ભારત દેશના રજવાડાઓને એક કરી અખંડ ભારતનું નિર્માણ કરનાર લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતી ઉજવાઈ રહી છે. ત્યારે આજે રાજકોટના ધારાસભ્ય રમેશ ટીલાળા દ્વારા આયોજિત સરદાર@150 સ્વદેશી પદયાત્રા-2025 ઢોલ નગારાના તાલે ભવ્ય અને દિવ્ય માહોલમાં ગોંડલ રોડ સ્થિત સ્વામીનારાયણ ગુરુકુળથી પ્રસ્થાન થઈ હતી. જેમાં સરદાર પટેલના જીવન પ્રસંગોને વર્ણવતો સ્વદેશી ટેબ્લો બનાવવામાં આવ્યો હતો.

આ પદયાત્રામાં વિદ્યાર્થીઓ ભારત દેશનો ધ્વજ લહેરાવતા દૃશ્યમાન થયા હતા. આ પદયાત્રા આમ તો આત્મ નિર્ભર ભારત અને સ્વદેશી અપનાવવાના નારા સ્વરૂપ છે, પરંતુ આગામી સમયમાં ગુજરાતમાં વિધાનસભા અને કોર્પોરેશનની ચૂંટણી આવી રહી છે. ત્યારે પાટીદાર સમાજ અને ખોડલધામની એકતા બતાવવાના ભાગરૂપે પદયાત્રા નિકળી હોય તેવું લાગી રહ્યું છે. ખોડલધામ ખાતે 28મી ડિસેમ્બરના પૂર્ણાહુતિ થનારી પદયાત્રામાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા ઉપસ્થિત રહેશે. જેમાં ખોડલધામના ચેરમેન નરેશ પટેલ ઉદ્ઘાટક તરીકે છે.

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે યોજાનારી 'સરદાર@150 સ્વદેશી પદયાત્રા - 2025'ના આયોજક એવા ભાજપના ધારાસભ્ય રમેશ ટીલાળાએ જણાવ્યું હતું કે, સરદાર પટેલની 150મી જન્મ જયંતીના ભાગરૂપે શહેરના સ્વામિનારાયણ ગુરુકુળથી ખોડલધામ સુધીની સરદાર પટેલ સ્વદેશી પદયાત્રાનો પ્રારંભ થયો છે. જે પદયાત્રા આજે 26 ડિસેમ્બરના શાપર વેરાવળ પહોંચશે અને ગોંડલમાં રાત્રી રોકાણ કરશે. જે બાદ 27મી ડિસેમ્બરના સવારે આ પદયાત્રા ગોંડલથી નીકળી કાગવડ પહોંચશે. જે બાદ 28મી ડિસેમ્બરના આ યાત્રા ખોડલધામ પહોંચશે. જે દરમિયાન અલગ અલગ સમાજના લોકો અલગ અલગ પહેરવેશમાં સજ્જ થઈ આવશે.

સરદાર પટેલની આ પદયાત્રા દરમિયાન સરદાર પટેલના જીવનપ્રસંગો અને તેમના પ્રેરણાદાયી વિચારો જનસામાન્ય સુધી પહોંચે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ પદયાત્રાનું વિશેષ આકર્ષણ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા સાથેનો તૈયાર કરાયેલ સ્વદેશી રથ (ટેબ્લો) હતો. જે પદયાત્રા સાથે જોડાયો હતો.

આ સ્વદેશી રથમાં ભારતની આત્મનિર્ભર શક્તિ દર્શાવતા વિવિધ ક્ષેત્રોના સ્વદેશી ઉત્પાદનોની પ્રતિકૃતિ પ્રદર્શન રૂપે રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં ખેતીવાડીના સ્વદેશી ઓજારો, CNC મશીનો, બેરિંગ્સ, એરોનોટિકલ પાર્ટ્સ, પવનચક્કી, સોલાર પ્લેટ્સ, વિવિધ પ્રકારના ગિયર્સ, મીની ટ્રેક્ટર્સ, ઓટોમોબાઈલ પાર્ટ્સ, કાસ્ટિંગ તથા ફાઉન્ડ્રી પાર્ટ્સ, ફૂડ પ્રોસેસિંગ યુનિટ્સ, પોલીકાર્બોનેટ શીટ્સ સહિત અનેક સ્વદેશી ઉત્પાદનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ રથ દ્વારા 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ની વિચારધારાને દૃશ્યરૂપે લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

26 ડિસેમ્બરના રોજ સવારે 7 વાગ્યે શહેરના ગોંડલ રોડ ઉપર સ્થિત સ્વામિનારાયણ ગુરુકુલથી પદયાત્રા પ્રસંગે મુજકા સ્થિત આર્ષ વિદ્યામંદિરના સ્વામી પરમાત્માનંદ સરસ્વતી ઉપરાંત સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ- સંતો, મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ, શહેર ભાજપ પ્રમુખ માધવ દવે, અગ્રણી ઉદ્યોગપતિ મૌલેશ ઉકાણી ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશ દોશી ઉપરાંત આપાગીગાના ઓટલાના મહંત નરેન્દ્ર બાપુ લાંબા સમય બાદ સ્ટેજ પર દેખાયા હતા.

આ પદયાત્રાનું તા. 28 ડિસેમ્બરના ખોડલધામ ખાતે દિવ્ય ધ્વજારોહણ સાથે ભવ્ય સમાપન થશે. જેમાં કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા અધ્યક્ષસ્થાને તો નરેશ પટેલ ઉદ્ઘાટક તરીકે ઉપસ્થિત રહેશે.

# ટીચર બનવાનું સપનું અધૂરું રહેતા 14મા માળેથી છલાંગ : 2 વર્ષના માસૂમને નીચે ફેંકી પોતે પણ કૂદી ગઈ



સુરત, તા.26

સુરતના આઝાદનગરની રહેવાસી જાહેદા માટે શિક્ષક બનવું એ માત્ર એક નોકરી નહીં, પણ તેના જીવનનું સૌથી મોટું સપનું હતું. ધોરણ 12 પાસ કર્યા બાદ તેણે પૂરા ઉત્સાહ સાથે ટીચિંગનો ડિપ્લોમા કોર્સ પૂર્ણ કર્યો હતો. જેથી તે સમાજમાં એક આદરણીય શિક્ષિકા તરીકે ઓળખ બનાવી શકે. જોકે, આ જ સપનું તેની જિંદગી માટે જીવલેણ સાબિત થશે તેવી કોઈને કલ્પના નહોતી. શિક્ષક બનવા માટેની અનિવાર્ય એવી TET પરીક્ષા તેના માટે જીવન-મરણનો પ્રશ્ન બની ગઈ હતી.

સુરતના અલથાણ વિસ્તારમાં આવેલા આવાસમાં 25 ડિસેમ્બરે એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી હતી, જેમાં એક માતાએ પોતાના માસૂમ પુત્ર સાથે બિલ્ડિંગના 14મા માળેથી નીચે પડતું મૂકી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. બિલ્ડિંગની ઊંચાઈએથી પટકાવાને કારણે ગંભીર ઈજાઓ થતાં માસૂમ દીકરાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે માતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેનું પણ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

સુરતના આઝાદનગરમાં રહેતી જાહેદાએ તેના બે વર્ષના પુત્ર સાથે મોતની છલાંગ લગાવી તે પાછળનું મુખ્ય કારણ શિક્ષક ન બની શકવાનો વસવસો હતો. આ હૃદયદ્રાવક ઘટના બાદ તેના સંબંધી મોહમ્મદ શિરજુદુલે મીડિયા સમક્ષ ભાવુક થઈને જણાવ્યું હતું કે, 'તે બિહારથી જ ખૂબ મોટા સપના લઈને આવી હતી. તેણે ધોરણ 12 પછી ટીચિંગમાં ડિપ્લોમા કર્યું હતું કારણ કે તેને શિક્ષક બનવું હતું, પરંતુ બિહારમાં બે વખત TETની પરીક્ષા આપ્યા છતાં તે પાસ થઈ શકી નહોતી, જેના કારણે તે અંદરથી તૂટી ગઈ હતી.'

શિરજુદુલે વધુમાં ઉમેર્યું કે, જાહેદાના ડિપ્રેશનનું એક મોટું કારણ સામાજિક સરખામણી હતી. તેની સાથે ભણનારા જેટલા પણ સાથીદારો હતા, તેઓ TETની એક્ઝામ પાસ કરી ચૂક્યા હતા. પોતાના સાથીઓને સફળ થતા જોઈ તે વધારે ડિપ્રેશનમાં આવી ગઈ હતી. જ્યારે પોતાની આસપાસના લોકો આગળ વધી જાય અને પોતે મહેનત કરવા છતાં નિષ્ફળ રહે, ત્યારે તે માનસિક વેદના જાહેદા માટે અસહ્ય બની ગઈ હતી. આ સરખામણી તેને સતત પોતાની નજરમાં નાની પાડી રહી હતી. જાહેદાએ શિક્ષિકા બનવાના પોતાના ધ્યેયને વળગી રહીને બિહારમાં બે વખત TETની પરીક્ષા આપી હતી. ખૂબ જ મહેનત કરવા છતાં જ્યારે બંને વખત પરિણામ નકારાત્મક આવ્યું, ત્યારે તેના આત્મવિશ્વાસને ઊંડો આઘાત લાગ્યો હતો. એક તેજસ્વી કારકિર્દી બનાવવાની તેની મહેચ્છા પરીક્ષાના પરિણામોમાં ગુંચવાઈ ગઈ હતી. નિષ્ફળતાના આ ભાર નીચે તે ધીમે-ધીમે ડિપ્રેશનમાં ધકેલાતી ગઈ, અને તેના મનમાં એ વાત ઘર કરી ગઈ કે તે ક્યારેય શિક્ષક નહીં બની શકે.

# સુરતમાં બાળકને કાખમાં તેડી મહિલાની દારૂના અડ્ડા પર રેડ

## બૂટલેગરે પૂછ્યું, તમને શું નડે છે? ને પિત્તો ગયો, ટબમાં ભરેલી દારૂની પોટલીઓ ઊંચકીને બહાર ફેંકી દીધી



સુરત, તા.26

સુરતના પાલનપુર ગામમાં દારૂના દૂષણ અને અસામાજિક તત્ત્વોના ત્રાસથી કંટાળેલી મહિલાઓએ પોલીસની રાહ જોયા વગર જાતે જ મેદાનમાં ઊતરી 'જનતા રેડ' કરી બૂટલેગરોના શ્વાસ અધ્ધર કરી દીધા હતા. મહાદેવ ફળિયામાં રહેણાક વિસ્તારમાં ચાલતા દેશી દારૂના અડ્ડાને કારણે યુવતીઓની સુરક્ષા જોખમાતી હોવાથી મહિલાઓ રણચંડી બની ત્રાટકી હતી.

બૂટલેગરે જ્યારે 'તમને શું નડે છે?' કહી ઉદ્ધતાઈ કરી ત્યારે ઉશ્કેરાયેલી મહિલાઓએ દારૂની પોટલીઓ રસ્તા પર ફેંકી દઈ અડ્ડાનો સોથ વાળી દીધો હતો. કાખમાં માસૂમ બાળકને તેડીને પણ મહિલા આ સાહસિક અભિયાનમાં જોડાઈ હતી, જેના પગલે પાલ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને સ્થાનિકોએ તંત્રની નિષ્ક્રિયતા સામે ભારે રોષ ઠાલવ્યો હતો.

પાલનપુર ગામના મહાદેવ ફળિયામાં છેલ્લા ઘણા સમયથી દેશી દારૂનું વેચાણ પુરજોશમાં ચાલતું હતું. દારૂ પીવા આવતાં અસામાજિક તત્ત્વોને કારણે વિસ્તારની મહિલાઓ અને કોલેજ જતી યુવતીઓ ભારે પરેશાની ભોગવી રહી હતી. દારૂડિયાઓ દ્વારા કરવામાં આવતી હેરાનગતિને લઈને સ્થાનિકોમાં લાંબા સમયથી રોષ ભભૂકી રહ્યો હતો.

જ્યારે મહિલાઓ આ અડ્ડો બંધ કરાવવા માટે સમજાવવા ગઈ ત્યારે બૂટલેગરે ઉદ્ધતાઈ બતાવતાં કહ્યું, 'અહીં દારૂ વેચાય તો તમને શું પ્રોબ્લેમ છે? તમને શું નડે છે?' આ સાંભળતાં જ મહિલાઓનો સંયમ તૂટ્યો હતો. અચાનક જ મહિલાઓનું ટોળું અડ્ડાની અંદર ઘૂસી ગયું હતું અને સાહસ બતાવી જનતા રેડ કરી હતી.

રાત્રિના અંધારામાં જ્યારે ગ્રાહકોની અવરજવર ચાલુ હતી ત્યારે મહિલાઓએ અડ્ડા પર હુમલો કર્યો હતો. એક મહિલાએ ગુસ્સામાં આવીને ટબમાં ભરેલી દારૂની પોટલીઓ ઊંચકીને ફેંકી દીધી હતી અને દારૂનો નાશ કર્યો હતો. મહિલાઓના આ આક્રમક તેવર જોઈને દારૂ વેચનારાઓ અને પીનારાઓમાં નાસભાગ મચી ગઈ હતી.

આ જનતા રેડનું સૌથી આશ્ચર્યજનક અને પ્રેરણાદાયી દૃશ્ય એ હતું કે એક મહિલા પોતાના નાના માસૂમ બાળકને તેડીને પણ આ સાહસિક અભિયાનમાં જોડાઈ હતી. આ દૃશ્ય દર્શાવતું હતું કે મહિલાઓ પોતાના પરિવાર અને સંતાનોના ભવિષ્યને બચાવવા કેટલી હદે મક્કમ છે. જ્યારે મહિલાઓનું ટોળું અડ્ડા પર પહોંચ્યું ત્યારે ત્યાં રાત્રિના અંધારામાં દેશી દારૂનું વેચાણ પુરજોશમાં ચાલી રહ્યું હતું.

જનતા રેડ બાદ પાલ પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. આ સમયે સ્થાનિકોએ પોલીસ સામે પોતાનો રોષ ઠાલવતાં કહ્યું હતું કે 'અમે ઘણા સમયથી આ બાબતે લેખિત અને મૌખિક ફરિયાદો કરી રહ્યા છીએ, પરંતુ તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવાયાં નહોતાં, જેના કારણે અમે જ જનતા રેડ કરી છે.

# પીઆઇ વસાવાના નામે વડોદરાના વેપારી લાંચ લેતા ઝડપાયો : અમદાવાદ ACBએ 2.50 લાખની લાંચ લેતા રંગેહાથ દબોચ્યો



વડોદરા, તા.26

વડોદરા શહેરના વારસીયા પોલીસ સ્ટેશનના પીઆઇ વસાવાના નામે રૂપિયા 2.50 લાખની લાંચ લેતા વડોદરાના વેપારીને અમદાવાદ એસીબીએ વડોદરા એસીબીને સાથે રાખી રંગેહાથ ઝડપી પાડી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે એક જાગૃત જમીન માલિકની વારસિયા વિસ્તારમાં આવેલી સર્વે નંબર 329ની જમીન પર અજાણ્યા બિલ્ડર દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવી રહ્યું છે. જમીન માલિકે આ અંગે વારસીયા પોલીસ સ્ટેશનમાં અનેક વખત અરજીઓ કરી હતી. પરંતુ પોલીસ દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવતી ન હતી.આ અરજીઓના આધારે ફરિયાદ દાખલ કરવા બાબતે આરોપી વેપારી સુરેશભાઈ રામચંદ તોલાણી (રહે. બી/40, ગોકુલનગર સિદ્ધિ સોસાયટી, મકરપુરા રોડ, વડોદરા) દ્વારા ફરિયાદી પાસેથી લાંચની માગણી કરવામાં આવી હતી.

આરોપી વેપારીએ આ ફરિયાદ દાખલ કરાવવા માટે વારસીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વસાવાના નામે જમીન માલિક પાસે રૂપિયા 5 લાખની લાંચની માગણી કરાઈ હતી. ફરિયાદ દાખલ કરતા પહેલા રૂપિયા 2,50,000 અને ફરિયાદ દાખલ થયા બાદ બાકીના રૂપિયા 2,50,000 આપવાની શરત મુકવામાં આવી હતી.

આ લાંચની માગણીથી કંટાળી ફરિયાદીએ એ.સી.બી.નો સંપર્ક કર્યો હતો. એ.સી.બી. દ્વારા પૂર્વ આયોજન મુજબ ટ્રેપ ગોઠવવામાં આવી હતી. દરમિયાન, આરોપી દ્વારા ફરિયાદી સાથે લાંચ બાબતે હેતુલક્ષી વાતચીત કરી, ચોખંડી વિસ્તારમાં આવેલી અનુભવ એન્ટરપ્રાઈઝ નામની દુકાનમાં રૂપિયા 2.50 લાખની લાંચ લેતા અમદાવાદ એ.સી.બી. ટીમે તેને રંગેહાથ પકડી લીધો હતો. આ સમગ્ર કાર્યવાહી એ.સી.બી. અમદાવાદ શહેરના પી.આઇ. વી.ડી. ચૌધરી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

આ કાર્યવાહી અંગે વારસિયા પોલીસ મથકના પી આઈ એસ એમ વસાવાએ જણાવ્યું હતું કે, હું આ લાંચ માંગનાર વ્યક્તિને ઓળખતો નથી. આ મારા નામે લાંચ માંગી જે તે મને જાણ થઈ. આ બાબતમાં હું કઈ જાણતો નથી અને હું મારી ફરજ પર હાજર છું

# 'યુવતીએ પોલીસને નિવેદન આપ્યું તો કોર્ટમાં કેમ હાજર કરાઈ નથી?':સર્ચ વોરંટની અરજી, નોટિસ છતાં કોર્ટમાં આરોપીઓ ગેરહાજર



ભાવનગર, તા.26

બોટાદના ગઢડા તાલુકાના રસનાળ ગામના યુવક યશ ઉપાધ્યાય અને ભાવનગરની પ્રિયા મોરડિયાના પ્રેમલગ્ન બાદ સર્જાયેલા વિવાદે હવે કાયદાકીય વળાંક લીધો છે. પત્નીનો કબજો મેળવવા માટે પતિ દ્વારા કરવામાં આવેલી 'સર્ચ વોરંટ'ની અરજી છતાં, નિર્ધારિત સમય સુધી પત્ની કે તેના પરિવારજનો કોર્ટમાં હાજર ન રહેતા મામલો ગરમાયો છે. યુવકે કહ્યું, મારો પ્રશ્ન એ છે કે જો યુવતી ગઈકાલે રાત્રે 11:30 વાગ્યે પોલીસ સ્ટેશન જઈને નિવેદન આપી શકતી હોય, તો આજે કોર્ટના સર્ચ વોરંટ હોવા છતાં તેને કોર્ટમાં કેમ હાજર કરવામાં નથી આવતી ?

ભાવનગરના નિલમબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રેમ લગ્ન કરનાર એક બ્રાહ્મણ યુવક અને તેના માતા-પિતા પર યુવતીના પક્ષ દ્વારા હુમલો કરી, યુવતીનું બળજબરીપૂર્વક અપહરણ કરવામાં આવ્યું હોવાની ઘટના સામે આવી હતી. ત્યારબાજ યુવતીએ પોલીસવે કહ્યું હતું કે, મારુ અપહરણ થયું નથી, જમવા સમયે પિતા અને સાસરી પક્ષ વચ્ચે થયેલા ઝઘડા અને બોલાચાલીથી કંટાળીને હું સ્વખુશીથી ગાડીમાં બેસીને ગઈ હતી. કોર્ટે સર્ચ વોરંટ જાહેર કર્યું હોવા છતાં, પોલીસ હજુ સુધી યુવતીને કોર્ટ સમક્ષ હાજર ન કરી શકતા બ્રહ્મ સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ગઢડા તાલુકાના રસનાળ ગામના વતની યશ હિતેશભાઈ ઉપાધ્યાયે ભાવનગરની પ્રિયા મોરડિયા સાથે પ્રેમ લગ્ન કર્યા હતા, યશએ જણાવ્યું હતું કે, સમાધાનના બહાને સાસરી પક્ષે તેમને ભાવનગર બોલાવ્યા હતા, જ્યાં પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે યશ અને તેના માતા-પિતા પર પાઈપ જેવા હથિયારો વડે ગંભીર હુમલો કરવામાં આવ્યો હતો આ હુમલા બાદ પ્રિયાને મોઢામાં ડૂચો દઈ, નંબર પ્લેટ વગરની ગાડીમાં ટીંગાટોળી કરી તેનું અપહરણ કરી લેવામાં આવ્યું હતું. યશ હિતેશભાઈ ઉપાધ્યાયએ નિવેદન આપતાં જણાવ્યું હતું કે, હું અને મારા પરિવારના સભ્યો મારા સસરાના ઘરે ગયા હતા, ત્યાં પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે મારા સસરા, સાસુ તથા અન્ય સગા-વહાલાઓ અને બહારથી બોલાવેલા અજાણ્યા શખ્સોએ મળીને અમારી સાથે મારપીટ કરી હતી, મારી પત્નીને પરાણે રોકવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. પરંતુ તે મારી પત્ની સાથે આવવા માંગતી હતી, જ્યારે તે અમને બચાવવા વચ્ચે આવી, ત્યારે મારા મમ્મી-પપ્પા અને મારી પત્ની પર પાઈપ વડે હુમલો કરવામાં આવ્યો હતો.

# સુરતના લાંચિયા ફાયર ઓફિસરના એક દિવસના રિમાન્ડ મંજૂર : ઈશ્વર પટેલે 6 મહિનામાં ઇન્ચાર્જ પદેથી આપેલી તમામ ફાયર NOCની તપાસ કરાશે....

સુરત, તા.26

સુરત ફાયર વિભાગમાં ડિવિઝનલ ઓફિસર તરીકે છેલ્લા છ મહિનાથી ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતા ઈશ્વર પટેલ સામે એન્ટી કરપ્શન બ્યુરોએ હવે ગાળિયો મજબૂત કર્યો છે. હોટલ માલિક પાસે એક લાખની લાંચ લેતા ઝડપાયેલા ઈશ્વર પટેલના રિમાન્ડ મંજૂર થતા જ હવે તેના 6 મહિનાના કાર્યકાળ દરમિયાન લેવાયેલા તમામ નિર્ણયોની તપાસ શરૂ કરવામાં આવી છે. શહેરમાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (ACB) એ મોટી કાર્યવાહી કરતા સુરત મહાનગરપાલિકાના ડિવિઝનલ ફાયર ઓફિસર ઈશ્વર પટેલ અને ઉધના મામલતદાર કચેરીના સર્કલ ઓફિસર કૃષ્ણકુમાર ડાભીની લાંચ લેતા ધરપકડ કરી છે. આજે બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં કોર્ટે બંનેના એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. ઈશ્વર પટેલ પાસે છેલ્લા છ મહિનાથી ફાયર NOC આપવાની મહત્વની જવાબદારી હતી. એસીબી હવે નીચે મુજબના પાસાઓ પર તપાસ કેન્દ્રિત કરી રહી છે. છેલ્લા 180 દિવસમાં તેમણે કુલ કેટલી નવી એનઓસી આપી અને કેટલી રિન્યુ કરી તેની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. જાણીજોઈને કેટલી અરજીઓ અટકાવી રાખવામાં આવી હતી? લાંચ માટે અરજદારોને કેટલો સમય ધક્કા ખવડાવવામાં આવતા હતા તેની વિગતો મેળવાશે. હોટલ માલિકે નિયમ મુજબ 51,000 ઓનલાઈન ભરી દીધા હોવા છતાં, પટેલે કચેરીમાં બોલાવીને વધારાના 1 લાખ માંગ્યા હતા. શું અન્ય કિસ્સાઓમાં પણ આ જ રીતે 'વધારાનો વહીવટ' કરવામાં આવ્યો છે? કોર્ટે ઈશ્વર પટેલના એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે, જેમાં પોલીસ મુખ્યત્વે આ બાબતો પર ભાર મૂકશે. ઉપરી અધિકારીઓની ભૂમિકા: આરોપીએ કબૂલાત કરી છે કે લાંચનો હિસ્સો ઉપર સુધી જવાનો હતો. આ 'ઉપરના અધિકારીઓ' કોણ છે? કાયદેસર ફી છતાં ઉઘરાણી: જ્યારે સરકારી ફી ઓનલાઈન ભરાઈ જતી હોય, ત્યારે કયા બહાને તે રકમ રોકડમાં માંગતા હતા? ડિજિટલ પુરાવા: તેમના મોબાઈલ કોલ ડિટેલ્સ અને વોટ્સએપ ચેટ દ્વારા અન્ય કયા એજન્ટો કે વચેટીયાઓ સાથે સંપર્કમાં હતા તેની તપાસ કરવામાં આવશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮


## મ્યાનમારથી વેનેઝુએલા સુધી અમેરિકા દુનિયાભરમાં દખલ દઈ રહ્યું છે : ક્યાંક રાષ્ટ્રપતિને હટાવવા માટે યુદ્ધ જહાજો તહેનાત કર્યાં, તો ક્યાંક 50% ટેરિફ લગાવ્યો

**વોશિંગ્ટન, તા.26**

અમેરિકા હાલના વર્ષોમાં ઘણા દેશોની ચૂંટણીઓ અને સત્તામાં સીધી દખલગિરી કરતું જોવા મળી રહ્યું છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વમાં અમેરિકા ક્યાંક પોતાના મનપસંદ નેતાઓને જીતાડવાનો પ્રયાસ કરી રહ્યું છે, તો ક્યાંક સરકારોને પાડવા માટે સૈન્ય અને આર્થિક શક્તિનો ઉપયોગ કરી રહ્યું છે. આ માટે તે અલગ-અલગ યુક્તિઓ પણ અપનાવી રહ્યું છે. ટ્રમ્પ સરકારે અન્ય દેશો પર દબાણ બનાવવા માટે ક્યાંક યુદ્ધ જહાજો તહેનાત કર્યા છે, તો ક્યાંક ભારે ટેરિફની મદદ લીધી છે.

વેનેઝુએલામાં ટ્રમ્પ લાંબા સમયથી રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને હટાવવાનો પ્રયાસ કરતા રહ્યા છે. 2019માં તેમણે વિપક્ષી નેતા જુઆન ગુઆઈદોને વચગાળાના રાષ્ટ્રપતિ માન્યા હતા.

હવે ફરીથી રાષ્ટ્રપતિ બન્યા પછી ટ્રમ્પે માદુરો પર અમેરિકામાં ડ્રગ્સ મોકલવાનો આરોપ લગાવીને વેનેઝુએલા પાસે અમેરિકી યુદ્ધ જહાજો તહેનાત કરી દીધા. માદુરોને સત્તા પરથી હટાવવા માટે CIAને કાર્યવાહીની મંજૂરી આપવામાં આવી અને અમેરિકી સેના વેનેઝુએલાના ઓઈલ ટેન્કરો જપ્ત કરી રહી છે. બ્રાઝિલમાં ટ્રમ્પે પોતાના નજીકના મનાતા પૂર્વ રાષ્ટ્રપતિ જાયર બોલ્સોનારોના સમર્થનમાં વર્તમાન રાષ્ટ્રપતિ લુલા ડી સિલ્વા સરકાર પર 50% ટેરિફ



લગાવી દીધો. આ કોઈપણ દેશ પર લગાવવામાં આવેલો સૌથી વધુ અમેરિકન ટેરિફ હતો.

આ સાથે જ અમેરિકાએ બોલ્સોનારો વિરુદ્ધ નિર્ણય આપનારા સુપ્રીમ કોર્ટના જજ એલેક્ઝાન્ડ્રે દ મોરાઈસ પર વિઝા અને આર્થિક પ્રતિબંધો પણ લગાવી દીધા. સ્પષ્ટ સંદેશ હતો કે જો બોલ્સોનારો પર કાર્યવાહી થઈ, તો અમેરિકા દબાણ બનાવશે.

સેન્ટ્રલ અમેરિકાના દેશ હોન્ડુરાસમાં 30 નવેમ્બર 2025ના રોજ રાષ્ટ્રપતિ ચૂંટણીઓ યોજાઈ. ટ્રમ્પે ખુલ્લેઆમ નસરી અસફુરાનું સમર્થન કર્યું અને ચેતવણી આપી કે જો તેમનો ઉમેદવાર નહીં જીતે, તો અમેરિકાથી મળતી આર્થિક મદદ પર અસર પડશે.


ચૂંટણીઓ ખૂબ જ નજીકની રહી. મતગણતરીમાં વિલંબ, ટેક્નિકલી ખામીઓ અને ગેરરીતિના આરોપો વચ્ચે અસફુરાને વિજેતા જાહેર કરવામાં આવ્યા. વિપક્ષે પરિણામો સ્વીકારવાનો ઈનકાર કર્યો, પરંતુ અમેરિકાના દબાણને આ જીત સાથે જોડીને જોવામાં આવી રહ્યું છે.

ચૂંટણી દરમિયાન જ ટ્રમ્પે હોન્ડુરાસના પૂર્વ રાષ્ટ્રપતિ જુઆન ઓરલાન્ડો હર્નાન્ડેઝની સજા માફ કરી દીધી. તેમના પર અમેરિકામાં ડ્રગ્સની તસ્કરીનો મોટો આરોપ હતો અને તેઓ પણ અસફુરાની પાર્ટી સાથે જોડાયેલા રહ્યા છે. આને ટ્રમ્પની રાજકીય ચાલ માનવામાં આવી. આર્જેન્ટિનામાં 26 ઓક્ટોબર 2025ના રોજ સંસદીય ચૂંટણી પહેલાં ટ્રમ્પે રાષ્ટ્રપતિ જેવિયર મિલેઈને કહ્યું કે જો તેઓ હારશે, તો અમેરિકા આર્જેન્ટિના સાથે સખ્તાઈથી વર્તશે. આ નિવેદનથી બજારમાં ગભરાટ ફેલાયો અને રાજકારણ વધુ વહેંચાઈ ગયું. આખરે ચૂંટણીમાં મિલેઈની પાર્ટી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી. આને પણ ટ્રમ્પના દબાણ સાથે જોડીને જોવામાં આવ્યું.

## બાંગ્લાદેશી હિંદુ યુવકની હત્યા કેસમાં વધુ 6ની ધરપકડ : અત્યાર સુધીમાં 18ની અટકાયત, ટોળાએ માર મારીને હત્યા કરી, પછી ઝાડ પર લટકાવીને સળગાવ્યો હતો

**ઢાકા, તા.26**

બાંગ્લાદેશમાં દીપુ ચંદ્ર દાસની નિર્દયતાથી કરવામાં આવેલી હત્યાના કેસમાં પોલીસે વધુ છ લોકોની ધરપકડ કરી છે. આ ધરપકડ મયમનસિંહ જિલ્લાના ભાલુકા વિસ્તારમાં દરોડા દરમિયાન થઈ હતી. ઢાકા ટ્રિબ્યુનના રિપોર્ટ અનુસાર, આ લોકો પર આરોપ છે કે તેઓ દીપુ દાસ પર પોતાની નોકરી છોડવા માટે દબાણ કરી રહ્યા હતા. આ કેસમાં અત્યાર સુધીમાં કુલ 18 લોકોની અટકાયત કરવામાં આવી છે. દીપુ ચંદ્ર દાસની 18 ડિસેમ્બરે ભીડે માર મારીને હત્યા કરી દીધી હતી. ત્યારબાદ હુમલાખોરોએ તેમને એક ઝાડ સાથે બાંધીને આગ પણ લગાડી દીધી હતી. આ ઘટના બાદ લઘુમતી હિંદુ સમુદાયે મોટા પાયે વિરોધ પ્રદર્શન કર્યું હતું.



આ ઘટનાના વિરોધમાં હિંદુ સંગઠન નેશનલ હિંદુ મહાજોતે ઢાકાના નેશનલ પ્રેસ ક્લબ ખાતે પ્રદર્શન કર્યું. પ્રદર્શનકારીઓએ દીપુ દાસની હત્યાની નિંદા કરી અને માગ કરી કે દોષિતોને કડક સજા કરવામાં આવે. તેમણે એમ પણ કહ્યું કે બાંગ્લાદેશમાં લઘુમતી હિંદુઓ પર હુમલા વધી રહ્યા છે અને સરકારે તેમની સુરક્ષા માટે નક્કર પગલા ભરવા જોઈએ.


બાંગ્લાદેશમાં વધતી હિંસાને લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. વિશ્વ હિંદુ પરિષદના નેતા વિનોદ બંસલે કહ્યું છે કે ચૂંટણી પહેલા થઈ રહેલી આ હિંસા સમગ્ર વિશ્વ માટે ચેતવણી છે અને સંયુક્ત રાષ્ટ્ર (UN) એ તેમાં તાત્કાલિક હસ્તક્ષેપ કરવો જોઈએ. તેમણે સવાલ ઉઠાવ્યો કે આંતરરાષ્ટ્રીય માનવાધિકાર સંસ્થાઓ આ મામલે કેમ મૌન છે.

આ પહેલા UN મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે નિવેદન જાહેર કરીને બાંગ્લાદેશના લોકોને અપીલ કરી હતી કે તેઓ હિંસાથી દૂર રહે, તણાવ ઓછો કરે અને શાંતિ જાળવી રાખે જેથી ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં થઈ શકે. UN માનવાધિકાર પ્રમુખ વોલ્કર ટર્કે પણ કહ્યું કે બદલો અને હિંસાથી પરિસ્થિતિ વધુ બગડશે અને જરૂરી છે કે લોકોને ડર વિના પોતાની વાત રજૂ કરવા અને સાર્વજનિક જીવનમાં ભાગ લેવાની તક મળે.

## અમેરિકાની નાઈજીરિયામાં ISISનાં ઠેકાણાં પર એરસ્ટ્રાઈક

**વોશિંગ્ટન, તા.26**

અમેરિકાએ ગુરુવાર રાત્રે નાઈજીરિયામાં આતંકી સંગઠન ISISનાં ઠેકાણાં પર એરસ્ટ્રાઈક કરી હતી. રાષ્ટ્રપતિ ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ જાણકારી આપી. ટ્રમ્પનો આરોપ છે કે અહીં ISIS ખ્રિસ્તીઓને નિશાન બનાવીને નિર્દયતાથી તેમની હત્યા કરી રહ્યું છે. તેમણે ISISના આતંકીઓને 'આતંકી કચરો' ગણાવતાં લખ્યું કે આ સંગઠન લાંબા સમયથી નિર્દોષ ખ્રિસ્તીઓની હત્યા કરી રહ્યું છે. ટ્રમ્પના જણાવ્યા અનુસાર, આ ઓપરેશનમાં અમેરિકી સેનાએ ઘણી સચોટ (પર્ફેક્ટ) સ્ટ્રાઈક કરી છે. અમેરિકી રાષ્ટ્રપતિએ સ્પષ્ટ કર્યું કે અમેરિકા 'કટ્ટર ઈસ્લામી આતંકવાદને પાંગરવા નહીં દે.' પોસ્ટના અંતમાં ટ્રમ્પે સેનાને ક્રિસમસની શુભેચ્છાઓ



આપી અને કહ્યું કે જો ખ્રિસ્તીઓની હત્યાઓ ચાલુ રહેશે, તો આગળ વધુ આતંકીઓ માર્યા જશે.

અમેરિકી રાષ્ટ્રપતિએ સ્પષ્ટ કર્યું છે કે તેમના નેતૃત્વમાં અમેરિકા 'કટ્ટર ઈસ્લામી આતંકવાદને ફેલાવા દેશે નહીં.' પોસ્ટના અંતમાં ટ્રમ્પે સેનાને આશીર્વાદ આપતાં ક્રિસમસની શુભેચ્છાઓ પાઠવી અને કહ્યું કે જો ખ્રિસ્તીઓની હત્યાઓ ચાલુ રહેશે તો આગળ વધુ આતંકવાદીઓ માર્યા જશે.

ઈન્ટરનેશનલ સોસાયટી ફોર સિવિલ લિબર્ટીઝ એન્ડ ધ રૂલ ઓફ લોના એક રિપોર્ટ અનુસાર, નાઈજીરિયામાં જાન્યુઆરીથી 10 ઓગસ્ટ સુધી ધાર્મિક હિંસા વધવાને કારણે 7,000થી વધુ ખ્રિસ્તીઓની હત્યા કરી દેવામાં આવી છે. આ હત્યાઓ પાછળ બોકો હરમ અને ચર ચરમપંથી ફુલાની જેવાં આતંકવાદી સંગઠનો જવાબદાર છે.

ટ્રમ્પે 2 નવેમ્બરે નાઈજીરિયાને કડક ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે જો નાઈજીરિયામાં ખ્રિસ્તીઓની હત્યા અને હુમલા બંધ નહીં થાય તો અમેરિકા તરત જ નાઈજીરિયન સરકારને આપવામાં આવતી તમામ આર્થિક અને સૈન્ય સહાય રોકી દેશે. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર લખ્યું હતું કે જો જરૂર પડી તો અમેરિકા 'બંદૂક સાથે' નાઈજીરિયામાં કાર્યવાહી કરશે અને તે આતંકવાદીઓને ખતમ કરશે.

## પાકિસ્તાનનાપરમાણુહથિયારોદુનિયામાટેજોખમ:દસ્તાવેજોથી ખુલાસો- પુતિને 24 વર્ષ પહેલા જ્યોર્જ બુશને સતર્ક કર્યા હતા....

**નવી દિલ્હી, તા.26**


રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને વર્ષ 2001માં અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપતિ જ્યોર્જ ડબલ્યુ બુશ સાથે તેમની પ્રથમ મુલાકાત દરમિયાન પાકિસ્તાનને લઈને ચિંતા વ્યક્ત કરી હતી. પુતિને કહ્યું હતું કે પાકિસ્તાન ખરેખર એક સૈન્ય શાસન એટલે કે જુન્ટા છે, જેની પાસે પરમાણુ હથિયારો છે. આ કોઈ લોકતાંત્રિક દેશ નથી.

પુતિન અનુસાર, આમ છતાં પશ્ચિમી દેશો પાકિસ્તાનની ટીકા કરતા નથી, જે ચિંતાનો વિષય છે. તેમણે કહ્યું હતું કે આ મુદ્દે ખુલ્લી ચર્ચા થવી જોઈએ.

બંને નેતાઓ પાકિસ્તાનની આંતરિક પરિસ્થિતિ, રાજકીય અસ્થિરતા અને પરમાણુ કમાન્ડ સિસ્ટમને લઈને ચિંતિત હતા. તેમને ડર હતો કે જો પરિસ્થિતિ બગડે તો પરમાણુ ટેકનોલોજી ખોટા હાથમાં જઈ શકે છે.

આ માહિતી બંને વચ્ચે 2001 થી 2008 દરમિયાન થયેલી વાતચીતના ડીક્લાસિફાઈડ દસ્તાવેજો સામે આવ્યા છે. આ દસ્તાવેજો અમેરિકાની નેશનલ સિક્યુરિટી આર્કાઈવ દ્વારા માહિતી અધિકાર કાયદા હેઠળ જાહેર કરવામાં આવ્યા છે.

આ વાતચીત એવા સમયે થઈ હતી જ્યારે દુનિયામાં આતંકવાદ અને દક્ષિણ એશિયાની સુરક્ષાને



લઈને સ્થિતિ ઘણી સંવેદનશીલ હતી. પુતિનનું માનવું હતું કે પરમાણુ હથિયારોથી સજ્જ કોઈ બિન-લોકતાંત્રિક દેશનું હોવું વૈશ્વિક સુરક્ષા માટે જોખમી બની શકે છે.

વાતચીતમાં પાકિસ્તાનના 'એક્યુ ખાન નેટવર્ક', ઈરાન અને ઉત્તર કોરિયા સુધી પરમાણુ ટેકનોલોજી પહોંચવાના ખતરા અને પાકિસ્તાનની પરમાણુ સુરક્ષા વ્યવસ્થા પર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

2001-2008ના સમયગાળામાં પાકિસ્તાનમાં સૈન્ય શાસક પરવેઝ મુશર્રફનું શાસન હતું. 9/11 પછી આતંકવાદ વિરોધી લડાઈમાં અમેરિકા અને રશિયા બંને તેનો સહયોગ લઈ રહ્યા હતા. આમ છતાં, બંને નેતાઓને પાકિસ્તાનની ન્યુક્લિયર પોલિસી અને કંટ્રોલ સિસ્ટમ પર ભરોસો નહોતો.

આ દરમિયાન અમેરિકાના પુર્વ રાષ્ટ્રપતિ જ્યોર્જ બુશે કહ્યું કે રશિયા પશ્ચિમી દેશોનો હિસ્સો છે, કોઈ દુશ્મન નથી. બંને નેતાઓએ એકબીજા પ્રત્યે સન્માન પણ વ્યક્ત કર્યું. બાદમાં બુશે એમ પણ કહ્યું હતું કે તેમણે પુતિનને નજીકથી સમજ્યા અને તેમને ભરોસાપાત્ર ગણાવ્યા.

સપ્ટેમ્બર 2005માં વ્હાઈટ હાઉસમાં યોજાયેલી બેઠક દરમિયાન વાતચીત ઈરાન અને ઉત્તર કોરિયા સુધી પરમાણુ ટેકનોલોજી પહોંચવાના મુદ્દા પર કેન્દ્રિત થઈ ગઈ. પુતિને આશંકા વ્યક્ત કરી કે ઈરાનની પરમાણુ ગતિવિધિઓમાં પાકિસ્તાનની ભૂમિકા હોઈ શકે છે. પુતિન: પરંતુ તે સ્પષ્ટ નથી કે ઈરાનની પ્રયોગશાળાઓમાં શું ચાલી રહ્યું છે અને તે ક્યાં છે. પાકિસ્તાન સાથે તેનો સહયોગ હજુ પણ ચાલુ છે.

## ટ્રમ્પ-મેલાનિયાએ બાળકો સાથે સાન્તાને કોલ કર્યો : ઈસુના જન્મસ્થળે 2 વર્ષ પછી ક્રિસમસ ઉજવાયો, યુક્રેનિયન સૈનિકોનું બોર્ડર પર સેલિબ્રેશન કર્યું













**જેરુસલેમ/વેટિકન સિટી, તા.26**

દુનિયાભરમાં લોકોએ પોતપોતાની પરંપરાગત રીતે ક્રિસમસનો તહેવાર ઉજવ્યો. ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ ઈસુ ખ્રિસ્તના જન્મ નિમિત્તે પ્રાર્થના માટે ચર્ચ પહોંચી રહ્યા છે. ઘરોથી લઈને શહેરોના મુખ્ય ચોક અને ગલીઓને શણગારવામાં આવ્યા છે.

જેરુસલેમ નજીક આવેલા ઈસુ ખ્રિસ્તના જન્મસ્થળ બેથલેહેમમાં આ વખતે પૂરા બે વર્ષ પછી ધામધૂમથી ઉત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. ચર્ચ ઓફ ધ નેટિવિટી પાસે આવેલા મેન્જર સ્ક્વેરમાં મોટું ક્રિસમસ ટ્રી લગાવવામાં આવ્યું છે. આ જ રીતે ચીન, કેન્યા, યુક્રેન અને પાકિસ્તાનમાં પણ ક્રિસમસ ઉજવવામાં આવી રહ્યો છે.

ખ્રિસ્તીઓના સર્વોચ્ચ ધર્મગુરુ 14મા પોપ લિયો મે મહિનામાં ચૂંટાયા પછી પહેલીવાર ક્રિસમસ સેલિબ્રેશનની અધ્યક્ષતા કરી રહ્યા છે. પોપે વેટિકન સિટીમાં 24 ડિસેમ્બરની રાત્રે સેન્ટ પીટર બેસિલિકા ચર્ચનો પવિત્ર દરવાજો ખોલીને ક્રિસમસના સેલિબ્રેશનની શરૂઆત કરી.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને મેલાનિયા ટ્રમ્પે ફ્લોરિડાના માર-એ-લાગોમાં બાળકો સાથે NORAD સાન્તા ક્લોઝ ટ્રેકર કોલમાં ભાગ લીધો. NORAD દર વર્ષે ક્રિસમસ ઈવ (24 ડિસેમ્બર) પર સાન્તા ક્લોઝની યાત્રાને ટ્રેક કરે છે. તેના પર લાઈવ અપડેટ્સ માટે ફોન કોલ કરી શકાય છે.

યુક્રેનની 33મી અલગ મિકેનાઈઝ્ડ બ્રિગેડના સૈન્ય પાદરી લેફ્ટનન્ટ માયકોલા બાગીરોવે 25 ડિસેમ્બરે ક્રિસમસના દિવસે ફ્રન્ટલાઈન પર સૈનિકો સાથે મુલાકાત કરી.

યુક્રેનિયન સૈનિકોએ એક જૂના તબેલામાં પ્રાર્થના સભાનું આયોજન કર્યું. આ દરમિયાન તેઓ પોતાની સાથે ક્રિસમસ સ્ટાર લઈ ગયા હતા, જે ઈસુ ખ્રિસ્તના જન્મ અને બેથલહેમના તારાનું પ્રતીક છે.

સીરિયાના દમાસ્કસમાં ક્રિસમસની સજાવટ નીચે સુરક્ષા દળોના સભ્યો પહેરો આપતા.

ક્રિસમસના અવસરે દુબઈમાં લાઈટિંગથી સાન્તા ક્લોઝનો 3D મોડેલ બનાવવામાં આવ્યો.

ગાઝા પટ્ટીમાં આવેલા લેટિન મઠના ચર્ચમાં ક્રિસમસની પૂર્વ સંધ્યાએ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું. આ સભામાં લોકોએ યુદ્ધમાંથી બહાર આવવાની હિંમત માગી.

ઈસ્લામાબાદમાં ક્રિસમસ માટે ઘણી જગ્યાએ સુંદર ક્રિસમસ ટ્રી સજાવવામાં આવ્યા છે. મુસ્લિમ બહુમતી ધરાવતા પાકિસ્તાનમાં ખ્રિસ્તી સમુદાય (લગભગ 1.5-2% વસતિ) ક્રિસમસ ધામધૂમથી ઉજવે છે. આ વર્ષે ઈસ્લામાબાદની સેરેના હોટલમાં ભવ્ય ટ્રી લાઈટિંગ સેરેમની યોજાઈ, જ્યાં કેરોલ ગાન અને પ્રાર્થના થઈ.

યુક્રેનના લવીવ શહેરના કબ્રસ્તાનમાં શહીદ થયેલા યુક્રેનિયન સૈનિકોની કબરોને ક્રિસમસના અવસરે શણગારવામાં આવી હતી.

યુક્રેનના કિવમાં માસ્ક પહેરેલા લોકો ક્રિસમસની ઉજવણી કરતા. આ લોકો ક્રિસમસના સરઘસમાં જોડાયા હતા.

ફ્લોરિડાના કોકોઆ બીચ પર 17મા વાર્ષિક સર્ફિંગ સાન્તાઝ કાર્યક્રમ દરમિયાન સાન્તા ક્લોઝનો પોશાક પહેરેલો એક સર્ફર મોજાં પર સર્ફિંગ કરી રહ્યો છે.

ટોક્યોના સનશાઈન એક્વેરિયમમાં 'પેંગ્વિન ઈન ધ સ્કાય' નામના ટાંકીની અંદર સાન્તા ક્લોઝનો પોશાક પહેરેલો એક ગોતાખોર તરી રહ્યો હતો.

ઉત્તરી આયર્લેન્ડના હેલેન બેમાં, લોકો ક્રિસમસની પૂર્વ સંધ્યાએ બેલફાસ્ટ લોફના ઠંડા પાણીમાં વાર્ષિક તૈરાકી માટે સમુદ્રમાં ઉતર્યા. આ આયોજન ડિમેન્શિયા એનઆઈ અને એર એમ્બ્યુલન્સ એનઆઈ માટે ભંડોળ એકત્ર કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવ્યું હતું.

ક્રિસમસની પૂર્વ સંધ્યાએ 24 ડિસેમ્બર, 2025ના રોજ લંડનના સ્મિથફિલ્ડ માર્કેટમાં આયોજિત વાર્ષિક માંસની હરાજી દરમિયાન ભીડમાં હાજર ખરીદનાર તરફ માંસનો એક ટુકડો ફેંકવામાં આવ્યો.

ગ્રામર્સી, લ્યુઈસિયાનામાં મિસિસિપી નદીના કિનારે ક્રિસમસની પૂર્વ સંધ્યાએ લોકો નદી કિનારે સળગતી વિવિધ અગ્નિની આસપાસ એકઠા થયા અને ઉજવણી કરી.

ઈઝરાયલી સરહદ નજીક આવેલા દક્ષિણ લેબનનના સરહદી ગામ અલમા અલ-શાબમાં બાળકો ક્રિસમસની ઉજવણી કરતા.

ખ્રિસ્તીઓના સર્વોચ્ચ ધર્મગુરુ પોપ લિયોએ 24 ડિસેમ્બરની સાંજે સેન્ટ પીટર બેસિલિકા ચર્ચમાંથી ક્રિસમસની ઉજવણીની શરૂઆત કરી. આ દરમિયાન તેઓ હાથમાં 'બેબી જીસસ'ની મૂર્તિ પકડીને ઊભા હતા. મે મહિનામાં ચૂંટાયા પછી તેઓ પ્રથમ વખત ક્રિસમસની અધ્યક્ષતા કરી રહ્યા છે.

ઈસુ ખ્રિસ્તના જન્મસ્થળ બેથલેહેમમાં 2 વર્ષ પછી ધામધૂમથી ક્રિસમસ ઉજવવામાં આવી રહ્યો છે. બેથલેહેમના જાણીતા નેટિવિટી સ્ક્વેરને શણગારવામાં આવ્યો છે.

જર્મનીના ફ્રેન્કફર્ટ સ્થિત રોમરબર્ગ સ્ક્વેર પર લોકો ક્રિસમસ ઈવના અવસરે શહેરની ઘંટડીઓનો અવાજ (બેલ રિંગિંગ) સાંભળવા એકઠા થયા.

કાશ્મીરના ગુલમર્ગમાં અનુયાયીઓએ 'સાન્તા ક્લોઝ'નો પોશાક પહેરીને ઉજવણી કરી.

ઓસ્ટ્રેલિયાના સિડની સ્થિત બોન્ડી બીચ પર લોકો 'સાન્તા ક્લોઝ'ના પોશાકમાં ફરતા જોવા મળ્યા. આ જ બીચ પર 14 ડિસેમ્બરે થયેલા ગોળીબારમાં 15 લોકોના મોત થયા હતા.

24 ડિસેમ્બરે ચીનની રાજધાની બેઈજિંગના 'ચર્ચ ઓફ ધ સેવિયર'માં પ્રાર્થના કરવામાં આવી.

પાકિસ્તાનના કરાચીમાં સેન્ટ્રલ બ્રુક્સ મેમોરિયલ ચર્ચમાં ખ્રિસ્તી સમુદાયના લોકો મિડનાઈટ માસ (મધ્યરાત્રિની પ્રાર્થના)માં જોડાયા.

24 ડિસેમ્બર 'ક્રિસમસ ઈવ' પર યુક્રેનની રાજધાની કિવમાં લોકોએ મીણબત્તીઓ પ્રગટાવી.

શ્રીલંકાના ઉસ્વેટાકેયાવા ગામના સેન્ટ મેરી ચર્ચમાં 24 ડિસેમ્બરની રાત્રે ઈસુ ખ્રિસ્તનો જન્મ થયો.

ફ્રાન્સની રાજધાની પેરિસમાં આવેલા નોટ્રે ડેમ કેથેડ્રલને ક્રિસમસ પહેલા શણગારવામાં આવ્યું છે.

## તંત્રી લેખ

# 2025નો સૌથી મોટો ફ્લોપ શો ક્રિપ્ટો કરન્સી: સરકારનો ઠીંગો

૨૦૨૫ની વિદાયની આડે હવે જ્યારે માંડ અઠવાડીયું બાકી રહ્યું છે ત્યારે આર્થિક ક્ષેત્રે સૌથી મોટા ફ્લોપ શોની યાદીમાં ક્રિપ્ટો કરન્સીનો સમાવેશ કરી શકાય છે. આખું વર્ષ ક્રિપ્ટો કરન્સીને માન્યતા મળવાની છે તેવી અફવા ચાલુ રહી હતી. ભારતમાં ક્રિપ્ટો લોબી બહુ પાવરફુલ હોવાનો દાવો કરાયો હતો, પરંતુ નાણાપ્રધાને કોઈને મચક નહોતી આપી.

ભારતમાં બિટકોઈન જેવી ક્રિપ્ટો કરન્સી ખરીદી અને વેચી શકાય છે, પણ તેને રુપિયાના બદલામાં કાયદેસર રીતે વટાવી શકાતી નથી. ભારતમાં તમે કોઈને રૂપિયાને બદલે ક્રિપ્ટો કરન્સી લેવાની ફરજ ન પાડી શકો. અનેક વગદાર લોકોની પસંદગી ક્રિપ્ટો કરન્સી રહી છે, પરંતુ ૨૦૨૫ના વર્ષના અંતે તેમને લાગ્યું છે કે સરકારે તેમની આગળ આશાનું ગાજર લટકાવી રાખ્યું હતું અને અંતે તે ચેપ્ટર જ બંધ કરી દીધું. કેટલાંક વગદાર જૂથો વતી નાણાપ્રધાન અને રિઝર્વ બેંકને ક્રિપ્ટો કરન્સીની માન્યતા બાબતે સીધા પ્રશ્નો પૂછાતા હતા, પરંતુ નાણાપ્રધાન ચોક્કસ લાઈનદોરી હેઠળ ચાલતાં હતાં.

ક્રિપ્ટો કરન્સી માટે ભારત સરકાર ગમે એટલો નનૈયો ભણે પણ ક્રિપ્ટોમાં રોકાણ કરનારા અને તેની સાથે ડીલીંગ કરનારા આશા સાથે થનગની રહ્યા હતા. અવાનનવાર ક્રિપ્ટો કરન્સીનાં કૌભાંડો અને હવાલા નેટવર્કમાં તેનો ઉપયોગ પકડાયા હોવા છતાં આજે પણ રોકાણકારોમાં તે રસનો વિષય બની રહ્યો છે. તાજેતરમાં રિઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નરે પણ કહ્યું હતું કે ક્રિપ્ટો કરન્સીના વહિવટને ગેમ્બલીંગ સાથે સરખાવી શકાય. તેમણે એમ પણ કહ્યું છે કે જે કરન્સીને રિઝર્વ બેંકની માન્યતા નથી મળી તેમાં રોકાણ કરનારાને કોઈ કાયદાકીય રક્ષણ મળવાનું નથી.

ક્રિપ્ટો કરન્સી ભારતમાં માન્ય નથી તેવી ખબર હોવા છતાં હવે મહિલાઓ પણ ક્રિપ્ટોમાં રોકાણ કરી રહી છે. આંધ્રપ્રદેશ પહેલું એવું રાજ્ય બન્યું છે કે જ્યાં પુરૂષો કરતાં મહિલાઓ ક્રિપ્ટોમાં વધુ રોકાણ કર્યું છે. સમગ્રપણે દેશમાં કુલ ક્રિપ્ટો રોકાણકારોમાં ૮૮ ટકા પુરૂષો છે જ્યારે મહિલાઓની સંખ્યા ૧૨ ટકા જેટલી છે. ૨૦૨૫માં ભલે ક્રિપ્ટોની માન્યતા અંગે અવઢવ જોવા મળી હોય, પરંતુ રોકાણકારોએ તેમાં સતત રસ બતાવ્યો હતો. એમાંય ૨૦ જાન્યુઆરીના રોજ ક્રિપ્ટોમાં વિશેષ રોકાણ જોવા મળ્યું હતું. ગઈ દિવાળીમાં ક્રિપ્ટોમાં કરાતા રોકાણમાં ૧૩ ટકાનો ઉછાળો નોંધાયો હતો. તે દર્શાવે છે કે કેટલાક લોકોએ ક્રિપ્ટોમાં રોકાણ કરવાના વિચારને અપનાવી લીધો હતો. ક્રિપ્ટો કરન્સીના રોકાણમાં ૨૬થી ૩૫ વયજૂથના રોકાણકારોએ વિશેષ રસ લે છે. ભારતીય રોકાણકારો સતત નવાં ક્ષેત્રો શોધતા હોય છે. ક્રિપ્ટોમાં રોકાણ સલામત ના હોય તો પણ તે તેમાં નાણા રોકીને તેઓ ખુદને 'રિસ્ક-ટેકર' ગણાવીને રોફથી ફરે છે.

એક ક્રિપ્ટો કૌભાંડ પકડતાં સત્તાધારીઓએ દિલ્હી, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં ૨૧ સ્થળો પર દરોડા પાડયા હતા. તપાસ સંસ્થા ઈડી દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરીંગ એક્ટ હેઠળ તપાસ કરવામાં આવી હતી. જેમની સામે તપાસ શરૂ કરાઈ છે તેમણે ફેસબુક, વોટ્સએપ, ઈન્સટાગ્રામ, ટેલિગ્રામ વગેરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તગડા ક્વિક રીટર્નની જાહેરાતો આપી હતી.

ગુનેગારો ૨૦૧૫થી સોશિયલ મીડિયાનો દુરુપયોગ કરતા આવ્યા છે. આ કૌભાંડીઓ ક્રિપ્ટોના ટ્રાન્ઝેકશન રોકડમાં ફેરવી આપીને બેંકમાં જમા કરી આપતા હતા. ઈન્દોરમાં થયેલા એક લગ્નમાં સોના ચાંદીનાં ઘરેણા પાછળનો ખર્ચ ક્રિપ્ટો કરન્સી મારફતે ચૂકવાયા હતા, જેના કારણે બે નંબરી નાણાનો ટ્રેક પકડી શકાતો નહોતો. કૌભાંડીઓ પોતાની વેબસાઈટ બનાવીને તેમાં ત્વરીત નાણા કમાવવાના આઈડિયા આપતા હતા. ક્રિપ્ટોના રોકાણના નિષ્ણાતોના ઓપિનિયન તેમના ફોટા સાથે તેમની જાણ બહાર અપાયા હતા. ક્રિપ્ટો કરન્સી સાથે અનેક હવાલા કૌભાંડો સંડોવાયેલા છે. ભારતના સત્તાધારીઓ જાણતા હતા કે વૈશ્વિક આર્થિક પ્લેટફોર્મ પર મની લોન્ડરીંગ કરનારાઓ માટે ક્રિપ્ટો આસાન હથિયાર બની જવાનું છે, તેથી જ તેને માન્યતા આપવાથી દૂર રખાયું હતું. સરકારની નજર ૪૪,૦૦૦ જેટલા ક્રિપ્ટો ટ્રેડર્સ પર છે.

**અમેરિકામાં 10 કરોડથી વધારે જ્યારે ભારતમાં 14 કરોડથી વધારે લોકો મેદસ્વીતાનો શિકાર થયેલા છે, હવે બાળકો અને ટીનએજર્સમાં મેદસ્વીતા વકરી રહી હોવાથી લોકોમાં ચિંતાનો માહોલ : હાલમાં મેદસ્વીતા ઓછી કરવાના ઈન્જેક્શનો બજારમાં મળી રહ્યા છે તેની કિંમત મહિને લાખોમાં જતી હોવાથી ખુબ જ ઓછા લોકો તેનું સેવન કરે છે : આ ગોળીઓ દ્વારા શરીરના આંતરિક હોર્મોન જેવા જ કેમિકલ શરીરમાં ફરે છે જે ભુખ ઓછી લાગવી અને પેટ ભરેલું હોવાની લાગણીને લાંબા સમય સુધી જાળવી રાખે છે જેથી વ્યક્તિ વધારે ભોજન કરતી નથી અને પરિણામે વજન ઘટવા લાગે છે : હાલમાં આ દવાના 15 મહિના સતત ઉપયોગ બાદ દર્દીઓમાં સરેરાશ ૧૫ થી ૨૧ ટકા સુધીનો વજનમાં ઘટાડો થયો હોવાનું જાણવા મળ્યું છે, તે ઉપરાંત બ્લડ સુગરમાં પણ કન્ટ્રોલ આવ્યાના અહેવાલો છે**

# મેદસ્વીતા ઘટાડતી નવી દવા આવી, કરોડો લોકોને લાભ થવાની શક્યતા

## અમેરિકા દ્વારા વેગોવી ટેબલેટને મંજૂરી અપાઈ, ભારતમાં લાખો લોકો આ દવાની રાહ જોઈને બેઠા હોવાના અહેવાલ

અમેરિકી રેગ્યુલેટર્સ દ્વારા ઓબેસિટીની સારવાર માટે વેગોવી નામની ટેબલેટને મંજૂરી આપવામાં આવી છે. એફડીએ દ્વારા વજન ઘટાડવા માટે દરરોજ લેવામાં આવતી વેગોવીને મંજૂરી આપતાની સાથે જ અમેરિકન બજારમાં તેની ખૂબ જ ડિમાન્ડ વધી ગઈ છે. બીજી તરફ આ ગોળીઓ ભારતીય બજારમાં પણ આવી ગઈ છે. વાત એવી છે કે, અમેરિકામાં બે કંપનીઓ વચ્ચે મેદસ્વીતાની સારવાર અંગે વિવિધ ગોળીઓ અને ઈન્જેક્શન બજારમાં લાવવાની હોડ ચાલે છે. તેમાં નોવો નોર્ડિસ્ક દ્વારા વેગોવી નામની ગોળી બજારમાં મુકી દેવામાં આવી છે. થોડા સમય પહેલાં આ કંપની દ્વારા મેદસ્વીતાની સારવાર માટે વેગોવી ઈન્જેક્શન પણ બજારમાં ઠાલવવામાં આવ્યા હતા. નવાઈની વાત એ છે કે, અમેરિકામાં ૧૦ કરોડ કરતા વધારે લોકો લાંબા સમયથી મેદસ્વીતાનો શિકાર છે અને તેની સારવાર શોધી રહ્યા છે.

મહત્ત્વનું એ છે કે, કંપની દ્વારા અત્યાર સુધી ઈન્જેક્શનો જ બજારમાં મુકવામાં આવ્યા હતા. સામાન્ય લોકો સુધી તે પહોંચાડવા માટે હવે ટેબલેટ બનાવવામાં આવી છે. ટૂંક સમયમાં આ ગોળીઓ બજારમાં ઉપલબ્ધ થઈ જશે. જાણકારો માને છે કે, ઈન્જેક્શનની સાથે ગોળીઓ બજારમાં આવતા જ મેદસ્વીતાની સારવારનું માર્કેટ ઘણું મોટું થઈ જશે. થોડા સમય પહેલાં એક સર્વે આવ્યો હતો જેમાં જણાવાયું હતું કે, અમેરિકામાં દર આઠમાંથી એક મેદસ્વી વ્યક્તિ દ્વારા સારવાર માટે ઈન્જેક્શન લેવામાં આવે છે. જો કે આ સારવાર ખૂબ જ મોંઘી છે તેથી લોકો સસ્તી અને સરળ સારવારની રાહ જોઈ રહ્યા છે. ભારતમાં પણ ધીમે ધીમે મેદસ્વીતાના કેસ વધી રહ્યા છે અને અહીંયા પણ વિવિધ ગોળીઓ બજારમાં મળી રહી છે. તેમ છતાં અમેરિકા જેવી અક્સીર ઈલાજ આપતી દવાઓ ધીમે ધીમે ભારતમાં પગપેસારો કરી રહી હોવાના અહેવાલો છે. કેટલાક જાણકારો અને ડોક્ટરો માને છે કે, આ ગોળીઓ મોટા સમુદાય સુધી પહોંચે તેમ લાગી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ભારત, અમેરિકા, કેનેડા અને યુરોપના ઘણા દેશોમાં મેદસ્વી લોકોની સંખ્યા અતિશય વધારે છે. તેના કારણે આ માર્કેટ ખૂબ જ મોટું છે. સંશોધકો જણાવે છે કે, નોવો નોર્ડિકની મેદસ્વીતાની ગોળીમાં ૨૫ મિલીગ્રામ સેમાગ્લૂટાઈડ હોય છે. આ એ જ કન્ટેનટ છે જે વેગોવી અને ઓઝેમ્પિક નામના ઈન્જેક્શનોમાં તથા રાઈબેલસસમાં જોવા મળે છે. ૨૦૧૯માં ડાયાબિટિસની સારવાર માટે પણ આ ગોળીઓ અને ઈન્જેક્શનને ઉપયોગમાં લેવાતા હોવાના અહેવાલો છે. નવી ગોળીઓમાં પણ આવા જ કન્ટેન્ટ રાખીને લોકોને મેદસ્વીતા અને તેના કારણે વધી રહેલા ડાયાબિટિસથી બચાવી શકાશે તેવું સંશોધકો માની રહ્યા છે. સંશોધકો જણાવે છે કે, જીએલપી-૧ દવા છે જે સામાન્ય રીતે મેદસ્વીતાની સારવાર માટે ઉપયોગમાં લેવાતા ઈન્જેક્શનોની જેમ જ કામ કરે છે. આ દવા શરીરમાં જઈને કુદરતી હોર્મોનની નકલ કરે છે. તેના કારણે ભુખ લાગવી અને પેટ તૃપ્ત થઈ જવા જેવી લાગણીઓ નિયંત્રણમાં આવતી જાય છે. આ દવા શરીરમાં હાજર એક કુદરતી હોર્મોન જીએલપી-૧ની જેમ કામ કરે છે.

આ દવા ભુખ ઓછી કરે છે અને સાથે સાથે મગજને સંકેત આપે છે કે, પેટ ભરેલું છે. તેના દ્વારા વારંવાર ખાવાની ઈચ્છા ઓછી થવા લાગે છે. તે લાંબા સમય સુધી પેટને ભરેલું રાખે છે અથવા તો ભારે હોય તેવું રાખે છે. ખાવાનું ધીમે ધીમે પચે છે જેના કારણે ભુખ લાગતી નથી. તેના કારણે વ્યક્તિ ઓછી કેલેરી લેતી થઈ જાય છે. ભુખ જ ઓછી લાગશે તેથી ખોરાક ઓછો લેવાશે અને પરિણામે શરીર આપોઆપ



એક્ટિવ થશે અને વજન ઘટવા લાગશે. તેનાથી બ્લડ સુગર પણ કન્ટ્રોલમાં આવી જશે.

જાણકારોના મતે તેનું વિવિધ રીતે ક્લિનિકલ પરીક્ષણ પણ કરવામાં આવ્યું છે. તેમાં જેલા લોકોએ ભાગ લીધો હતો તેમને વેગોવીની ગોળીઓ આપવામાં આવી હતી. તેમનું વજન ૧૫ મહિનામાં સરેરાશ ૧૩.૬ ટકા ઓછું થયું હતું.

બીજી તરફ જે લોકોને પ્લેસીબો આપવામાં આવ્યો હતો તેમના વજનમાં માત્ર ૨.૨ ટકાનો જ ઘટાડો નોંધાયો હતો. સંશોધકોએ નોંધ્યું હતું કે, ઈન્જેક્શન લેનારા લોકોમાં વજન ઘટવાનું જે પ્રમાણ હતું તેને સમાંતર જ પરિણામ ગોળીઓ દ્વારા પણ જોવા મળ્યું હતું. ઈન્જેક્શનમાં સરેરાશ ૧૫ ટકા વજન ઘટે છે જ્યારે ગોળીઓથી ૧૩.૬ ટકા ઘટયું હતું. તેથી ગોળીઓ પણ અસરકારક હોવાનું સિદ્ધ થતું હતું. વિસ્કોન્સિન ખાતે રહેતા એક ડોક્ટર પણ આ પરીક્ષણમાં જોડાયા હતા. તેમણે આ ગોળીઓના દૈનિક સેવનથી ૨૦ કિલો જેવું વજન ઓછું કર્યું હતું. તેમણે પણ જણાવ્યું કે આ દવાના સેવનથી તેમની ભુખ ઓછી થઈ ગઈ છે અને ભોજન માટે વારંવાર આવતા વિચારો પણ ઓછા થઈ ગયા છે.

અન્ય એક દર્દીએ જણાવ્યું કે, આ ગોળીઓ દ્વારા ભોજન અને ભુખ ઉપર એવો કાબુ આવી ગયો હતો કે, ઘણી વખત ભોજન ન કર્યું હોય છતાં અનુભવાતું નહોતું કે મને ભુખ લાગી છે અથવા તો પેટ ખાલી છે. સંશોધકો દ્વારા કેટલાક દર્દીઓ ઉપર તેવી જ રીતે અન્ય કંપનીની દવા લેવાનો પણ પ્રયોગ કરાયો હતો. તેમાં ૧૭ મહિના સુધી દવાઓ અપાઈ હતી. તેમના સરેરાશ વજનમાં ૧૧.૨ ટકાનો ઘટાડો થયો હતો. તેવી જ રીતે પ્લેસીબો લેનારનું વજન ૨.૧ ટકા ઘટયું હતું. જાણકારો માને છે કે, આ ગોળીઓ જીએલપી-૧ અને જીઆઈપીને ટાર્ગેટ કરે છે અને આ હોર્મોન કાબુ કરીને સરેરાશ ૨૧ ટકા સુધી વજન ઘટવામાં મદદ કરે છે. ઉલ્લેખનીય છે કે, આ દવાઓના વધુ પડતા ઉપયોગ સામે પણ ચેતવણી આપવામાં આવી છે. સંશોધકો જણાવે છે કે, કોઈપણ દવાનો વધુ ઉપયોગ કરવામાં આવે તો ડાયેરિયા અને વોમિટિંગ જેવી સમસ્યાઓ થઈ શકે છે. મોટાભાગે વેગોવી સવારે ખાલી પેટે અને કોઈપણ ભોજન કરવાના ૩૦ મિનિટ પહેલાં લેવી જોઈએ. આ અંતર રાખીને પ્રમાણસર દવા લેવામાં આવે તો જ અસરકારક સાબિત થાય છે. બાકી આડેધડ ગોળીઓ લેવાથી તેની આડઅસર વધારે થવાની શક્યતાઓ છે.

બીજી જાણવા જેવી વાત એ છે કે, ઈન્જેક્શનોની સરખામણીએ મોઢેથી લેવામાં આવતી દવાઓ અને ગોળીઓની કિંમત ઓછી જ હોવાની છે. જાણકારોના મતે અત્યાર સુધી મોટાભાગની દવાઓ ૧૦૦૦ ડોલર પ્રતિ મહિના સુધી અમેરિકન બજારમાં આવતી હતી. તેમાં લગભગ ગોળીઓ આવવાના કારણે તોતિંગ ઘટાડો થયો છે. અમેરિકામાં આ દવાઓ દર મહિને ૧૫૦ ડોલરની આસપાસ મળી જાય તેવી ચર્ચા ચાલી રહી છે.

જાન્યુઆરીમાં વ્યાપક રીતે દવાઓ બજારમાં ઠલવાઈ જશે ત્યારબાદ તેની ચોક્કસ કિંમતો અંગે માહિતી બહાર આવશે. બીજી તરફ વાત એવી પણ છે કે, આજે પણ એવા ઘણા દર્દીઓ છે જેઓ દરરોજ ગોળીઓ ગળવાના બદલે દર અઠવાડિયે એક ઈન્જેક્શન લેવાનું વધારે પસંદ કરે છે. બીજી તરફ એવા ઘણા દર્દીઓ છે જેમને ઈન્જેક્શનનો ફોબિયા છે. તેઓ ગોળીઓનો વિકલ્પ શોધી રહ્યા છે.

કેટલાક લોકોએ એવું પણ જણાવ્યું કે, વેગોવીની ક્લિનિકલ ટ્રાયલમાં જોડાયા બાદ તેમણે દવા લેવાનું બંધ કરતા જ વજન વધવાનું શરૂ થઈ ગયું હતું. તેના કારણે તેમણે વજન કાબુ કરવા અન્ય ઈન્જેક્શનોનો આધાર લેવો પડયો હતો. દવાઓ ઉપરની આ નિર્ભરતા ખરેખર જોખમી બની શકે તેમ છે. વારંવાર દવા લીધા કરવી તે પણ યોગ્ય નથી.

આ સિવાય કેટલાક લોકોએ એવું પણ જણાવ્યું કે, જો ખરેખર બજારમાં દવાઓ સસ્તા ભાવમાં આવતી હોય તો તેની કિંમત હજી ઓછી હોવી જોઈએ. ઘણા લોકોએ મહિને ૧૦૦ ડોલર કે તેનાથી ઓછી કિંમતની દવાઓ આવશે તો સતત લેવાની તૈયારી દર્શાવી છે. તેઓ બાકીના વિકલ્પો પણ શોધી રહ્યા અને તપાસી રહ્યા હોવાનું અભ્યાસમાં જણાવતા હતા. તેના કારણે હવે કંપનીઓ ઉપર કિંમત કાબુ કરવાનું પણ દબાણ હશે.

મેદસ્વીતા માત્ર અમેરિકા, કેનેડા કે યુરોપના દેશોની જ સમસ્યા નથી. ફાસ્ટ લાઈફ અને ફાસ્ટ ફૂડને પગલે ભારતમાં પણ મેદસ્વીતા, ડાયાબિટિસ અને લાઈફ સ્ટાઈલ ડિસિઝના પ્રમાણમાં ભયાનક વધારો થયેલો છે. થોડા સમય પહેલાં જ આવેલો એક અહેવાલ જણાવે છે કે, ભારતમાં ૧૪ કરોડથી વધારે લોકો મેદસ્વીતાનો ભોગ બનેલા છે. તેમાંય પુખ્તવયની લોકોમાં ૨૫ ટકા લોકો મેદસ્વીતાનો ભોગ બનેલા અથવા તો મેદસ્વીતાની કેટેગરીમાં આવી રહ્યા છે. તેના કારણે તેમનામાં ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર, કોલેસ્ટ્રોલ, હ્રદયરોગ જેવી બિમારીઓ વધી રહી છે.

પુરુષોની 23 ટકા વસતી જ્યારે સ્ત્રીઓની 24 ટકા વસતી મેદસ્વીતાનો શિકાર બનેલી છે. શહેરોમાં આ સમસ્યા સૌથી વધારે છે. શહેરમાં ૩૦ વર્ષ પહેલાથી અત્યારની સરખામણી કરવામાં આવે તો મેદસ્વીતાની સમસ્યા પાંચ ગણી વધી ગઈ છે. ચિંતાજનક વાત એવી છે કે, હવે બાળકોમાં આ સમસ્યા ઝડપથી વકરી રહી છે. જાણકારો માને છે કે, ભારતમાં વેગોવીની ગોળીઓનું પણ મોટું બજાર છે. અહીંયા આ દવા શરૂઆતમાં લોન્ચ થઈ હતી. તેના ઈન્જેક્શનોની કિંમત અધધ છે. તેના કારણે તેને લેનારો વર્ગ ઓછો હતો. તેમ છતાં આ ગોળીઓ જો સસ્તા ભાવે આવશે તો લોકોમાં તેના માટે ધસારો જોવા મળી શકે છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં આ દવાઓનો ઉપયોગ વધે તેવું લાગી રહ્યું છે. બીજી તરફ અન્ય કંપનીઓ દ્વારા પણ પોતાની દવાઓ લાવવામાં આવે તો નવાઈ નહીં. હાલમાં જે વેગોવીને સ્પર્ધા નડી રહી છે તેના કારણે તેણે ભારતમાં દવાઓના ભાવ ૩૭ ટકા સુધી ઓછા કર્યા છે. પહેલા ૨.૪ એમજીનો ડોઝ ૨૫ હજારની આસપાસ મળતો હતો તે હવે ઘટીને ૧૬,૫૦૦ થઈ ગયો છે. તેવી જ રીતે ૦.૨૫ એમજીનો ડોઝ જે પ્રતિ માસ ૧૬,૨૫૦ની આસપાસ મળતો હતો તે ઘટીને ૧૦,૫૦૦ સુધી પહોંચી ગયો છે. આગામી સમયમાં ગોળીઓના આવવાથી તેની કિંમતો હજી નીચી જાય તેવું લાગી રહ્યું છે.

## ભૂમધ્ય સમુદ્રમાં તુર્કીનો પ્રભાવ ખાળવા

# ઈઝરાયલ-ગ્રીસ-સાઈપ્રસની રિસ્પોન્સ ફોર્સ

### ત્રણેય દેશોએ 2500 સૈનિકોની રેપિડ રિસ્પોન્સ ફોર્સ બનાવવાનો કરાર કર્યો છે.

### ભૂમધ્ય સમુદ્રમાં તુર્કીની સૈન્ય ગતિવિધિ વધી જતાં આ પગલું મહત્ત્વનું સાબિત થશે

ભૂમધ્ય સમુદ્ર. તેની પૂર્વએ જિબ્રાલ્ટનની ખાડી, ઉત્તરે યુરોપ, દક્ષિણે આફ્રિકા અને પૂર્વમાં એશિયા આવે છે. એટલાન્ટિક મહાસાગર સાથે જોડાયેલો આ સમુદ્ર યુરોપ-એશિયા-આફ્રિકાના ઈતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. બધી જ બાજુએ ભૂમિખંડો છે એટલે એ ભૂમધ્ય સમુદ્રના નામે ઓળખાય છે. ત્રણ-ત્રણ ખંડોની વચ્ચે હોવાથી જળમાર્ગ માટે આ સમુદ્ર ખૂબ જ ઉપયોગી બનતો આવ્યો છે. ભૂમધ્ય સમુદ્ર પ્રાચીન ઈજિપ્ત, ગ્રીક અને રોમન સામ્રાજ્યના ઉદય-અસ્તનો સાક્ષી બન્યો હતો. એના કાંઠે અનેક સંસ્કૃતિઓ ઉદ્દભવી હતી, અનેક દેશો વિકસ્યા. આજેય નાના-મોટા દોઢેક ડઝન દેશોની જમીન ભૂમધ્ય સાગરને સ્પર્શે છે.

પૂર્વ તરફ કાળા સમુદ્ર સાથે જોડાયેલો આ ભૂમધ્ય સુએઝ નહેરના માધ્યમથી રાતા સમુદ્ર સાથે પણ જોડાયેલો છે. તેના કારણે વૈશ્વિક વેપારમાં તેનું મૂલ્ય ખૂબ વધી જાય છે. ભૂમધ્ય સમુદ્રમાં નાના-મોટા અનેક ટાપુઓ આવેલા છે. એમાંનો મહત્ત્વનો ટાપુ દેશ છે - સાઈપ્રસ. તુર્કીના કાંઠેથી સાઈપ્રસ ખૂબ નજીક છે એટલે હંમેશા તુર્કીની દખલ સાઈપ્રસની જળસીમામાં રહેતી આવી છે. સાઈપ્રસ પર બ્રિટિશરાજ હતું ત્યારે પણ તુર્કીએ સાઈપ્રસને તુર્કીનો ટાપુ બનાવવાની માગણી કરી હતી, પરંતુ બ્રિટને એ માન્ય રાખી નહીં ને છેક ૧૯૬૦માં સાઈપ્રસને સ્વતંત્રતા આપી.



સાઈપ્રસ આઝાદ થયું ત્યારથી જ તુર્કી આસપાસના સમુદ્રમાં પ્રભુત્વ જમાવવા પ્રયાસો કરે છે. તુર્કીની દખલ સામે સાઈપ્રસને વર્ષોથી ઈઝરાયલ સાથે ગાઢ દ્વિપક્ષીય સંબંધો છે. સાઈપ્રસને એવા જ મજબૂત દ્વિપક્ષીય સંબંધો ગ્રીસ સાથે પણ છે. ભૂમધ્ય સમુદ્રમાં ઈઝરાયલ અને ગ્રીસ સામસામે છે. પૂર્વમાં તુર્કી છે અને એ ત્રણેય દેશોની વચ્ચે છે સાઈપ્રસ. ભૂમધ્ય સમુદ્રમાં તુર્કીને પડકારી શકે એવા દેશોમાં ઈઝરાયલ અને ગ્રીસ મુખ્ય છે. ધાર્મિક દૃષ્ટિએ પણ તુર્કીને પડકાર ફેંકે એવા આ બે દેશો મુખ્ય છે. ઈઝરાયલ યહૂદીઓનો દેશ છે. ગ્રીસમાં ૯૫ ટકા ખ્રિસ્તીઓ છે. સાઈપ્રસમાં પણ ૭૫ ટકા વસતિ ખ્રિસ્તીઓની છે. તુર્કીની આજુબાજુ એ સિવાયના મોટાભાગના દેશો ઈસ્લામિક વર્લ્ડનો હિસ્સો છે અને તુર્કીની તેમની સાથે દ્વિપક્ષીય સંબંધો સુમેળભર્યા હોવાથી પડકાર મળવાની શક્યતા નહીંવત છે.

આવી ભૂરાજકીય સ્થિતિનો લાભ લઈને તુર્કીએ ભૂમધ્ય સમુદ્રમાં પ્રભાવ સતત વધાર્યો છે. ભૂમધ્ય સમુદ્ર વૈશ્વિક વેપારમાં પણ ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. રાતા સમુદ્રમાંથી વાયા સુએઝ નહેર ભૂમધ્ય સમુદ્રના માધ્યમથી જે વેપાર થાય છે એનો હિસ્સો ગ્લોબલ ટ્રેડમાં ૧૫ ટકા જેટલો ઊંચો છે.

એક ટ્રિલિયન ડોલરથી વધુની સામગ્રી આ માર્ગથી થાય છે. આ માર્ગના વેપારી હિતો જળવાય તે ખૂબ આવશ્યક છે. તુર્કીના સમર્થનથી અમુક આતંકવાદી સંગઠનો જો આ માર્ગને આંતરે તો કેટલાય દેશોનો વેપાર પ્રભાવિત થઈ શકે. રાતા સમુદ્રમાં હોથી આતંકવાદીઓ વૈશ્વિક વેપારને રંજાડે છે. ભૂમધ્ય સમુદ્રમાં આતંકવાદી સંગઠનો સક્રિય થાય તો અબજોના વેપારને અસર થઈ શકે. આર્દવાનના નેતૃત્વમાં તુર્કી કટ્ટરતાના માર્ગે છે એ જોતાં ભવિષ્યમાં આ શક્યતા નકારી શકાય નહીં. આવું ન થાય તે માટે ભૂમધ્ય સમુદ્રના કાંઠે આવેલા ત્રણ દેશો ઈઝરાયલ-ગ્રીસ-સાઈપ્રસ સક્રિય થયા છે. આ દેશોના વડાઓ વચ્ચે રેપિડ રિસ્પોન્સ ફોર્સ બનાવવાના કરારો થયા છે. એ પહેલાં લશ્કરી અધિકારીઓ અને રાજકીય સમીક્ષકો વચ્ચે કેટલાય સમય સુધી વાટાઘાટો અને ચર્ચા વિચારણા ચાલી હતી. રેપિડ રિસ્પોન્સ ફોર્સ બને તો તેનું કામ શું હશે? કેવી રીતે ભૂમધ્ય સમુદ્રમાં આ દેશોનાં હિતો માટે તેમ એક્ટિવ થશે અને ભવિષ્યમાં એ ફોર્સ કેવી ભૂમિકા ભજવી શકે - એ તમામ બાબતો નક્કી થયા પછી ચોક્કસ રૂપરેખા તૈયાર કરવામાં આવી છે.

ત્રણેય દેશો સહમત થયા છે એ પ્રમાણે રેપિડ રિસ્પોન્સ ફોર્સની શરૂઆત ૨૫૦૦ સૈનિકોથી થશે. એમાં એક હજાર સૈનિકો ઈઝરાયલના હશે, એક હજાર સૈનિકો ગ્રીસ આપશે અને ૫૦૦ સૈનિકો સાઈપ્રસના હશે. ઈઝરાયલ-ગ્રીસ વધારે ફંડ આપશે. સાઈપ્રસના ભાગે બજેટ ઓછું આવશે એવું આયોજન થઈ રહ્યું છે. ભૂમધ્ય સમુદ્રમાં વિસ્તારો પ્રમાણે અલગ અલગ ભાગ પડયા છે. એમાં ઈજિયન અને લેવેન્ટિન સાગરો અનુક્રમે ગ્રીસ અને ઈઝરાયલની જળસીમામાં આવે છે ને વળી લેવેન્ટિન તો સાઈપ્રસની પણ જળસીમા છે. આ બંને સાગરો તુર્કીની રેન્જમાં હોવાથી ત્રણેય દેશોની સંયુક્ત ફોર્સ એના પર વોચ રાખશે. ભૂમધ્ય સમુદ્રના આ બંને સાગરોમાં તુર્કીની નૌસેના વારંવાર ઘૂસણખોરી કરે છે.

# ઈડીના આસિ. ડાયરેક્ટર સામે સીબીઆઈની એફઆઈઆર

એક જમાનામાં સીબીઆઈનો ડર વ્યાપક હતો. છેલ્લા કેટલાક વર્ષોથી હવે સીબીઆઈનું સ્થાન ઈડીએ લીધું છે. આર્થિક ગોટાળા સિવાયના કેસોમાં પણ ઈડી દખલ કરતી હોવાનો આક્ષેપ થાય છે. સામાન્ય લોકો હવે સીબીઆઈ કરતા ઈડીથી વધારે ડરે છે. જોકે ઈડીના કેટલાક અધિકારીઓ પણ પવિત્ર ગાય નથી. દોઢ કરોડ રૂપિયાના ગોટાળામાં ફસાયેલા ઈડીના આસિસ્ટન્ટ ડાયરેક્ટર વિશાલ દિપ અને એમના ભાઈ વિકાસ દિપ સામે સીબીઆઈએ આવકથી વધુ સંપત્તીનો કેસ દાખલ કર્યો છે. સીબીઆઈએ આ બંને સામે પ્રાથમીક તપાસ શરૂ કરી દીધી છે. બંને ભાઈઓની ૧ માર્ચ ૨૦૨૪થી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીની આવક અને ખર્ચનો હિસાબ મેળવવામાં આવ્યો છે. તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું છે કે, આ મહિનાઓમાં એમણે આવક કરતા ૨૩૧.૪૮ ટકા વધુ સંપત્તી મેળવી હતી.





આદિત્ય ધરની ફિલ્મ ધુરંધર બોક્સ ઓફિસ પર ટંકશાળ પાડી રહી છે. ફિલ્મને ૧૯ દિવસમાં જ ગ્લોબલ બોક્સ ઓફિસ પર ૯૦૦ કરોડ રૂપિયાનો વકરો થયો છે. ફિલ્મના દિગ્દર્શક - લેખક આદિત્ય ધર ફિલ્મની સફળતા વિશે ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી શેર કરે છે. આ સ્ટોરી મારફતે એમણે યુ-ટયુબર ધ્રુવ રાઠીને સણસણતો જવાબ આપ્યો છે. ધ્રુવ રાઠીએ ધુરંધરને સરકારનો પ્રોપેગેન્ડા ગણાવી હતી. આદિત્યએ ધ્રુવ રાઠીના નિવેદનો વિશે સીધુ કઈ કહ્યું નહોતું, પરંતુ એક ઈન્સ્ટા પોસ્ટ કરીને યુ-ટયુબરને વળતો જવાબ આપ્યો હતો. ધરે લખ્યું હતું કે, 'ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટીમાં ઈતિહાસ રચાઈ રહ્યો છે. જે પુરુષો અને સ્ત્રીઓ પોતાના દિલમાં જોશ અને દેશભક્તિ રાખે છે તેઓ પોતાની જનતાને એક વાત કહેવા માંગે છે. ધુરંધરની બોક્સ ઓફિસ સફળતા વિશે સૌથી અગત્યની વાત એ છે કે આ સફળતા ઓર્ગેનિક છે. રિલિઝના પહેલા અઠવાડિયામાં જ કોર્પોરેટ બુકિંગ્સની બુમાબુમ કરનારા એકાએક ચૂપ થઈ ગયા છે. હમણા જ એક વિડિયો ક્રિએટરે ફિલ્મની ટીકા કરવાની કોશિષ કરી હતી જે ફિલ્મની સફળતામાં તણાઈ ગયો છે.'

બાંગ્લાદેશમાં ચાલી રહેલી હિંસાને કારણે કાચા જુટની આવક ઘટી રહી છે. ઉત્તર ૨૪ પરગણા જિલ્લાની જગદલ જુટ મીલ બંધ થઈ ગઈ છે. આને કારણે લગભગ પાંચ હજાર શ્રમીકો કામવગરના થઈ ગયા છે. કારીગરો જ્યારે કામ માટે હાજર થવા મીલ પર આવ્યા ત્યારે એમને નોકરીમાંથી હાંકી કાઢવાની નોટિસ બતાવી દેવામાં આવી હતી. નોટિસમાં લખવામાં આવ્યું હતું કે કાચા જુટની કિંમત વધારે થઈ ગઈ હોવાથી જગદલ જુટ એન્ડ ઈન્ડિસ્ટ્રીઝ લિમિટેડ મીલ અચોક્કસ મુદત સુધી બંધ કરી દેવામાં આવી છે. મીલ બંધ રહેવાને કારણે અસ્થાયી મજૂરોને મજૂરી મળશે નહીં. આ નોટીસ જોઈને કામદારો ગુસ્સે થઈ ગયા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું. હવે એમનું યુનિયન મોટા આંદોલનની તૈયારી કરી રહ્યું છે. આવી જ હાલત બાંગ્લાદેશમાં બીજા ધંધા-ઉદ્યોગની છે.

ગેંગસ્ટર વિકાસ દુબેની પત્નીએ કરેલી અરજીના મામલે દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકાર અને વેબસીરીઝના નિર્માતાઓ પાસે જવાબ માંગ્યો છે. વિકાસ દુબેની જિંદગી પરથી બનેલી વેબસીરીઝ 'યુપી ૭૭'નું પ્રસારણ અટકાવવાની માંગણી પણ થઈ છે. આ સીરીઝ ઓટીટી પ્લેટફોર્મ પર રીલીઝ થવાની છે. અરજી કરનારે સીરીઝને તાત્કાલીક અસરથી અટકાવી દેવાની માંગણી કરી હતી, પરંતુ કોર્ટે કહ્યું હતું કે તમામ પક્ષોને સાંભળ્યા વગર કોઈ નિર્ણય લેવાશે નહીં. ચર્ચાસ્પદ ગેંગસ્ટર વિકાસ દુબેને ૨૦૨૦માં ઉત્તર પ્રદેશ પોલીસે એન્કાઉન્ટરમાં મારી નાખ્યો હતો. કાનપુરમાં આઠ પોલીસ કર્મચારીની હત્યાનો આરોપ દુબે પર હતો. દુબેએ ઉજ્જૈનમાં પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. દુબેને ઉજ્જૈનથી કાનપુર લાવવામાં આવી રહ્યો હતો ત્યારે રસ્તામાં એનું વાહન પલટી ગયું હતું અને એણે ભાગવાની કોશિષ કરી હતી એ વખતે એનું એન્કાઉન્ટર થયું હતું. અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે આ સીરીઝને કારણે કુટુંબીઓને આઘાત લાગ્યો છે.

બિહારના મુખ્યમંત્રી નિતિશકુમારે થોડા દિવસ પહેલા એક જાહેર કાર્યક્રમમાં હિજાબ પહેરેલી યુવતીનો હિજાબ ઉપર કરવાની કોશિષ કરી હતી. સુપ્રિમ કોર્ટ બાર એસોસીએશનએ આ બાબતે નિતિશકુમારની આકરી ટીકા કરી છે. બાર એસોસીએશનએ આ ઘટનાને મહિલાની ગરીમા, સ્વતંત્રતા અને બંધારણીય હકો પર હુમલો ગણાવ્યો છે. એસસીબીએના પ્રમુખ અને કાર્યકારી સમિતિએ એક પ્રસ્તાવ પસાર કર્યો છે. પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે, એક ઉચ્ચ સ્થાને બેઠેલી વ્યક્તિ સાર્વજનીક મંચ પર એક મહિલાની ગરીમાને ઠેશ પહોંચાડે એવું વર્તન કરે એ અત્યંત ચિંતાજનક છે. એસસીબીએએ કહ્યું હતું કે કોઈપણ મહિલાનો હિજાબ કે માથા પર ઢાંકેલું વસ્ત્ર જબરજસ્તીથી હટાવવાની કોશિષ કરવી એ ધાર્મિક સ્વતંત્રતા પર હુમલો છે. બહુજન સમાજવાદી પક્ષનો એક જમાનામાં ડંકો વાગતો હતો. બીએસપીના વડા માયાવતીએ ઉત્તર પ્રદેશમાં એકલે હાથે અને ગઠબંધનની સરકારો ચલાવી હતી. એક જમાનામાં માયાવતીનો પ્રભાવ દલીત અને મુસ્લિમ મતો પર ઘણો હતો. માયાવતીના ગોડફાધર કાંશીરામે બીએસપીની સ્થાપના કરીને માયાવતીને લીડરશીપ માટે ટ્રેઈન કર્યા હતા. થોડા વર્ષો સુધી માયાવતીની પક્ષ પર પકડ બરાબર રહી હતી. માયાવતી સામે બેફામ ભ્રષ્ટાચારના આક્ષેપો થયા હતા અને ધીરે ધીરે દલીત વોટબેન્ક એમનાથી દુર થઈ ગઈ હતી. વિધાનસભાથી માંડીને સંસદમાં બીએસપીની હાલત નબળી થઈ રહી છે. ઉત્તર પ્રદેશ વિધાનસભામાં બીએસપીના ફક્ત એક ધારાસભ્ય છે જ્યારે વિધાન પરીસદમાં એક પણ સભ્ય નથી. સંસદમાં લોકસભા પછી હવે ૨૦૨૬માં રાજ્યસભામાં પણ બીએસપીનો કોઈ સાંસદ નહીં હોય. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં તમામ પ્રયત્નો છતાં બીએસપીનો એક પણ સાંસદ ચૂંટાયો નહોતો.

# બીપી, ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ અને એલર્જીની ડુપ્લીકેટ દવાઓ માર્કેટમાં આવતા કેમિસ્ટ એસો.એ રાજકોટના જ ઓથોરાઈઝડ સ્ટોકિસ્ટ પાસેથી દવા ખરીદવા નિર્ણય કર્યો.....

**રાજકોટ, તા.26**

ગત નવેમ્બર 2025માં પોન્ડીચેરી ખાતે બીપી, ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ અને એલર્જીની ડુપ્લીકેટ દવા ઝડપાતા સમગ્ર દેશનું કેમિસ્ટ એસોસિએશન હરકતમાં આવ્યું છે. ગુજરાત કેમિસ્ટ બાદ રાજકોટ કેમિસ્ટ એસોસિએશન દ્વારા મિટિંગ યોજી મહત્વ પૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે જેમાં કેમિસ્ટ એસોસિએશન દ્વારા જનજાગૃતિ કમિટીની રચના કરી ખાસ મેડિકલ સ્ટોરના ધારકો રાજકોટ ભારથી દવા ન ખરીદવા અને રાજકોટના ઓથોરાઈઝડ સ્ટોકિસ્ટ પાસેથી જ દવા ખરીદવા અપીલ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે બજારમાં સૌથી વધુ વેચાતી દવાનું લેભાગુ તત્વો દ્વારા ડુપ્લિકેશન કરવામાં આવ્યું છે અને તેની આડ અસરથી દર્દીને એકના બદલે બીજી તકલીફ પણ શરીરમાં ઉભી થઈ શકે છે ત્યારે કેમિસ્ટ એસોસિએશન દ્વારા લોકોને પણ ખાસ તેમના જાણીતા મેડિકલ સ્ટોર્સ પરથી જ દવા ખરીદ કરવા અને ડિસ્કાઉન્ટની લાલચમાં ન




પડવા અપીલ કરવામાં આવી છે.

ગુજરાત કેમિસ્ટ એસોસિએશનના ઉપપ્રમુખ સત્યન પટેલએ જણાવ્યું હતું કે, કેમિસ્ટ એસોસિએશનના પ્રમુખ મયુરસિંહ જાડેજાની આગેવાનીમાં એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓલ ઈન્ડિયા બાદ ગુજરાત કેમિસ્ટ એસોસિએશનની સૂચના પછી રાજકોટ કેમિસ્ટ એસોસિએશન દ્વારા જનજાગૃત કમિટીનું નિર્માણ કરવામાં આવ્યું છે. લોકોને જાગૃત કરવા અને ડુપ્લીકેટ દવાનું સેવન કરતા અટકાવવા માટે મુખ્ય આ કમિટીનું નિર્માણ કરવામાં આવ્યું છે. તાજેતરમાં એક મહિના પહેલા જે પોન્ડીચેરી ખાતે ડુપ્લીકેટ દવાઓ ઝડપાઈ તે કદાચ આખા દેશમાં અલગ અલગ જગ્યાએ પહોંચી હોવાની આશંકા છે ત્યારે હજુ સુધી રાજકોટ કે ગુજરાતમાં આ દવા પહોંચી નથી પરંતુ સસ્તા અને વધુ ડિસ્કાઉન્ટની લાલચમાં લોકો ન આવી ઓથોરાઈઝડ જગ્યાએથી દવા ખરીદવા અપીલ કરવામાં આવી છે.

રાજકોટ કેમિસ્ટ એસોસિએશનની મિટિંગમાં નક્કી થયા મુજબ રાજકોટના અંદાજે 1200 જેટલા રિટેલર્સ દવાના વેપારીઓ રાજકોટ ખાતે કંપની દ્વારા નિમવામાં આવેલ ઓથોરાઈઝડ સ્ટોકીસ્ટસ પાસેથી જ દવાની ખરીદી કરી શકશે. સાથે સાથે સેમી હોલસેલર્સ પણ ઓથોરાઈઝડ સ્ટોકીસ્ટર્સ પાસેથી જ દવા ખરીદી કરી શકશે. સસ્તા કે વધુ ડિસ્કાઉન્ટની લાલચમાં રાજકોટ બહાર અન્ય કોઈ જગ્યાએથી દવા ખરીદ કરવી નહિ. આ ઉપરાંત ડુપ્લીકેટ દવા બાબતે જનજાગૃતિ કેળવવા તથા એસો.ના કોઈ સભ્ય દ્વારા ડુપ્લીકેટ દવા વેચાતી હોવા સહિતની કોઈ ગેરરીતિ ધ્યાનમાં આવશે તો તેઓ ઉપર સંસ્થાકીય પગલા લેવાનો નિર્ણય પણ રાજકોટ કેમીસ્ટ એસોસીએશન દ્વારા બોલાવવામાં આવેલ મિટીંગમાં કરવામાં આવ્યો છે.

ગુજરાત કેમિસ્ટ એસોસિએશનના ઉપપ્રમુખ સત્યન પટેલએ વધુમાં જણાવ્યું હતું કે, ડુપ્લિકેશન એ જ વસ્તુનું થાય જેની ડિમાન્ડ વધુ હોય. આખા દેશમાં બીપી, ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ, એલર્જી અને શરદી ઉધરસ તેમજ અસ્થમાની દવાનું વેચાણ વધુ થતું હોવાથી મોટાભાગ આ બીમારીઓની દવાનું ડુપ્લિકેશન કરી કરોડો કિંમતની ડુપ્લીકેટ દવાઓ બજારમાં ઉપલબ્ધ થઈ છે રાજકોટમાં હજુ આવી નથી પરંતુ કાળજી રાખવી જરૂરી છે કારણ કે અસલી દવા છે કે નકલી એ કોઈ સામાન્ય માણસ જોઈને ઓળખી શકશે નાહ લેબોરેટરીમાં ટેસ્ટ થયા પછી જ અસલી નકલીનો ભેદ પારખી શકાય માટે લોકોને ખાસ અપીલ છે કે સસ્તી અને વધુ ડિસ્કાઉન્ટની લાલચમાં આવી દવા ખરીદ કરવાનું ટાળી આપણા ફેમિલી એટલે કે જાણીતા મેડિકલ સ્ટોર્સ પરથી જ દવા ખરીદ કરવી. કારણ કે સરકાર દ્વારા આ બધી દવા ઉપર માર્જિન ફિક્સ 16% નક્કી કરવામાં આવ્યું છે તો આનાથી વધુ ડિસ્કાઉન્ટ કોઈ આપે તો તેની લાલચમાં ન જવું જોઈએ કારણ કે એનાથી વધુ નફામાં કોઈને પણ પોસાઈ શકે નહીં.

# મ્યાનમારમાં ડેટા એન્ટ્રીની નોકરીના નામે મોટું રેકેટ : વડોદરાના 10 સહિત ગુજરાતના 100થી વધુ યુવક ફસાયા, સ્થિતિ ગંભીર

**વડોદરા, તા.26**

વિદેશમાં ઊંચા પગારની નોકરી મેળવવાની ઘેલછા હવે ગુજરાતી યુવકો માટે જીવનું જોખમ બની રહી છે. વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના સાંઢાસાલ ગામના યુવક સહિત કુલ 10 યુવાન મ્યાનમારમાં ફસાઈ ગયા હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. છેલ્લા 20 દિવસથી મદદ માટે વલખાં મારતા આ યુવકોએ સોશિયલ મીડિયા પર વીડિયો વાઈરલ કરી ભારત સરકાર પાસે વતન પરત લાવવા માટે આજીજી કરી છે.

મળતી માહિતી મુજબ, સાવલીના સાંઢાસાલ ગામના ગુંજન શાહ સહિતના યુવકોને એજન્ટો દ્વારા ડેટા એન્ટ્રીની નોકરીની લાલચ આપવામાં આવી હતી, જોકે, મ્યાનમાર પહોંચ્યા બાદ આ યુવકોને ખ્યાલ આવ્યો કે તેઓ કોઈ મોટા સાયબર ક્રાઈમ રેકેટ અથવા છેતરપિંડીના નેટવર્કમાં ફસાઈ ગયા છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તાજેતરમાં આ પ્રકારના રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો, જે જોઈને આ યુવકો ફફડી ગયા હતા અને તક મળતાં જ



કંપનીમાંથી ભાગી છૂટ્યા હતા.

હાલમાં આ યુવકો મ્યાનમારના માયા વાડી વિસ્તારમાં એક સ્થાનિક NGO દ્વારા ચલાવવામાં આવતા સેફ હાઉસમાં આશરો લઈ રહ્યા છે. વાઈરલ વીડિયોમાં યુવકોએ જણાવ્યું છે કે તેમનું ઈમિગ્રેશન થઈ ગયું હોવા છતાં છેલ્લા 20 દિવસથી કોઈ સત્તાવાર મદદ મળી નથી. તેમની પાસે રહેલા પૈસા ખૂટી ગયા છે અને મોબાઈલ બેટરી કે બેલેન્સ પણ અંતિમ ચરણમાં છે.

આ યુવકોએ માત્ર વડોદરા જ નહીં, પણ ગુજરાતના અલગ-અલગ વિસ્તારોના 100થી વધુ યુવકો મ્યાનમારમાં ફસાયેલા હોવાનો દાવો વાઈરલ વીડિયોમાં કર્યો છે.

મ્યાનમારમાં ફસાયેલા યુવક કુંજન શાહે વાઈરલ વીડિયોમાં જણાવ્યું છે કે અમે બધા ભારતથી છીએ. ઠગાઈ કરીને અમને બધાને અહીં મ્યાનમારમાં લાવવામાં આવ્યા છે. ડેટા એન્ટી જેવાં કામોનું બહાનું આપીને અમને અહીં બોલવામાં આવ્યા હતા. અહીં આવ્યા પછી અમને બળજબરીપૂર્વક 14થી 18 કલાક સુધી બીજું જ કંઈ અલગ જ કામ કરાવવામાં આવી રહ્યું છે. અમે મ્યાનમારના માયાવાડીમાં એક NGOમાં રોકાઈ ગયા છીએ. અમારી ભારત સરકારને વિનંતી છે કે જલદીથી જલદી અમારી અહીંથી નીકળવાની વ્યવસ્થા કરે.

કુંજન શાહના પિતા જયેશ શાહે જણાવ્યું હતું કે મારો દીકરો કુંજન શાહ ચાર મહિનાથી થાઈલેન્ડ ગયો છે. તેને ત્યાં અનુકૂળ નથી આવ્યું એટલે 20 દિવસથી મારો છોકરો ઘરે આવવા માગે છે. એની સાથે 120થી 130 છોકરા છે. ત્યાંની ગવર્નમેન્ટે ઈમિગ્રેશન ક્લિયર કરી દીધું છે. આપણી સરકારને ઈમિગ્રેશન ક્લિયર કરી દેવાની માગ કરી છે.

# 'સનાતનનું અપમાન કરનાર સાથે વેપાર નહીં' : 100 કરોડનું પેમેન્ટ અટક્યું, બાંગ્લાદેશમાં હિન્દુઓની હત્યા મામલે સુરતના કાપડ વેપારી એસો.નો હૂંકાર

**સુરત, તા.26**

બાંગ્લાદેશમાં હિન્દુઓ પર વધી રહેલા અત્યાચારો, હત્યાઓ અને અરાજકતાની સ્થિતિને પગલે સુરતના કાપડ ઉદ્યોગમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વિશ્વભરમાં ટેક્સટાઈલ હબ તરીકે જાણીતું સુરત હવે બાંગ્લાદેશ સાથેના તમામ વ્યાપારી સંબંધો તોડવાનો ફેડરેશન ઓફ ટેક્સટાઈલ ટ્રેડર્સ એસોસિએશન (FOSTA) દ્વારા સત્તાવાર રીતે આહવાન કરવામાં આવ્યું છે. તેના પ્રમુખે કહ્યું કે, જે દેશમાં હિન્દુ સંસ્કૃતિનું અપમાન થતું હોય તેની સાથે કોઈ પણ પ્રકારનો વેપાર કરવામાં આવશે નહીં.

સુરતનો કાપડ ઉદ્યોગ દર વર્ષે બાંગ્લાદેશ સાથે આશરે 1000 કરોડથી વધુનો સીધો વેપાર કરે છે. જોકે, વર્તમાન પરિસ્થિતિ એટલી ગંભીર છે કે આ વિશાળ આર્થિક હિતોને બાજુ પર મૂકીને વેપારીઓએ રાષ્ટ્રવાદ અને ધર્મના રક્ષણને પ્રાધાન્ય આપ્યું છે. ફોસ્ટાના પ્રમુખ કૈલાશ હકીમે જણાવ્યું હતું કે, ભારતીયતા અને સનાતન સંસ્કૃતિને લલકારનાર કોઈપણ શક્તિ સામે સુરતનો



વેપારી ઝૂકશે નહીં અને આર્થિક નુકસાન વેઠીને પણ વેપાર બંધ રાખશે.

બાંગ્લાદેશમાં સર્જાયેલી અસ્થિરતાને કારણે સુરતના વેપારીઓના અંદાજે 100 કરોડથી વધુનું પેમેન્ટ હાલમાં અટવાયેલું છે. પેમેન્ટ અટવાયું હોવા છતાં વેપારીઓનો નિર્ણય મક્કમ છે. વેપારીઓનું માનવું છે કે રૂપિયા કરતા માનવીય મૂલ્યો અને પોતાની આસ્થાનું સન્માન વધુ મહત્ત્વનું છે. આથી જ, આર્થિક જોખમ હોવા છતાં બાંગ્લાદેશ સરકારને પાઠ ભણાવવા માટે સુરતના કાપડ બજારોએ નિકાસ અટકાવવાનો કડક નિર્ણય લીધો છે.

સુરતમાં આવેલી કુલ 240 જેટલી ટેક્સટાઈલ માર્કેટો અને તેની સાથે સંકળાયેલા અંદાજે 17,000થી વધુ વેપારીઓ આ બહિષ્કારના આહવાનમાં જોડાયા છે. ફોસ્ટા દ્વારા તમામ વેપારીઓને અપીલ કરવામાં આવી છે કે જ્યાં સુધી બાંગ્લાદેશમાં હિન્દુઓની સુરક્ષા સુનિશ્ચિત ન થાય અને અત્યાચારો બંધ ન થાય, ત્યાં સુધી કોઈએ પણ નવા ઓર્ડર લેવા નહીં કે માલની સપ્લાય કરવી નહીં. આ નિર્ણયને કારણે બાંગ્લાદેશના ગારમેન્ટ ઉદ્યોગને મોટી અસર થવાની શક્યતા છે, કારણ કે તે સુરતના કાપડ પર નિર્ભર છે.

બાંગ્લાદેશનો ટેક્સટાઈલ ઉદ્યોગ કાચા માલ અને ફિનિશ્ડ ફેબ્રિક માટે મોટાભાગે સુરત પર આધાર રાખે છે. સુરતથી મોટા પાયે પ્રિન્ટેડ અને ડાઈડ ગારમેન્ટ ફેબ્રિકની નિકાસ થાય છે. વેપારીઓનું કહેવું છે કે જો આપણે આપણો માલ આપવાનું બંધ કરીશું, તો ત્યાંના ઉદ્યોગ પર તેની સીધી અસર પડશે. જે સુરતના વેપારીઓ બાંગ્લાદેશની સરકાર અને ત્યાંના કટ્ટરપંથી તત્વોને પર આ એક પ્રકારનો આર્થિક તમાચો છે. વિશ્વભરમાં ટેક્સટાઈલ હબ તરીકે જાણીતું સુરત હવે બાંગ્લાદેશ સાથેના તમામ વ્યાપારી સંબંધો તોડવાનો ફેડરેશન ઓફ ટેક્સટાઈલ ટ્રેડર્સ એસોસિએશન (FOSTA) દ્વારા સત્તાવાર રીતે આહવાન કરવામાં આવ્યું છે.

# પેંડા ગેંગના સાગરીતે ભાજપ કાર્યકરની ગાડીને આગ ચાંપી : અદાવતના ખારમાં કાર-સ્કૂટર સળગાવનાર યશ ઉર્ફે ઢોંડીની ધરપકડ, રિકન્સ્ટ્રક્શન દરમિયાન લંગડાતા લંગડાતા માફી માગી

**રાજકોટ, તા.26**

રાજકોટ શહેરમાં મવડી વિસ્તારમાં આવેલી નવલનગર શેરી નંબર 9નાં છેડે મુરલીધર ચોક પાસે પાર્ક કરેલી એક કાર અને બે સ્કુટરને પુનીતનગરનાં નામચીન શખ્સે પેટ્રોલ છાંટી સળગાવી દેવાની ઘટના સામે આવી છે. ઘટના અંગે જાણ તાત્કાલિક ફાયર વિભાગને કરવામાં આવતા પાણીનો સતત મારો ચલાવી આગ પર કાબુ મેળવવામાં આવ્યા હતો અને બનાવ અંગે પોલીસને જાણ કરવમાં આવી હતી.

પોલીસે આસપાસ CCTV તપાસી કાર્યવાહી શરૂ કરી હતી. દરમિયાન વાહનોમાં આગ લગાડનાર અન્ય કોઈ નહિ, પરંતુ પેંડા ગેંગનો સાગરીત યસ ઉર્ફે ઢોંડી હોવાનું સામે આવતા તેને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તેને ઘટના સ્થળ પર લઈ જઈ રિકન્સ્ટ્રક્શન કરાવવામાં આવ્યું હતું. આ સમયે આરોપી રીતસર લંગડાતો નજરે પડ્યો હતો અને જાહેરમાં બે હાથ જોડી લોકોની માફી માંગી રહ્યો હતો.

રાજકોટ શહેરના નવલનગર શેરી નંબર 9ના ખૂણે રહેતાં



ભરતભાઈ કાળભાઈ સિંધવની મારુતિ કંપનીની સ્વિફ્ટ કાર અને એક એક્ટિવા તથા એક ઈલેક્ટ્રીક ટુવ્હીલર પાર્ક કરેલું હતું. જેને બુધવારે મોડી રાત્રે 2.45 વાગ્યા આસપાસ અચાનક સળગતી હાલતમાં જોઈ ભરતભાઈ તથા આડોશ-પાડોશના લોકો દોડી ગયા હતા. આગ ઓલવવા પ્રયાસ શરૂ કર્યા તે દરમિયાન ફાયર બ્રિગેડને પણ જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડના જવાનો દ્વારા સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. જો કે આગની લપેટમાં આવેલી કાર અને બંને સ્કૂટર બાળીને ખાખ થઈ ગયા હતાં.

ભરતભાઈના કહેવા મુજબ તેના વાહનોમાં આગ પુનીતનગરના નામચીન શખ્સ યશ ઉર્ફે ઢોંડી બકરાણીયાએ લગાવી હતી. બુધવારે મોડી રાત્રે 2.45 વાગ્યે ટુવ્હીલર લઈને યશ ઉર્ફે ઢોંડી આવ્યો હતો અને તેની પાસે રહેલી શીશીમાંથી કાર તથા બે ટુવ્હીલર પર પેટ્રોલ છાંટ્યું હતું. પછી કાર નીચે કોથળા જેવું મુકી આગ લગાડી દીધી હતી જેથી આગમાં ત્રણેય વાહન બળી જતા નુકસાન થયું છે.

ભરતભાઈના વાહનોમાં આગ લગાડવા પાછળ કારણ અંગે તેમણે જણાવ્યું હતું કે, ગત શુક્રવારે રાતે ગોકુલધામના ગેટ પાસે મારા ભાઈ જયેશભાઈ અને બાબુભાઈ સાથે યશ ઉર્ફે ઢોંડી બકરાણીયાને મજાક મશ્કરી અને ગાળાગાળી કરવા બાબતે ઝઘડો થયો હતો. આ વખતે યશ પોતાની સાથે મારકુટ થયાની ફરિયાદ સાથે સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં પોલીસે યશની ફરિયાદ પરથી જયેશભાઈ અને બાબુભાઈ સામે ગુનો નોંધ્યો હતો. દરમિયાન પોતાના પર થયેલા હુમલાનો ખાર રાખી મોડી રાત્રે ત્રણ વાહનોને આગ લગાડી દીધી હતી.

બનાવ અંગેની જાણ થતાં માલવીયાનગર પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને બનાવ અંગે તપાસ શરૂ કરી હતી. પોલીસ તપાસમાં આગ લગાડનાર યશ ઉર્ફે ઢોંડી હોવાનું સ્પષ્ટ થઈ જતા ગુરુવારે સાંજે આરોપી યશની ધરપકડ કરી તેને ઘટના સ્થળ પર લઈ જઈ રિકન્સ્ટ્રક્શન કરાવવામાં આવ્યું હતું. દરમિયાન યશ લંગડાતો અને બે હાથ જોડી જાહેરમાં લોકોની માફી માંગતો નજરે પડ્યો હતો. બાબુભાઈનાં ભાઈ મયુરભાઈ સીંધવ હાલ વોર્ડ નં. 12માં મીડિયા સેલનાં પ્રમુખ છે અને આરોપી યશ પેંડા ગેંગનો સાગરીત છે.

# ફૂટપાથ પરથી 60 વર્ષીય અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો : મોતનું કારણ પી.એમ રિપોર્ટ બાદ સામે આવશે, પોલીસે વધુ તપાસ હાથ ધરી

**વડોદરા, તા.26**

વડોદરા શહેરના વારસિયા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા સંગમ ચાર રસ્તા પાસે આવેલા બસ સ્ટેશન પાછળ ફૂટપાથ પરથી અજાણ્યા 60 વર્ષીય પુરુષનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. આ મામલે વારસિયા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

શહેરના વારસિયા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા સંગમ ચાર રસ્તા પાસે બસ સ્ટેશન પાછળ ફૂટપાથ પરથી 60 વર્ષીય અજાણ્યા પુરુષનો મૃતદેહ સ્થાનિકને મળ્યો હતો. જેની જાણ પોલીસને કરવામાં આવતા જ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. આ અજાણ્યા પુરુષના મૃતદેહનો કબજો લઈ સયાજી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ રૂમ ખાતે ખસેડ્યો હતો.

આ બનાવ અંગે વારસિયા પોલીસ મથકમાં જાણવાજોગ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. હાલમાં આ અજાણ્યા પુરુષના મૃતદેહને સયાજી હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમમાં કોલ્ડ રૂમમાં મૂકવામાં આવ્યો છે. વારસિયા પોલીસે આ અજાણ્યા પુરુષનો વાલી વારસ કોણ છે. કયા કારણોસર મૃત્યુ થયું તે બાબતે તપાસ હાથ ધરી છે. આ અજાણ્યા પુરુષનું મૃત્યુ કયા કારણોસર થયું છે તે તો પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ ખબર પડશે. હાલમાં આ અજાણ્યો પુરુષ ભિક્ષુક હોય તેવો પ્રાથમિક પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

# સગીરાનું અપહરણ કરી બીભત્સ માગ કરનારને 5 વર્ષની કેદની સજા : ઘર છોડી દેવાનું કહી આરોપી સગીરાને એક્ટિવા પર લઈ ગયો, બીભત્સ માગ કરતા સગીરા કુદી ગઈ હતી

**વડોદરા, તા.26**

વડોદરા શહેરના છાણી વિસ્તારમાથી સગીરાનું એક્ટિવા પર બળજબરી પૂર્વક અપહરણ કર્યાં બાદ તેની સાથે બીભત્સ માગણી આરોપીએ કરી હતી. આ આરોપીને મેજિસ્ટ્રેટ દ્વારા કસૂરવાર ઠેરવીને પાંચ વર્ષની સજા ફટકારી હોવાનો હુકમ કરાયો છે. વડોદરા શહેરના વર્ષ 2019માં માતા 15 વર્ષીય સગીરાને છાણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા સુરમ્ય હાઈટપ પાસે ઘરેથી સ્કૂલ જવા માટે છકડામાં બેસાડીને આવ્યાં હતા. ત્યારબાદ સગીરા દીકરીએ કોઈના મોબાઈલ પરથી ફોન કરીને સ્કૂલે જવુ નથી તેમ કહ્યું હતું. જેથી માતાએ સ્કૂલ ના જવુ હોય તો રિક્ષામાં બેસી પાછી આવી તેમ કહ્યું હતું. આ દરમિયાન છાણી કેનાલ રોડ પર રહેતા સુરેશ અંબાલાલ વાસફોડિયા ત્યાં આવ્યો હતો અને સગારીને ફર્ટીલાઈઝર ઉતારી દેશે તેમ કહી એક્ટિવા પર બેસાડી લઈ ગયો હતો. છાણી ગુરુદ્વારા સામે એક્ટિવા પહોંચી ત્યારે સુરેશે મોપેડ કરોડિયા તરફ



લઈ ગયો હતો. જેથી સગીરાએ આ બાજુ કેમ લઈ જાઓ છો તેમ પુછતા તેણે પહેલા તેણે કરોડિયા તેમના કાકાને મળી લે પછી તેણી ફર્ટીલાઈઝર ઉતારશે. થોડા આગળ ગયા બાદ સુરેશ વાસફોડિયાએ સગીરા પાસે બીભત્સ માંગણી કરી હતી. જેથી સગીરાએ ના પાડી હતી. ત્યારે આ શખસે આ વાત કોઈને કહીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. જેથી ડરી ગયેલા સગીરાએ એક્ટિવા ઉભી રાખવા માટે કહ્યું હતું. પરંતુ તેણે એક્ટિવા ઉભી રાખી ન હતી. જેના કારણે સગીરા એક્ટિવા પર કુદકો મારીને ઉતરી ગઈ હતી. દરમિયાન સુરેશ વાસફોડિયા કરોડિયા તરફ ભાગી ગયો હતો. જેથી સગીરાની માતાએ છાણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી હતી. જેની સુનાવણી 24 ડિસેમ્બરના રોજ યોજાઈ હતી અને આ કેસ સ્પેશિયલ પોક્સો જજ તથા પાંચમાં એડિ. સેશન્સ જજ વડોદરા પ્રિયંકા અગ્રવાલની કોર્ટમાં ચાલી ગયો હતો. ત્યારે સરકારી વકીલ તથા આરોપીના વકીલ દ્વારા દલીલો કરાઈ હતી. જે દલીલોનો ગ્રાહ્ય રાખીને મેજિસ્ટ્રેટે આરોપી સુરેશ વાસફોડિયાને કસુરવાર ઠેરવીને પાંચ વર્ષની કેદની સજા ફટકારી છે.

# ભૂપેન્દ્ર પટેલ સંસ્કારી નગરી વડોદરાના મહેમાન : ગુરુદ્વારામાં દર્શન કરી વૈષ્ણવ પ્રેરણા મહોત્સવના કાર્યક્રમમાં હાજરી આપી, સાંસદ સહિત મનોરથીઓએ સ્વાગત કર્યું







વડોદરા, તા.26 : રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે વડોદરાના પ્રવાસે છે, જ્યાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. તેઓ વડોદરા આવે તે પહેલાં વહીવટી તંત્ર અને કોર્પોરેશન દ્વારા તેઓના રૂટ પર રંગરોગાન અને સમારકામ કરવામાં આવ્યું હતું. તેઓ આજે શહેરના વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી રહ્યાં છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વડોદરા એરપોર્ટથી સીધા વડોદરા જિલ્લાના સર્કિટ હાઉસ ખાતે પહોંચ્યા હતા. બપોરે તેઓ શહેરના ખંડેરાવ માર્કેટ સ્થિત ગુરુદ્વારા ખાતે દર્શન કરવા ગયા હતા. ત્યારબાદ તેઓ નવલખી મેદાન ખાતે યોજાઈ રહેલા ગ્લોબલ હિન્દુ વૈષ્ણવ પ્રેરણા મહોત્સવ કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચ્યા છે. ત્યારબાદ વડોદરા શહેરના સયાજીનગર ગૃહ, અકોટા ખાતે મહાનગરપાલિકાના આયોજીત કાર્યક્રમમાં વિવિધ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે. કાર્યક્રમ પૂર્ણ થયે વડોદરા એરપોર્ટ થઈ અમદાવાદ જવા રવાના થશે.

# વિજય હજારે ટ્રોફીની મેચમાં રોહિત શર્માનો સાથી ખેલાડી ઈજાગ્રસ્ત, સ્ટ્રેચર પર હોસ્પિટલ લઈ જવાયો





**નવી દિલ્હી, તા.26**

વિજય હજારે ટ્રોફીમાં આજે મુંબઈ અને ઉત્તરાખંડની ટીમ વચ્ચે મેચ રમાઈ. જયપુરમાં રમાતી આ મેચમાં મોટી દુર્ઘટના થઈ હતી. સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં મુંબઈનો યુવા ક્રિકેટર અંગક્રૃષ રઘુવંશી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ ગયો. જે બાદ તેને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવાયો હતો. 21 વર્ષના અંગક્રૃષ રઘુવંશી બાઉન્ડ્રી પર ફિલ્ડિંગ કરી રહ્યો હતો. ત્યારે તનુષ કોટિયનની ઓવર દરમિયાન ઉત્તરાખંડના બેટર સૌરભ રાવતે સ્લોગ સ્લીપ રમવા પ્રયાસ કર્યો. જે બાદ અંગક્રૃષ કેચ પકડવા દોડ્યો અને પણ પ્રયાસ સફળ ન રહેતા જમીન પર પટકાયો. જે બાદ તે જમીન પર જ સૂઈ ગયો હતો. સ્થિતિને જોતાં મેડિકલ ટીમ તાત્કાલિક મેદાન પર પહોંચી અને સ્ટ્રેચર પર અંગક્રૃષને મેદાનની બહાર લઈ જવાયો.

આજની મેચમાં અંગક્રૃષે 20 બોલમાં 11 રન ફટકાર્યા. મુંબઈએ પહેલા બેટિંગ કરીને 50 ઓવરમાં કુલ 331 રન ફટકાર્યા હતા. આજની મેચમાં મુંબઈનો રોહિત શર્મા પહેલી જ બોલમાં આઉટ થઈ ગયો.

## વિજય હજારે ટ્રોફીઃ ગુજરાત સામેની મેચમાં વિરાટ કોહલી સદી ચૂક્યો, પંતે 70 રન ફટકાર્યા

**નવી દિલ્હી, તા.26**



ભારતીય ટીમનો સુપરસ્ટાર ખેલાડી વિરાટ કોહલી આજે ફરી વિજય હજારે ટ્રોફીમાં છવાયો હતો. આજે બેંગલુરુમાં ગુજરાત અને દિલ્હી વચ્ચે મેચ રમાઈ હતી. જેમાં દિલ્હી તરફથી રમતો વિરાટ કોહલી સદી ચૂક્યો.

આજની મેચમાં વિરાટ કોહલીએ ગુજરાત વિરુદ્ધ 61 બોલમાં 77 રન ફટકાર્યા. તેણે 13 ચોગ્ગા અને 1 છગ્ગો ફટકાર્યો. જોકે વિશાલ જયસ્વાલની ઓવરમાં ઉર્વિલ પટેલે સ્ટંપિંગ કરી વિરાટને આઉટ કર્યો. વિરાટ ક્રિઝ પર આવ્યો ત્યારે દિલ્હીનો સ્કોર માત્ર 2 રન હતા. તે આઉટ થયો ત્યારે સ્કોર 108 રને પહોંચી ગયો. જે બાદ દિલ્હીનો કેપ્ટન રિષભ પંત મેદાને આવ્યો.

રિષભ પંતે આજની મેચમાં 79 બોલમાં આઠ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી 70 રન ફટકાર્યા. દિલ્હીએ 50 ઓવરમાં કુલ 254 રન ફટકાર્યા.

નોંધનીય છે કે વિરાટ કોહલી અને રોહિત શર્મા બંને ખેલાડીઓની નજર આગામી વનડે વર્લ્ડકપ પર છે. જે માટે તેઓ તૈયારી બતાવવા માટે ઘરેલુ ક્રિકેટ પણ રમી રહ્યા છે. વિજય હજારે ટ્રોફીમાં બંને ખેલાડીઓની ઉમદા બેટિંગ જોઈ ક્રિકેટ ફેન્સ પણ ખુશ છે.

## 11 ચોગ્ગા, 4 છગ્ગા અને 106 રન! ટી20 વર્લ્ડકપ ટીમમાં પસંદગી બાદ વિજય હઝારે ટ્રોફીમાં છવાયો યુવા ખેલાડી

**નવી દિલ્હી, તા.26**



વિજય હજારે ટ્રોફી 50 ઓવરની ટુર્નામેન્ટ ભારતમાં રમાઈ રહી છે. ઉત્તર પ્રદેશના કેપ્ટન રિંકુ સિંહે 26મી ડિસેમ્બર રોજ રાજકોટમાં ચંડીગઢ સામે શાનદાર અણનમ 11 ચોગ્ગા, 4 છગ્ગાની મદદથી 106 રન બનાવ્યા. નોંધપાત્ર વાત એ છે કે, તેણે માત્ર 56 બોલમાં પોતાની સદી પૂરી કરી.

રિંકુ સિં હે પોતાની ઈનિંગ શાંતિથી શરૂ કરી, પરંતુ પછી તેણે 60 બોલમાં 11 ચોગ્ગા અને ચાર છગ્ગાની મદ દથી 106 રનની અણનમ ઈનિંગ રમી. આ શાનદાર ઈનિંગે ઉત્તર પ્રદેશને 50 ઓવરમાં 367 રન બનાવવા માટે મદદ કરી. રિંકુ ઉપરાંત આર્યન જુયાલે પણ ચંડીગઢ સામે યુપી માટે શાનદાર સદી ફટકારી હતી. આર્યને 118 બોલમાં 134 રન બનાવ્યા હતા. વિકેટકીપર-બેટ્સમેન ધ્રુવ ચંદે પણ 67 રન બનાવ્યા હતા. આઈપીએલમાં કરોડોમાં ખરીદાયેલા સમીર રિઝવીએ 32 રન બનાવ્યા હતા, જ્યારે પ્રશાંતવીરે 12 રન બનાવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, 28 વર્ષીય રિંકુ સિંહનું ફોર્મ ભારતીય ટીમ માટે પણ સારું છે, કારણ કે તેને 2026માં યોજાનાર T20 વર્લ્ડ કપ માટે ભારતીય ટીમમાં પસંદ કરવામાં આવ્યો છે. તે ભારત અને શ્રીલંકામાં યોજાનારી આ ICC ટુર્નામેન્ટમાં ટીમ ઈન્ડિયા માટે ફિનિશરની ભૂમિકા ભજવશે. ચાહકોને આશા છે કે તેનું ફોર્મ ચાલુ રહેશે અને જરૂર પડ્યે તે મેન ઈન બ્લુ માટે પ્રભાવશાળી પ્રદર્શન કરશે.

આજે બેંગલુરુમાં ગુજરાત અને દિલ્હી વચ્ચે મેચ રમાઈ હતી. જેમાં દિલ્હી તરફથી રમતો વિરાટ કોહલી સદી ચૂક્યો. આજની મેચમાં વિરાટ કોહલીએ ગુજરાત વિરુદ્ધ 61 બોલમાં 77 રન ફટકાર્યા. તેણે 13 ચોગ્ગા અને 1 છગ્ગો ફટકાર્યો. જોકે વિશાલ જયસ્વાલની ઓવરમાં ઉર્વિલ પટેલે સ્ટંપિંગ કરી વિરાટને આઉટ કર્યો. વિરાટ ક્રિઝ પર આવ્યો ત્યારે દિલ્હીનો સ્કોર માત્ર 2 રન હતા. તે આઉટ થયો ત્યારે સ્કોર 108 રને પહોંચી ગયો. જે બાદ દિલ્હીનો કેપ્ટન રિષભ પંત મેદાને આવ્યો. રિષભ પંતે આજની મેચમાં 79 બોલમાં આઠ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી 70 રન ફટકાર્યા. દિલ્હીએ 50 ઓવરમાં કુલ 254 રન ફટકાર્યા.

## બોક્સિંગ ડે ટેસ્ટ મેચમાં પહેલા દિવસે 20 વિકેટ પડી, 124 વર્ષ બાદ બન્યો ઐતિહાસિક રેકોર્ડ

**નવી દિલ્હી, તા.26**



ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચોની એશિઝ સિરીઝની ચોથી મેચ 26 ડિસેમ્બર (શુક્રવાર) થી મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર શરૂ થઈ. આ બોક્સિંગ ડે ટેસ્ટ મેચના પહેલા જ દિવસે વિકેટોનો વરસાદ જોવા મળ્યો હતો. ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ બંનેની પ્રથમ ઈનિંગ્સ ઓછા રનમાં સમેટાઈ ગઈ. દિવસના અંતે, ઓસ્ટ્રેલિયાએ તેની બીજી ઈનિંગ્સમાં વિના વિકેટે 4 રન બનાવ્યા હતા અને તેની કુલ લીડ 46 રનની થઈ ગઈ છે.

પ્રથમ દિવસની રમતમાં કુલ 20 બેટ્સમેન આઉટ થયા, અને આ તમામ વિકેટો ઝડપી બોલરોએ લીધી હતી. લગભગ 124 વર્ષ પછી એવું બન્યું છે કે જ્યારે એશિઝ ટેસ્ટ મેચના પહેલા દિવસે 20 કે તેથી વધુ વિકેટો પડી હોય. આ પહેલા જાન્યુઆરી 1902માં આ જ મેદાન પર પ્રથમ દિવસની રમતમાં કુલ 25 વિકેટો પડી હતી. આ ઉપરાંત, આ ચોથી વખત છે જ્યારે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર ટેસ્ટ મેચના કોઈ એક દિવસમાં 20 કે તેથી વધુ વિકેટો પડી હોય.

મેચમાં ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયન ટીમ તેની પ્રથમ ઈનિંગ્સમાં માત્ર 152 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. ઓસ્ટ્રેલિયા માટે માઈકલ નેસરે (35) અને ઉસ્માન ખ્વાજાએ (29) જ થોડો સંઘર્ષ કર્યો હતો. ઈંગ્લેન્ડના ઝડપી બોલર જોશ ટંગે ઘાતક બોલિંગ કરતા 5 વિકેટ ઝડપી હતી.

જવાબમાં ઈંગ્લેન્ડની પ્રથમ ઈનિંગ્સ પણ લાંબો સમય ટકી શકી નહીં અને સમગ્ર ટીમ 110 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. આના આધારે ઓસ્ટ્રેલિયાને પ્રથમ ઈનિંગ્સમાં 42 રનની મહત્વની લીડ મળી. ઈંગ્લેન્ડ તરફથી હેરી બ્રુકે સૌથી વધુ 41 રન બનાવ્યા. ગસ એટકિન્સન (28) અને કેપ્ટન બેન સ્ટોક્સ (16) બે આંકડામાં પહોંચનારા અન્ય બેટ્સમેન હતા. ઓસ્ટ્રેલિયા તરફથી માઈકલ નેસરે ચાર અને સ્કોટ બોલેન્ડે ત્રણ વિકેટ ઝડપી હતી.

MCGમાં એક દિવસના ખેલમાં સૌથી વધુ વિકેટ (ટેસ્ટ મેચ)

25 - ઓસ્ટ્રેલિયા vs ઈંગ્લેન્ડ, 1901-02 (પ્રથમ દિવસ)

20 - ઓસ્ટ્રેલિયા vs દક્ષિણ આફ્રિકા, 1931-32 (પ્રથમ દિવસ)

20 - ઓસ્ટ્રેલિયા vs ઈંગ્લેન્ડ, 1894-95 (પ્રથમ દિવસ)

20 - ઓસ્ટ્રેલિયા vs ઈંગ્લેન્ડ, 2025-26 (પ્રથમ દિવસ)

18 - ઓસ્ટ્રેલિયા vs ઈંગ્લેન્ડ, 1998-99 (ચોથો દિવસ)

18- ઓસ્ટ્રેલિયા vs ઈંગ્લેન્ડ, 1903-04 (ત્રીજો દિવસ)

ઉલ્લેખનીય છે કે ઓસ્ટ્રેલિયન ટીમ આ સિરીઝમાં 3-0ની અજેય સરસાઈ સાથે એશિઝ પોતાના નામે કરી ચૂકી છે. બંને ટીમોની બેટિંગ નિષ્ફળતા સ્પષ્ટપણે દર્શાવે છે કે મેચમાં બોલરોનો દબદબો રહ્યો હતો અને પિચે પ્રથમ દિવસથી જ બેટ્સમેનો માટે મુશ્કેલીઓ ઊભી કરી હતી.

# 'આ પાખંડ વિનાશ સર્જશે...', બાંગ્લાદેશમાં યુવકને જીવતા બાળવાની ઘટના અંગે ભડકી જ્હાન્વી કપૂર



**મુંબઈ, તા.26**

બાંગ્લાદેશમાં દીપુ ચંદ્ર દાસ નામના વ્યક્તિને જીવતા સળગાવી દેવાની અમાનવીય ઘટનાએ વિશ્વભરને હચમચાવી દીધું છે. આ બર્બરતા સામે હવે બોલિવૂડ અભિનેત્રી જ્હાન્વી કપૂરે અવાજ ઉઠાવ્યો છે. સોશિયલ મીડિયા પર એક લાંબી પોસ્ટ લખીને તેણે પોતાનો ગુસ્સો અને દુઃખ વ્યક્ત કર્યું છે.

જ્હાન્વી કપૂરે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક લાંબી અને ભાવુક નોટ શેર કરી છે. તેણે લખ્યું કે, 'બાંગ્લાદેશમાં જે થઈ રહ્યું છે તે અત્યંત બર્બર છે. આ માત્ર એક ઘટના નથી, પરંતુ એક નરસંહાર છે. જો તમને આ અમાનવીય પબ્લિક લિંચિંગ વિશે ખબર નથી, તો તેના વિશે વાંચો, વીડિયો જુઓ અને પ્રશ્નો પૂછો.' અભિનેત્રીએ વધુમાં લખ્યું કે, 'જો આ બધું જોયા પછી પણ તમને ગુસ્સો નથી આવતો, તો આ દંભ આપણને બરબાદ કરી દેશે. આપણે દુનિયાના બીજા ખૂણે થતી ઘટનાઓ પર રડતા રહીએ છીએ, પણ જ્યારે આપણા પોતાના ભાઈ-બહેનોને જીવતા સળગાવવામાં આવે છે ત્યારે ચૂપ રહીએ છીએ.'

ઉગ્રવાદની નિંદા કરતા જ્હાન્વીએ કહ્યું કે, 'આપણી માનવતા ભૂલી જઈએ તે પહેલા કોઈપણ કટ્ટરવાદનો વિરોધ કરવો જરૂરી છે. આપણે માત્ર પ્યાદા છીએ જે માનીએ છીએ કે આપણે કોઈ સીમાની બંને તરફ રહીએ છીએ. વાસ્તવિકતાને ઓળખો અને તમારી જાતને જ્ઞાનથી સજ્જ કરો, જેથી તમે એ નિર્દોષ જીવો માટે અવાજ ઉઠાવી શકો જે આ સાંપ્રદાયિક હિંસામાં ખતમ થઈ રહ્યા છે.'

નોંધનીય છે કે જ્હાન્વી કપૂર આ દિવસોમાં તેની ફિલ્મ 'હોમબાઉન્ડ'ને લઈને ચર્ચામાં છે, જે ઓસ્કર 2026 માટે શોર્ટલિસ્ટ થઈ છે. આ ઉપરાંત, તે રામ ચરણ સાથે ફિલ્મ 'પેદ્દી'માં જોવા મળશે. તાજેતરમાં તે વરુણ ધવન સાથે 'સની સંસ્કારી કી તુલસી કુમારી'માં જોવા મળી હતી.

## કરોડોમાં છે સલમાન ખાનની નેટવર્થ, એક્ટિંગ ઉપરાંત જાણો ક્યાં-ક્યાંથી કરે છે કમાણી....



**મુંબઈ, તા.26**

બોલિવૂડમાં સ્ટાર્સની કારકિર્દી ઉતાર-ચઢાવ ભરેલી હોય છે, પરંતુ સલમાન ખાને પોતાની એક એવી ઓળખ બનાવી છે જે માત્ર ફિલ્મો સુધી મર્યાદિત નથી. તાજેતરમાં 60 વર્ષના થયેલા 'ભાઈજાન'ની કુલ સંપત્તિ લગભગ 3000 કરોડ રૂપિયા છે. ચોંકાવનારી વાત એ છે કે આ સંપત્તિનો અડધો હિસ્સો તેણે ફિલ્મો સિવાયના બિઝનેસમાંથી મેળવ્યો છે. રિયલ સ્ટેટથી લઈને ફિટનેસ વેન્ચર્સ સુધી, સલમાન ખાન અનેક ક્ષેત્રોમાં સક્રિય છે.

2007માં સલમાને 'બીઈંગ હ્યુમન ફાઉન્ડેશન'ની સ્થાપના કરી હતી. આ સંસ્થા શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રમાં હૃદયની સર્જરી અને કેન્સર જેવી બીમારીઓમાં દર્દીઓને મદદ કરે છે. આ ફાઉન્ડેશનની ખાસિયત એ છે કે તે લોકો પાસે દાન માંગવાને બદલે કપડાં અને અન્ય એસેસરીઝના વેચાણ દ્વારા ફંડ એકત્ર કરે છે.

ફિટનેસ સલમાન ખાનની ઓળખ છે. 2019માં તેણે SK-27 નામની જીમ ચેઈન લોન્ચ કરી હતી. આ ઉપરાંત, તેણે 'બીઈંગ સ્ટ્રોન્ગ' (Being Strong) બ્રાન્ડ હેઠળ હાઈ-ક્વોલિટી ફિટનેસ ઈક્વિપમેન્ટ પણ બજારમાં લોન્ચ કર્યા છે. મુંબઈ, નોઈડા અને કોલકાતા જેવા મોટા શહેરોમાં તેમના હાઈ-ટેક જીમ આવેલા છે.

2011માં સ્થપાયેલું આ પ્રોડક્શન હાઉસ સલમાનની કમાણીનો મોટો સ્ત્રોત છે. 'ચિલ્લર પાર્ટી'થી લઈને 'બજરંગી ભાઈજાન' જેવી સુપરહિટ ફિલ્મો આ બેનર હેઠળ બની છે. તેની પ્રથમ ફિલ્મ 'ચિલ્લર પાર્ટી' એ તો 3 નેશનલ એવોર્ડ્સ પણ જીત્યા હતા.

સલમાન ખાન 2010થી રિયાલિટી શો 'બિગ બોસ' હોસ્ટ કરી રહ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બિગ બોસની સીઝન 19 માટે તેઓ દર અઠવાડિયે 45થી 50 કરોડ રૂપિયા જેવી માતબર ફી લેતો હોવાની ચર્ચા છે.

સલમાન ખાન એક સારો પેઈન્ટર પણ છે. તેના આર્ટવર્કની ઘણી ડિમાન્ડ હોય છે અને તેની વેચાણમાંથી થતી કમાણી પણ 'બીઈંગ હ્યુમન'માં જાય છે. આ ઉપરાંત, કોરોનાકાળ દરમિયાન તેણે 'FRSH' નામની પોતાની ગ્રૂમિંગ અને પર્સનલ કેર બ્રાન્ડ પણ લોન્ચ કરી હતી.

સલમાન ખાન પેપ્સી, સુઝુકી, ડાબર, રીયલમી અને ડિક્સી સ્કોટ જેવી અનેક મોટી બ્રાન્ડ્સ સાથે જોડાયેલા છે. રીપોર્ટ મુજબ, સલમાન એક જાહેરાત શૂટ કરવાના 6 થી 7 કરોડ રૂપિયા વસૂલે છે.

## રણવીરે ડોન થ્રી છોડી નથી પરંતુ બહુ નખરાં કર્યાં એટલે કાઢી મૂકાયો છે

**રણવીરે બહુ જ અતાર્કિક ડિમાન્ડસ કરવા માંડી હતી એટલે ફરહાને દરવાજો દેખાડી દીધો**



મુંબઈ : 'ધુરંધર'ની સફળતા બાદ રણવીરે 'ડોન થ્રી' ફિલ્મ છોડી દીધી હોવાની ચર્ચા શરુ થઈ હતી પરંતુ હવે એક નવા દાવા અનુસાર વાસ્તવમાં રણવીરે આ ફિલ્મ છોડી દીધી નથી પરંતુ ખુદ ફરહાન અખ્તરે જ તેને પડતો મૂકી દીધો છે. જો આ દાવો સાચો હોય તો રણવીર અને દીપિકા બંને પોતાનીં ગેરવાજબી માગણીઓને કારણે ફિલ્મો ગુમાવી રહ્યાં છે. અગાઉ દીપિકા પણ આવાં જ કારણોસર 'સ્પિરિટ' તથા 'કલ્કિ ટુ' સહિતની ફિલ્મો ગુમાવી ચૂકી છે.

દાવા અનુસાર રણવીરે ફરહાન પાસેથી બહુ ગેરવાજબી ડિમાન્ડસ કરવા માંડી હતી. તેમણે જણાવ્યું હતું કે હકીકતમાં રણવીરની એક પછી એક ત્રણ ફિલ્મો ફલોપ થઈ હોવા છતાં પણ ફરહાન તેની પડખે ઉભો રહ્યો હતો અને 'ડોન થ્રી'માં તેને કાસ્ટ કર્યો હતો. રણવીર હવે બોક્સ ઓફિસ પર સેલેબલ સ્ટાર નથી રહ્યો તેમ જણાવી સંજય લીલા ભણશાળીએ તેની 'બૈજુ બાવરા' ફિલ્મ પડતી મૂકી હતી તેમ છતાં પણ ફરહાન રણવીરને 'ડોન થ્રી'માં કાસ્ટ કરવા માટે મક્કમ રહ્યો હતો. પરંતુ, રણવીરે કેટલીક અંધાધૂંધ માગણીઓ કરતાં ફરહાને તે સ્વીકારવા ના પાડી દીધી હતી અને આખરે રણવીરને પડતો મૂકી દીધો હતો.

# સોના-ચાંદીમાં સતત ચોથા દિવસે રેકોર્ડબ્રેક તેજી: ચાંદી એક દિવસમાં ₹13 હજાર મોંઘી થઈ, 2.32 લાખને પાર

**નવી દિલ્હી, તા.26**



સોના-ચાંદીના ભાવ આજે (26 ડિસેમ્બર) સતત ચોથા દિવસે ઓલટાઈમ હાઈ પર છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, 1 કિલો ચાંદીની કિંમત 13,117 રૂપિયા વધીને 2,32,100 રૂપિયા પ્રતિ કિલોના ઓલટાઈમ હાઈ પર પહોંચી ગઈ છે. આ પહેલાં બુધવારે એની કિંમત 2,18,983/કિલો હતી.

10 દિવસમાં ચાંદી 43,819 રૂપિયા મોંઘી થઈ છે. 11 ડિસેમ્બરે એની કિંમત 1,88,281 રૂપિયા પ્રતિ કિલો હતી. જ્યારે સોનાની કિંમત 1,287 રૂપિયા વધીને 1,37,914 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પહોંચી ગઈ છે. આ પહેલાં બુધવારે એ 1,36,627/10g રૂપિયા પર હતું.

IBJAના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન સામેલ નથી હોતું, તેથી શહેરોના રેટ્સ એનાથી અલગ હોય છે. આ રેટ્સનો ઉપયોગ RBI સોવરિન ગોલ્ડ બોન્ડના રેટ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના રેટ નક્કી કરવા માટે એનો ઉપયોગ કરે છે.

આ વર્ષે અત્યારસુધીમાં સોનાની કિંમત 61,752 રૂપિયા વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,37,914 રૂપિયા થઈ ગયું છે.

ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 1,46,083 રૂપિયા વધ્યો છે. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 2,32,100 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

ડોલર નબળો- અમેરિકા દ્વારા વ્યાજદરો ઘટાડવાથી ડોલર નબળો પડ્યો અને સોનાની હોલ્ડિંગ કોસ્ટ ઓછી થઈ, જેના કારણે લોકો ખરીદવા લાગ્યા.

ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ- રશિયા-યુક્રેન યુદ્ધ અને વિશ્વમાં તણાવ વધવાને કારણે રોકાણકારો સોનાને સૌથી સુરક્ષિત રોકાણ માનીને ખરીદી રહ્યા છે.

રિઝર્વ બેંક- ચીન જેવા દેશો પોતાની રિઝર્વ બેંકમાં સોનું ભરી રહ્યા છે, તેઓ વર્ષભરમાં 900 ટનથી વધુ ખરીદી કરી રહ્યા છે, તેથી ભાવ વધી રહ્યા છે.

ઔદ્યોગિક માગ- સોલર, ઈલેક્ટ્રોનિક્સ અને EVમાં ભારે ઉપયોગ, ચાંદી હવે માત્ર જ્વેલરી નથી, પરંતુ એક આવશ્યક કાચો માલ બની ગઈ છે.

ટ્રમ્પનો ટેરિફનો ડર- અમેરિકન કંપનીઓ ચાંદીનો મોટો સ્ટોક જમા કરી રહી છે, વૈશ્વિક પુરવઠામાં ઘટાડાને કારણે કિંમતો વધી છે.

ઉત્પાદકોની સ્પર્ધા- ઉત્પાદન અટકી જવાની ભીતિથી બધા અગાઉથી ખરીદી રહ્યા છે, આ જ કારણ છે કે આવનારા મહિનાઓમાં પણ તેજી જળવાઈ રહેશે.

કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયાએ જણાવ્યું હતું કે ચાંદીની માગમાં હાલ તેજી છે જે આગળ પણ જળવાઈ રહેવાનો અંદાજ છે. આવી સ્થિતિમાં ચાંદી આગામી 1 વર્ષમાં 2.50 લાખ સુધી પહોંચી શકે છે. સોનાની વાત કરીએ તો એની માગમાં પણ તેજી જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં આવતા વર્ષ સુધીમાં એ 10 ગ્રામદીઠ 1.50 લાખ રૂપિયાને પાર કરી શકે છે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે એની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે અલગ-અલગ હોય છે.

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે.

આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ખૂબ ઝડપથી પીગળશે.

સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવી શકે છે.

ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળું નિશાન આવે તો અસલી છે.

## ચાંદી વિશ્વની ત્રીજી સૌથી મૂલ્યવાન એસેટ, માર્કેટ કેપ વધીને 4.04 ટ્રિલિયન ડોલર...

### સોનું ૧૫ ટ્રિલિયન ડોલર સાથે નંબર-૧ જ્યારે ચિપ જાયન્ટ કંપની એનવીડિયા ૪.૫૭ ટ્રિલિયન ડોલર સાથે બીજા સ્થાને




ચાંદીની ચળકાટે અનેકોની આંખો અંજાઈ દીધી છે. ચાંદીના ભાવમાં છેલ્લા એક જ વર્ષમાં ૧૫૦ ટકાથી વધુનો બમ્પર વધારો જોવા મળ્યો છે. ચાંદી દિવસે ને દિવસે નવા રેકોર્ડ બનાવી રહી છે. રોજબરોજ ભાવ નવા ઓલટાઈમ હાઈ સર કરી રહ્યાં છે. આ સાથે ચાંદીએ ક્રિસમસ ઈવનિંગે એક નવો માઈલસ્ટોન હાંસલ કર્યો છે. ચાંદીએ વિશ્વની ત્રીજી સૌથી મૂલ્યવાન એસેટ ક્લાસનું બિરૂદ હાંસલ કર્યું છે.

૨૦૨૫ના અંતિમ તબક્કામાં સોના-ચાંદી-પ્લેટિનમના ભાવ નવા રેકોર્ડ બનાવી રહ્યા છે અને રોકાણકારોને જબરદસ્ત વળતર આપી રહ્યા છે. કુલ વાર્ષિક વળતરની દ્રષ્ટિએ ચાંદીએ સોનાને પછાડ્યું છે, પરંતુ સોનું હજુ પણ મૂલ્યમાં ચાંદીથી આગળ છે. ચાંદીએ આ સપ્તાહની જ ૫ ટકાથી વધુની તેજી સાથે વેલ્યુએશનની દ્રષ્ટિએ આઈફોન નિર્માતા એપલ અને સર્ચ ગૂગલને પાછળ છોડી દીધા છે.

વૈશ્વિક વાયદા બજારમાં ચાંદીના ભાવ ૭૧ ડોલર પ્રતિ ઔંસને વટાવી ગયા છે. ચાંદી હવે વિશ્વની ત્રીજી સૌથી મૂલ્યવાન સંપત્તિ બની ગઈ છે. અગાઉ, એપલ ત્રીજા સ્થાને હતું. જોકે ચાંદીના ભાવમાં રેકોર્ડ ઉછાળાએ એપલને પાછળ છોડી દીધું છે. ચાંદીનું કુલ માર્કેટ કેપ ૪.૦૪ ટ્રિલિયન ડોલરને પાર પહોંચી ગયું છે અને એપલનું માર્કેટ કેપ ૪.૦૨ ટ્રિલિયન ડોલર છે. વિશ્વની સૌથી મૂલ્યવાન સંપત્તિઓમાં એક તો સોનું હાલમાં ચાંદીથી આગળ એટલેકે નંબર-૧ પર છે. સોનાની માર્કેટ કેપિટલ ૪૫૦૫ ડોલર પ્રતિ ઔંસના ભાવે ૧૫ ટ્રિલિયન ડોલર સાથે શિખરે છે જ્યારે બીજા ક્રમે ચિપ જાયન્ટ કંપની એનવીડિયા ૪.૫૭ ટ્રિલિયન ડોલર સાથે બીજા સ્થાને છે.

ચાંદીનો રિલેટિવ સ્ટ્રેન્થ ઈન્ડેક્સ ૮૦ પર છે. ૭૦થી ઉપરનો આરએસઆઈ ઓવરબોટ માનવામાં આવે છે આર્થાત્ ટેક્નિકલ ઈન્ડિકેટર પર ચાંદી હાલમાં ઓવરબોટ ઝોનમાં છે.

બજારના નિષ્ણાતોના મતે આગામી મહિનાઓમાં ચાંદીના ભાવમાં હજુ પણ વધુ વધારો જોવા મળી શકે છે. ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં સતત ઘટાડો, ભૂ-રાજકીય તણાવમાં વધારો ચાંદીને વધુ આકર્ષક બનાવે છે. ૨૦૨૬ની શરૂઆતમાં ફરી ફેડ દ્વારા વ્યાજદર વધારો થઈ શકે છે.

# આજથી રેલ યાત્રા મોંઘી થઈ : અમદાવાદથી દિલ્હી માટે ₹20 વધુ લાગશે, પહેલેથી બુક કરેલી ટ્રેન ટિકિટ પર કોઈ વધારાનો ચાર્જ નહીં

**નવી દિલ્હી, તા.26**



રેલ યાત્રા મોંઘી થઈ ગઈ છે. કારણ કે રેલવેએ પ્રતિ કિલોમીટર 2 પૈસાના હિસાબે ભાડું વધારી દીધું છે. નવા ફેરફાર પછી જો તમે 215 કિલોમીટરથી વધુનો પ્રવાસ કરવા માટે ટિકિટ બુક કરી રહ્યા છો તો તમને વધેલી કિંમત પર જ ટિકિટ મળશે. આ હિસાબે જો તમે 1000 કિલોમીટરના અંતર માટે ટિકિટ બુક કરી રહ્યા છો, તો તમને 20 રૂપિયા વધારાના ચૂકવવા પડશે.

જોકે, જો તમે આજે એટલે કે 26 ડિસેમ્બર પહેલાં ટિકિટ બુક કરી લીધી છે, તો તમને કોઈ વધારાનો ચાર્જ ચૂકવવો પડશે નહીં કે ન તો તમારી ટિકિટ પર સુધારેલું ભાડું દેખાશે. આજે કે આજ પછી TTE પાસેથી પ્રવાસ દરમિયાન ટ્રેન કે સ્ટેશન પર ટિકિટ બનાવડાવવા પર પણ વધેલું ભાડું લાગુ પડશે.

215 કિલોમીટરથી ઓછી દૂરીની યાત્રા કરનારાઓ અને મંથલી સીઝન ટિકિટ હોલ્ડર્સ (પાસ)ના ભાડામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. રેલવેનો અંદાજ છે કે આ ફેરફારથી તેને વાર્ષિક 600 કરોડ રૂપિયાની વધારાની કમાણી થશે. રેલવેએ તેની જાહેરાત 21 ડિસેમ્બરે કરી હતી.

રેલવેએ નાના રૂટ પર મુસાફરી કરતા કરોડો મુસાફરોને રાહત આપી છે. 215 કિલોમીટરથી ઓછા અંતરની મુસાફરી માટે ભાડામાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. આનો અર્થ એ છે કે ટૂંકા અંતરની મુસાફરી પહેલાની જેમ સસ્તી રહેશે.

આ ઉપરાંત, દરરોજ મુસાફરી કરતા મુસાફરો માટે પણ રાહતના સમાચાર છે. રેલવેએ સબ-અર્બન (ઉપનગરીય) ટ્રેનો અને માસિક સીઝન ટિકિટ (MST)ના ભાવમાં કોઈ ફેરફાર કર્યો નથી. આનાથી મુંબઈ, દિલ્હી, કોલકાતા અને ચેન્નઈ જેવા શહેરોમાં લોકલ ટ્રેનોમાં મુસાફરી કરતા લાખો મુસાફરો પર કોઈ બોજ પડશે નહીં.

રેલવે મંત્રાલયના સૂત્રો અનુસાર, આ ભાડા વધારો ઓપરેશનલ કોસ્ટ (સંચાલન ખર્ચ) માં થઈ રહેલો વધારો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સને ભંડોળ પૂરું પાડવા માટે જરૂરી છે. રેલવે સતત તેની સેવાઓને સુધારવા, નવી ટ્રેનો ચલાવવા અને સ્ટેશનોના આધુનિકીકરણ પર કામ કરી રહ્યું છે.

આ ભાડા વધારાથી મળેલી 600 કરોડ રૂપિયાની વધારાની આવકનો ઉપયોગ આ જ કામોમાં કરવામાં આવશે. આ દેશનો બીજો સૌથી મોટો નોકરીદાતા છે અને તેના નેટવર્કને જાળવી રાખવામાં મોટો ખર્ચ થાય છે.

આ પહેલા આ જ વર્ષે 1 જુલાઈએ સરકારે રેલવે ભાડામાં વધારો કર્યો હતો. ત્યારે નોન-એસી મેલ/એક્સપ્રેસ ટ્રેનોના ભાડામાં 1 પૈસો પ્રતિ કિલોમીટર અને એસી ક્લાસના ભાડામાં 2 પૈસા પ્રતિ કિલોમીટરનો વધારો કર્યો હતો. જ્યારે આ પહેલા 2020માં મુસાફર ભાડું વધાર્યું હતું.

# ઈન્કમ ટેક્સ રિફંડ અટકવાનો મેસેજ આવે તો ગભરાશો નહીં : 31 ડિસેમ્બર સુધી ભૂલ સુધારવાની તક, જાણો રિફંડ હોલ્ડ થવાના 5 મોટા કારણો....

**નવી દિલ્હી, તા.26**




ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટે છેલ્લા કેટલાક દિવસોમાં મોટા પાયે ટેક્સપેયર્સને ઈમેઈલ અને SMS મોકલ્યા છે. આ મેસેજમાં જણાવવામાં આવ્યું છે કે ITR ફાઈલિંગમાં કેટલીક ગડબડ મળવાને કારણે તેમનું રિફંડ હોલ્ડ પર મૂકી દેવામાં આવ્યું છે.

આ નોટિફિકેશન 'રિસ્ક મેનેજમેન્ટ પ્રોસેસ' હેઠળ મોકલવામાં આવ્યા છે. ટેક્સપેયર્સને જે મેસેજ મળી રહ્યા છે, તેમાં સામાન્ય રીતે લખેલું છે- રિસ્ક મેનેજમેન્ટ પ્રોસેસ હેઠળ તમારા રિફંડ ક્લેમમાં કેટલીક વિસંગતતાઓ મળી છે, તેથી રિટર્નની પ્રોસેસિંગ રોકી દેવામાં આવી છે.

તેની વિગતો તમારા રજિસ્ટર્ડ ઈમેઈલ પર મોકલી દેવામાં આવી છે. રિવાઈઝ્ડ ITR ભરીને ભૂલો સુધારવાની તક માત્ર 31 ડિસેમ્બર સુધી છે.

ડેટા મિસમેચ: તમારી જણાવેલી આવક અને ફોર્મ 26AS/AIS ના ડેટામાં તફાવત.

આવક છુપાવવી: શેરબજાર (F&O), વિદેશી આવક અથવા પ્રોપર્ટી વેચવાથી થયેલા કેપિટલ ગેઈન્સ ન દર્શાવવા.

ખોટા ક્લેમ: HRA, ઈન્શ્યોરન્સ અથવા ડોનેશનના ખોટા અથવા વધારીને ક્લેમ કરવા.

ખર્ચ વધુ, આવક ઓછી: આવક ઓછી દર્શાવી છે, પરંતુ ક્રેડિટ કાર્ડનું બિલ અથવા પ્રોપર્ટીની ખરીદી ખૂબ વધારે છે.

જવાબ ન આપવો: કમ્પ્લાયન્સ પોર્ટલ પર પૂછવામાં આવેલા પ્રશ્નોનો જવાબ ન આપવો.

ટેક્સ એક્સપર્ટ અને એસડી સિંહ એન્ડ એસોસિએટ્સના ફાઉન્ડર સૂરજ સિંહ જણાવે છે કે, જે લોકોનું રિફંડ રિસ્ક મેનેજમેન્ટમાં ફ્લેગ થયું છે, તેમને પૈસા મળવામાં કેટલાક અઠવાડિયાથી લઈને કેટલાક મહિનાઓ સુધીનો સમય લાગી શકે છે. તેની કોઈ નિશ્ચિત સમયરેખા નથી.

જોકે, આ વિલંબ બહુ વધારે ન હોવો જોઈએ કારણ કે આ એલર્ટ ડિપાર્ટમેન્ટના AI સિસ્ટમ દ્વારા જનરેટ કરવામાં આવ્યા છે. જો ડિપાર્ટમેન્ટના રેકોર્ડ્સમાં ગડબડ મળે છે, તો તમને નોટિસ મોકલી શકાય છે. આવા કિસ્સાઓમાં ડોક્યુમેન્ટ વેરિફિકેશન પછી જ રિફંડ જાહેર થાય છે.

નિષ્ણાતોના મતે, આ મેસેજ માત્ર કોઈ એક ટેક્સ રિજીમવાળાને નહીં, પરંતુ ઓલ્ડ અને ન્યૂ, બંને પ્રકારના ટેક્સપેયર્સને મળ્યા છે. જોકે, ઓલ્ડ ટેક્સ રિજીમ પસંદ કરનારા ટેક્સપેયર્સની સંખ્યા તેમાં વધારે છે. તેનું કારણ એ છે કે ઓલ્ડ રિજીમમાં ડિડક્શન દ્વારા ટેક્સ બચાવવાના ઘણા વિકલ્પો હોય છે. ન્યૂ રિજીમવાળાને આ નોટિસ ત્યારે મળી છે જ્યારે તેમણે પોતાની આવક છુપાવી હોય કે જાહેર ન કરી હોય. સૂરજ સિંહ કહે છે કે, આજકાલ અલગ-અલગ સોર્સથી ડેટા આપમેળે મેચ થઈ જાય છે. તેથી જો કોઈએ વધારે ક્લેમ કર્યો હોય કે નકલી ડોક્યુમેન્ટ લગાવ્યા હોય, તો સિસ્ટમ તેને તરત પકડી લે છે. ધ ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સના મેમ્બર અશોક મહેતાનું કહેવું છે કે જો સિસ્ટમે તમારું રિફંડ હોલ્ડ કર્યું છે, તો તેનો અર્થ એ છે કે ITR અને TDS ડિટેલ્સમાં ક્યાંક મિસમેચ છે. ડિપાર્ટમેન્ટ તમને ભૂલ સુધારવાની તક આપી રહ્યું છે.


## પશ્ચિમ રેલવે - અમદાવાદ

**વિવિધ નિર્માણ કાર્યો**

**ઈ-ટેન્ડર નંબર Dy-CE-C-V-NLY-JAKHAU-04તારીખ: 26.12.2025**

ભારતીય સંઘના રાષ્ટ્રપતિ વતી અને તેમના વતી ડેપ્યુટી ચીફ ઈન્જીનીયર (C)V અમદાવાદ નીચેના કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે:

**1. ઈ-ટેન્ડર નંબર: Dy-CE-C-V-NLY-JAKHAU-04**

**2. કામનું નામ:** પશ્ચિમ રેલવે પર અમદાવાદ મંડળના નલિયા-જખાઉ પોર્ટ સેક્શનના નવા બ્રોડગેજ લાઈનના સંબંધમાં નલિયા જખાઉ પોર્ટ વચ્ચે કામ સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે જરૂરી રચના, બ્લાન્કેટિંગ, ટ્રોલી રિફ્યુજી અને વિવિધ પુલ (પિચિંગ, ટો વોલ, ફ્લોર પ્રોટેક્શન જેવા વિવિધ કાર્યો સહિત) ના બાંધકામ, પેસેન્જર પ્લેટફોર્મ અને ફરતા વિસ્તારનું બાંધકામ, બ્રોડગેજ મુખ્ય લાઈન નાખવા અને લિંક કરવા, પોઈન્ટ અને ક્રોસિંગ સહિત લૂપ લાઈન, ટ્રેક સંબંધિત પ્રવૃત્તિઓ, પી.વે સામગ્રીનું પરિવહન, પથ્થરની પટ્ટીનો પુરવઠો અને સ્ટેકીંગ, સિગ્નલ અને ટેલિકોમ (આઉટડોર) ડિઝાઈન, સપ્લાય, બાંધકામ, 25 KV AC OHE અને સબ-સેક્શનિંગ અને પેરેલલિંગ પોસ્ટ (SP/SSP) ના કામોનું પરીક્ષણ અને કમિશનિંગ, HT/LT ટ્રેક ક્રોસિંગ (11KV સુધી) માં ફેરફાર, માળખાઓનું વીજળીકરણ અને અન્ય વિવિધ કાર્યો.

**3. કામની અંદાજિત કિંમત:** ₹ 358,41,15,706.96

**4. બિડ સુરક્ષા:** ₹ 1,00,00,000/- **5. ટેન્ડરનો પ્રકાર:** બે પેકેટ સિસ્ટમ

**6. પૂર્ણતા સમયગાળો:** 18 મહિના

**7. બંધ થવાનો સમય અને તારીખ:** 16/01/2026 બપોરે 15:00 કલાકે.

**8. ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 16.01.2026 ના રોજ 15:00 વાગ્યા પછી કોઈ પણ કલાકે

**૯. વેબસાઈટ વિગતો નોટિસ બોર્ડ સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું:** ટેન્ડરની સંપૂર્ણ વિગતો, જેમાં પાત્રતા માપદંડનો સમાવેશ થાય છે, તે પશ્ચિમ રેલવે વેબસાઈટ **www.ireps.gov.in** પર ઉપલબ્ધ છે. ડેપ્યુટી ચીફ એન્જિનિયર (C) V નું કાર્યાલય, નિર્માણ ભવન, પહેલો માળ, જીસીએસ હોસ્પિટલની સામે, નરોડા રોડ, ડીઆરએમ ઓફિસ પાસે, અમદાવાદ: 382345 કોઈપણ સ્પષ્ટતાના કિસ્સામાં પેઢી ઉપરોક્ત કાર્યાલયમાં કામકાજના કલાકો દરમિયાન રૂબરૂ અથવા ઓફિસ મોબાઈલ નં.9724093252 પર સંપર્ક કરી શકે છે.

CPM 102

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


# ઈન્ફોસિસ 2026માં 21 હજાર ફ્રેશર્સ ભરતી કરશે : ₹21 લાખ સુધીનું પેકેજ આપશે, પ્રોગ્રામર-એન્જિનિયર માટે 4 સ્લેબમાં વહેંચાયો પગાર

**નવી દિલ્હી, તા.26**




દેશની સૌથી મોટી ટેક કંપનીઓમાંથી એક ઈન્ફોસિસે ફ્રેશર્સની એન્ટ્રી લેવલ સેલરી વધારી દીધી છે. કંપની હવે ફ્રેશર્સને સ્પેશિયલાઈઝ્ડ ટેકનોલોજી રોલ્સ માટે વાર્ષિક 21 લાખ રૂપિયા સુધીનું પેકેજ ઓફર કરી રહી છે. આ ભારતીય આઈટી સેક્ટરમાં ફ્રેશર્સને આપવામાં આવતી સૌથી વધુ સેલરીમાંથી એક છે. મનીકંટ્રોલના રિપોર્ટ અનુસાર, ઈન્ફોસિસ 2025માં ગ્રેજ્યુએટ થનારા વિદ્યાર્થીઓ માટે ઓફ-કેમ્પસ હાયરિંગ ડ્રાઈવની તૈયારી કરી રહી છે. કંપની આવતા વર્ષ સુધીમાં 21 હજાર ફ્રેશર્સની ભરતી કરશે. તેમને 7 લાખ રૂપિયાથી લઈને 21 લાખ રૂપિયા સુધીના પેકેજ પર નોકરી આપશે. કંપનીએ સેલરી સ્ટ્રક્ચરને રોલના હિસાબે 4 સ્લેબમાં અલગ-અલગ કેટેગરીમાં વહેંચ્યું છે. આ હાયરિંગ મુખ્યત્વે 'સ્પેશિયાલિસ્ટ પ્રોગ્રામર' અને 'ડિજિટલ સ્પેશિયાલિસ્ટ એન્જિનિયર' જેવા પદો માટે થઈ રહી છે. સ્પેશિયાલિસ્ટ પ્રોગ્રામર L1: આ કેટેગરીના ફ્રેશર્સને 11 લાખ વાર્ષિકનો પગાર મળશે. ડિજિટલ સ્પેશિયાલિસ્ટ એન્જિનિયર (ટ્રેઈની): આ રોલ માટે ફ્રેશર્સને 7 લાખનું પેકેજ ઓફર કરવામાં આવી રહ્યું છે. આ રોલ્સ માટે BE, BTech, ME, MTech, MCA અને ઈન્ટિગ્રેટેડ MScની ડિગ્રી ધરાવતા વિદ્યાર્થીઓ અરજી કરી શકે છે. કંપની મુખ્યત્વે કમ્પ્યુટર સાયન્સ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી (IT) અને ઈલેક્ટ્રોનિક્સ (ECE, EEE) બ્રાન્ચના વિદ્યાર્થીઓને તક આપી રહી છે. કંપનીનું ફોકસ AI પર, તેથી પગાર વધારી રહ્યા છે.

ઈન્ફોસિસ ગ્રુપના CHRO શાજી મેથ્યુએ જણાવ્યું કે વધુ પગાર ઓફર કરવા પાછળ કંપનીની 'AI-ફર્સ્ટ સ્ટ્રેટેજી' છે. તેમણે કહ્યું, અમે કેમ્પસ અને ઓફ-કેમ્પસ બંને રીતે શરૂઆતી કારકિર્દીવાળી હાયરિંગ કરી રહ્યા છીએ. અમે સ્પેશિયાલિસ્ટ પ્રોગ્રામર ટ્રેકમાં તકો વધારી છે, જ્યાં પેકેજ 21 લાખ રૂપિયા સુધી જાય છે. કંપનીને નવી ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) પર કામ કરવા માટે કુશળ લોકોની જરૂર છે. એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટ્સ માટે ઓછો પ્રારંભિક પગાર હંમેશા ચિંતાનો વિષય રહ્યો છે. એક વિશ્લેષણ મુજબ, નાણાકીય વર્ષ 2012થી 2022 દરમિયાન IT કંપનીઓના CEOનો સરેરાશ પગાર (મીડિયન સેલરી) 835% વધ્યો છે. તે 3.37 કરોડ રૂપિયાથી વધીને 31.5 કરોડ રૂપિયા થઈ ગયો. જ્યારે, આ જ સમયગાળા દરમિયાન ફ્રેશર્સના પગારમાં માત્ર 45%નો વધારો થયો. તે 2.45 લાખ રૂપિયાથી વધીને માત્ર 3.55 લાખ રૂપિયા સુધી પહોંચ્યો. આવી સ્થિતિમાં, ઈન્ફોસિસની આ નવી ઓફર ફ્રેશર્સ માટે એક મોટી રાહત છે. એક તરફ જ્યાં ઘણી ટેક કંપનીઓમાં છટણીના સમાચાર આવતા રહે છે, ત્યાં ઈન્ફોસિસ (Infosys) એ ભરતીની ગતિ વધારી દીધી છે. કંપનીના CFO જયેશ સંઘરાજકાએ ઓક્ટોબરમાં જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2026ના પ્રથમ છ મહિનામાં કંપનીએ 12,000 ફ્રેશર્સને નોકરી આપી છે. આ વર્ષે કંપનીનું કુલ લક્ષ્ય 21,000 ફ્રેશર્સને હાયર કરવાનું છે. ઈન્ફોસિસ દ્વારા સતત પાંચમા ક્વાર્ટરમાં તેના કર્મચારીઓની સંખ્યામાં વધારો નોંધાવવામાં આવ્યો છે. બીજા ક્વાર્ટર (Q2) માં કંપનીએ 8,203 નવા કર્મચારીઓ ઉમેર્યા, જેનાથી કુલ વર્કફોર્સ વધીને 3,31,991 થઈ ગયું છે.


## પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ઈ-ટેન્ડર નોટિસ નં. ૨૧ વર્ષ ૨૦૨૫-૨૬ તારીખ: ૨૪.૧૨.૨૦૨૫**

| ક્ર. સં | ઈ-ટેન્ડર નંબર | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | EMD રકમ (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM-ADI-170-2025-26 | અમદાવાદ મંડળ - ડિવિઝનલ એન્જીનીયર (કાર્ય) - અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ સ્ટાફ અને અન્ય આનુષંગિક કાર્યો માટે ૧૮ યુનિટ ટાઈપ-૨, ૦૬ યુનિટ ટાઈપ-૩ અને ૦૨ યુનિટ ટાઈપ-૪ ક્વાર્ટર્સનું બાંધકામ.(સંયુક્ત કાર્ય) | ૮,૫૦,૧૩,૦૮૩.૪૧ | ૫,૭૫,૧૦૦.00 |
| 2 | DRM-ADI-171-2025-26 | ડિવિઝનલ એન્જીનીયર (કામ) - અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ સાબરમતી (OC) ખાતે સ્ટાફ અને અન્ય આનુષંગિક કાર્યો માટે ૧૪ યુનિટ ટાઈપ-૨ ક્વાર્ટર્સનું બાંધકામ.(સંયુક્ત કાર્ય) | ૪,૫૩,૧૪,૫૩૭.33 | 3,૭૬,૬00.00 |
| 3 | DRM-ADI-172-2025-26 | મણિનગર ખાતે BRC એન્ડ પર ૬.0 મીટર પહોળા ફૂટ ઓવર બ્રિજનું બાંધકામ અને ડિવિઝનલ ઈજનેર (કામ) - અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ અન્ય આનુષંગિક કાર્યો. | ૧૦,૭૭,૭૯,૪૮૯.૮૪ | ૬,૮૮,૯00.00 |
| 4 | DRM-ADI-173-2025-26 | પાલનપુર ખાતે કોમ્યુનિટી હોલ અને રેલવે ઈન્સ્ટિટ્યૂટનું બાંધકામ. (સંયુક્ત ટેન્ડર) | ૪,૫૬,૬૭,00૯.૬૪ | 3,૭૮,300.00 |
| 5 | DRM-ADI-174-2025-26 | મહેસાણા - ADEN-મહેસાણાના અધિકારક્ષેત્ર હેઠળ રિપ્લેસમેન્ટ એકાઉન્ટ પર ૧૪ યુનિટ ટાઈપ-૨ સ્ટાફ ક્વાર્ટર્સનું બાંધકામ.(સંયુક્ત ટેન્ડર) | ૪,૫૦,3૭,૯૮૬.3૮ | 3,૭૫,૨00.00 |

**ઈ-નિવિદા બંધ થવાની તારીખ અને સમય:** તારીખ 27/01/2026, 15:00 કલાક. **ઓફિસનું સરનામું:** સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સમ.)- અમદાવાદ, ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, નવી સ્વદેશી મિલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345 **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટેની વેબસાઈટ: www.ireps.gov.in**

ADI 240

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# અમદાવાદ પોલીસ NSUI કાર્યકરોને ખેંચી ખેંચીને ટીંગાટોળી કરી લઈ ગઈ

## ઉન્નાવ રેપ કેસના આરોપી સેંગરને જામીન મળતા રસ્તા રોકી વિરોધ, પોલીસ સાથે ઝપાઝપી થતાં કાર્યકર બેભાન

**અમદાવાદ, તા.26**

ઉન્નાવ રેપ કેસમાં પૂર્વ ભાજપ ધારાસભ્ય કુલદીપસિંહ સેંગરને દિલ્હી હાઈકોર્ટની એક બેંન્ચે સજા મોકૂફ કરી દીધી. જેને લઈને NSUI દ્વારા ચાંદલોડિયામાં ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. કુલદીપસિંહ સેંગરના પોસ્ટર સળગાવીને ફાંસીની સજા આપવાની માગ સાથે NSUIના કાર્યકર્તાઓએ રસ્તો રોકી વિરોધ નોંધાવ્યો હતો. જોકે, તે બાદ પોલીસ દ્વારા NSUIના કાર્યકર્તાઓની ટીંગાટોળી કરી અટકાયત કરવામાં આવી હતી.

જે દરમિયાન NSUIના કેટલાક કાર્યકર્તાઓના કપડા પણ ફાટી ગયા હતા. તો એક NSUIનો કાર્યકર્તા બેભાન થઈ જતા તેને હોસ્પિટલ લઈ જવાના બદલે પોલીસ સ્ટેશન લઈ ગઈ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ઉન્નાવ રેપ કેસમાં ટ્રાયલ કોર્ટમાંથી પૂર્વ ભાજપ ધારાસભ્ય કુલદીપસિંહ સેંગરને 2019માં આજીવન કેદની સજા સંભળાવવામાં આવી હતી. આજીવન જેલની સજા મળ્યાનાં 6 કરતાં વધારે વર્ષ પછી દિલ્હી હાઈકોર્ટની એક બેન્ચે સજા મોકૂફ કરી દીધી. દિલ્હી હાઈકોર્ટે ઉન્નાવ રેપ કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા ભાજપમાંથી હાંકી કાઢવામાં આવેલા કુલદીપસિંહ સેંગરની આજીવન કેદની સજા સ્થગિત કરી દીધી હતી.

વર્ષ 2017માં ઉન્નાવમાં થયેલા રેપ અને હત્યા કેસમાં સજા ભોગવતા કુલદીપસિંહ સેંગરને રેપ



કેસમાં જામીન મળતા ગુજરાતમાં NSUI દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

ચાંદલોડિયા વિસ્તારમાં ગુજરાત NSUI દ્વારા કુલદીપસિંહ સેંગરના પોસ્ટર સળગાવીને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કુલદીપસિંહ સેંગર પોસ્ટર સળગાવતા પોલીસે દોડી આવી હતી અને સળગાવેલા પોસ્ટર બુઝાવી દેવામાં આવ્યા હતા. કુલદીપસિંહ સેંગરના પોસ્ટર સળગાવ્યા બાદ ફાંસીની સજાની માગ સાથે રસ્તા બેસીને નારા લગાવ્યા હતા. ભાજપના રાજમાં બળાત્કારીઓ મોજમાં હોવાના નારા સાથે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

રસ્તો પર બેસીને વિરોધ કરતા ભારે ટ્રાફિક પણ થઈ ગયો હતો. જેથી પોલીસ દ્વારા NSUIના કાર્યકર્તાઓની ટીંગાટોળી કરીને અટકાયત કરવામાં આવી હતી. તેમજ પોલીસ દ્વારા ખેંચી ખેંચીને NSUIના કેટલાક કાર્યકર્તાઓને પોલીસની બસમાં બેસાડવામાં આવ્યા હતા. જે દરમિયાન કેટલાક કાર્યકર્તાઓના તો કપડા પણ ફાટી ગયા હતા.

કુલદીપસિંહ સેંગરને ફાંસીની સજાની માગ સાથે વિરોધ કરી રહેલા NSUIના કાર્યકર્તાઓની પોલીસ સાથે ઝપાઝપી પણ થઈ હતી. જે દરમિયાન NSUIનો એક કાર્યકર્તા બેભાન થઈ ગયો હતો. NSUIનો કાર્યકર્તા બેભાન થઈ ગયો હોવા છતાં પોલીસ તેને હોસ્પિટલ લઈ જવાના બદલે પોલીસ સ્ટેશનમાં લઈ ગઈ હોવાનો NSUIના અન્ય કાર્યકર્તાઓએ આક્ષેપ કર્યો છે.

વીડિયોમાં પણ NSUIનો એક કાર્યકર્તા બેભાન થઈ જતા અન્ય કાર્યકર્તાઓ પોલીસ પાસે તેને હોસ્પિટલ લઈ જવા માટે આજીજી કરતા પણ જોવા મળ્યા હતા. જે બાદ વડગામના ધારાસભ્યએ ટ્વીટ કરીને વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને સૌથી વધુ પ્રાથમિકતા આપવી જોઈએ. વિદ્યાર્થીઓને તાત્કાલિક તબીબી સહાય પૂરી પાડવા માટે માગ કરી હતી.

# અમદાવાદના મંદિરમાં ભક્તિના બહાને છેતરપિંડી, શ્રદ્ધાળુ બનીને આવેલો શખસ 6 લાખનો હાર લઈ ફરાર

**અમદાવાદ, તા.26**

અમદાવાદમાં છેતરપિંડીના કિસ્સા સતત વધી રહ્યા છે, ત્યારે હવે ગઠિયાઓએ ભગવાનના ઘર સમાન મંદિરને પણ બાકાત રાખ્યું નથી. અમદાવાદના વાસણા વિસ્તારમાં સ્થિત સ્વામિનારાયણ મંદિરમાં એક શખ્સે માનતા પૂરી કરવાના બહાને મંદિરના વહીવટકર્તા સાથે લાખોની છેતરપિંડી આચરી છે. મળતી માહિતી મુજબ, ગોપાલભાઈ નામના એક શખ્સે વાસણા સ્વામિનારાયણ મંદિરના કોઠારી સ્વામીનો સંપર્ક કર્યો હતો. તેણે જણાવ્યું હતું કે, તેની દીકરીનું સરકારી મેડિકલ કોલેજમાં એડમિશન મળી ગયું હોવાથી તેણે ભગવાનને સોનાનો હાર ચઢાવવાની માનતા રાખી હતી. આ માનતા પૂરી કરવા માટે તેણે સોનાનો હાર જોવો પડશે તેમ કહી કોઠારી સ્વામીને વિશ્વાસમાં લીધા હતા. આરોપી ગોપાલે કોઠારી સ્વામીને હારના પેમેન્ટ પેટે એક ચેક આપ્યો હતો. ચેક આપીને પૂરો વિશ્વાસ કેળવ્યા



બાદ, તેણે હારનો નમૂનો જોવાનું બહાનું કાઢ્યું હતું. કોઠારી સ્વામીએ શ્રદ્ધાળુ સમજીને તેને 51 ગ્રામ વજનનો અને આશરે 6 લાખની કિંમતનો સોનાનો હાર જોવા માટે આપ્યો હતો. હાર હાથમાં આવતાની સાથે જ તક જોઈને આરોપી ગોપાલ ત્યાંથી રફુચક્કર થઈ ગયો હતો. થોડી વાર સુધી તે પરત ન આવતા અને તેનો મોબાઈલ ફોન પણ સ્વીચ ઓફ આવતા કોઠારી સ્વામીને છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. આ મામલે વાસણા પોલીસ સ્ટેશનમાં ગોપાલ નામના શખ્સ વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે આ અંગે ગુનો નોંધીને મંદિરના CCTV ફૂટેજ અને મોબાઈલ લોકેશનના આધારે આરોપીને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ચાઈનીઝ દોરી-તુક્કલ મામલે ગુજરાત હાઈકોર્ટ લાલઘૂમ:

## વેચનારા અને વાપરનારા સામે કડક પગલાં ભરવા આદેશ

**અમદાવાદ, તા.26**

ઉત્તરાયણ 2026 પહેલા ગુજરાત હાઈકોર્ટે નાયલોન અને ચાઈનીઝ માંઝામાંથી બનેલા પ્રતિબંધિત પતંગ ઉડાવવાના દોરા પર પ્રતિબંધ લાગુ કરવાના રાજ્યના પ્રયાસોની સમીક્ષા કરી છે. જેમાં હાઈકોર્ટ દ્વારા ચાઈનીઝ દોરી અને પ્રતિબંધિત તુક્કલ જેવી જીવલેણ વસ્તુઓનું વેચાણ, સંગ્રહ કે વપરાશ કરનાર સામે કડકમાં કડક પગલાં લેવાનો આદેશ અપાયો છે. કોર્ટે તમામ જિલ્લા પોલીસ વડાઓને નિર્દેશ કર્યો છે કે પ્રતિબંધિત વસ્તુઓના વેચાણ અંગેનો ડે-ટુ-ડે (રોજિંદો) રિપોર્ટ રજૂ કરવાનો રહેશે.

ગુજરાતના ગૃહ વિભાગના મુખ્ય સચિવ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં સોગંદનામુ રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં તંત્ર દ્વારા ચાઈનીઝ માંઝા, નાયલોન, કૃત્રિમ કોટિંગવાળા પ્લાસ્ટિકના દોરા, કાચથી કોટેડ નાયલોન અથવા કૃત્રિમ દોરા (પરંપરાગત માંઝા સિવાય) અને ચાઈનીઝ સ્કાય ફાનસ(તુક્કલ) સહિતના ખતરનાક દોરાનો ઉપયોગ કરવા સામે તેની અમલીકરણ ઝુંબેશ અને જનજાગૃતિ ઝુંબેશની વિગતવાર માહિતી આપી હતી.

સોગંદનામા મુજબ, 21 નવેમ્બરથી 10 ડિસેમ્બર, 2025 દરમિયાન, પોલીસે આ પ્રતિબંધિત વસ્તુઓના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ અથવા ઉપયોગ સંબંધિત 59 ગુના નોંધ્યા હતા. અધિકારીઓએ 12,066થી વધુ પ્રતિબંધિત દોરા



અને સંબંધિત સામગ્રી - જેમ કે રીલ, સ્પૂલ, બોબિન્સ અને ટેલર, કટ દોરા જપ્ત કર્યા છે જેની કિંમત આશરે રૂ. 36.80 લાખ છે. વધુમાં, રાજ્યભરમાં 73 આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. જાહેર જાગૃતિ લાવવા માટે, રાજ્ય તંત્રએ શાળાઓ, કોલેજો, બજારો અને અન્ય સ્થળોએ 116 બેઠકોનું આયોજન કર્યું હતું. જાગૃતિ માટે વ્યાપકપણે અખબારોમાં જાહેરાતો પ્રકાશિત કરવામાં આવી હતી, અને જિલ્લા પોલીસ અને વહીવટી એકાઉન્ટ્સ દ્વારા X, Facebook, Instagram અને WhatsApp જેવા પ્લેટફોર્મ પર 230 સત્તાવાર સોશિયલ મીડિયા પોસ્ટ શેર કરવામાં આવી હતી. ઘણા જિલ્લાઓમાં, જાહેરાતો માટે ઓછામાં ઓછી 8 ભાડે રાખેલી ઓટો-રિક્ષા પર લગાવેલી જાહેર સંબોધન કરવામાં આવ્યું હતું. અલગ-અલગ સોગંદનામામાં નોંધવામાં આવ્યું છે કે પોલીસ કમિશનરો અને જિલ્લા મેજિસ્ટ્રેટને ભારતીય ન્યાય સંહિતા, 2023 હેઠળ વાર્ષિક સૂચનાઓ જારી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે, જેમાં ઉત્તરાયણ દરમિયાન પતંગ ઉડાવવા માટે પ્રતિબંધિત વસ્તુઓનો ઉપયોગ, વેચાણ, સંગ્રહ અને કબજો રાખવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

# સુભાષ બ્રિજની બંને બાજુ નવા બ્રિજ બનશે,

## હયાત બ્રિજને રિપેર કરી મજબૂત બનાવાશે

**અમદાવાદ, તા.26**

હાલમાં જ બંધ કરાયેલા અમદાવાદના સુભાષ બ્રિજને લઈને મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા આજે ઐતિહાસિક જાહેરાત કરાઈ છે. તંત્રએ મધ્યમ માર્ગ કાઢતા નિર્ણય લીધો છે કે, હયાત બ્રિજને તોડી પાડવાને બદલે તેને રીપેર કરીને મજબૂત કરવામાં આવશે અને તેની બંને બાજુ બે-બે લેનના નવા બ્રિજ બનાવીને રસ્તાને વધુ પહોળો કરવામાં આવશે.

કોર્પોરેશનની જાહેરાત મુજબ, અત્યારે જે સુભાષ બ્રિજ છે તેની બંને તરફ બે નવી લેન તૈયાર કરવામાં આવશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ વાહન ચાલકોને કુલ 36 મીટર પહોળો રસ્તો મળશે, જેનાથી ટ્રાફિકની સમસ્યા કાયમી ધોરણે ઉકેલી શકાય.

પ્રથમ ફેઝમાં હાલના બ્રિજના સુપર સ્ટ્રક્ચરને સંપૂર્ણપણે દૂર કરીને 38 મીટર સ્પાન મુજબ સ્ટીલ કોમ્પોઝીટ ગર્ડર આધારિત નવું સુપર સ્ટ્રક્ચર તૈયાર કરાશે. આ કામગીરી માટે હયાત પિલરને માઈક્રો કોન્ક્રીટ દ્વારા જેકેટિંગ કરીને મજબૂત બનાવાશે, જેથી નવી રચનાને પૂરતો આધાર મળી રહે.

બીજા ફેઝમાં હાલના બ્રિજની બંને બાજુ એક જ લેવલે નવા 2-2 લેનના બ્રિજનું નિર્માણ કરાશે. આ માટે ફાઉન્ડેશનથી લઈને સુપર સ્ટ્રક્ચર સુધીની સમગ્ર કામગીરી



નવેસરથી કરવાની યોજના તૈયાર કરાઈ છે.

બંને ફેઝની કામગીરી માટે EPC મોડ હેઠળ સંયુક્ત ટેન્ડર મંગાવવાનું આયોજન છે. તે મુજબ સમગ્ર કામ માટે EPC ટેન્ડરની બેઝિક કોસ્ટ અંદાજિત રૂ. 250 કરોડ રખાઈ છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ શહેરના ઉત્તર અને મધ્ય વિસ્તારો વચ્ચેનું ટ્રાફિક દબાણ ઘટશે અને ભવિષ્યની ટ્રાફિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે સક્ષમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ બનશે. અમદાવાદીઓને વધુ સમય સુધી હાલાકી ન ભોગવવી પડે તે માટે તંત્રએ સજ્જડ યોજના ઘડી હોવાનો દાવો કર્યો છે. આગામી સોમવારે જ આ પ્રોજેક્ટ માટે ટેન્ડર બહાર પડાશે. વર્ક ઓર્ડર આપ્યાના 9 મહિનાની અંદર સમગ્ર કામગીરી પૂર્ણ કરવાની સમયમર્યાદા નક્કી કરાઈ છે.

નિષ્ણાતોના મતે બ્રિજને આખો તોડી પાડવા કરતાં રિસ્ટોરેશન અને એક્સટેન્શન કરવું વધુ વ્યવહારુ છે. આમ કરવાથી બ્રિજનું આયુષ્ય પણ વધશે અને વાહનોની અવરજવર માટે વધુ સ્પેસ પણ મળી રહેશે. ખાસ કરીને સાબરમતી અને આસપાસના વિસ્તારના ટ્રાફિકને ધ્યાનમાં રાખીને 36 મીટર પહોળાઈનો નિર્ણય લેવાયો છે.

તાજેતરમાં સુભાષ બ્રિજમાં તિરાડો પડવાની અને સ્પાન બેસી જવાની ઘટના સામે આવી હતી, જેના કારણે સલામતીના કારણસર તેને વાહનવ્યવહાર માટે બંધ કરાયો હતો. આ બ્રિજની ગંભીરતા તપાસવા માટે તંત્ર દ્વારા હાઈટેક પદ્ધતિ અપનાવાઈ હતી. જો કે, નિષ્ણાત એજન્સીઓ દ્વારા અગાઉ અપાયેલા પ્રાથમિક અહેવાલના આધારે જ આજની બેઠકમાં અંતિમ નિર્ણય લેવામાં આવ્યો છે.

બ્રિજ નિષ્ણાતો અને એન્જિનિયરિંગ એજન્સીઓએ કોર્પોરેશનને ત્રણ પ્રકારના ઉકેલ સૂચવ્યા હતા. પ્રથમ વિકલ્પ આખા બ્રિજને તોડીને નવો બનાવવો, બીજો વિકલ્પ નબળા સ્પાન નીચે વધારાનો પિલર ઊભો કરી ટેકો આપવો અને ત્રીજો વિકલ્પ હાલનું સ્ટ્રક્ચર હટાવી સ્ટીલ સ્ટ્રક્ચર તૈયાર કરવાનો છે. નિષ્ણાતોના મતે 50 વર્ષ જૂના આ બ્રિજ માટે તેને તોડીને નવો બનાવવો એ જ લાંબા ગાળાનો શ્રેષ્ઠ વિકલ્પ છે.

સુભાષ બ્રિજ અડધી સદી જૂની ટેક્નોલોજીથી બનેલો છે અને હાલના સમયના ભારે ટ્રાફિકને સહન કરવા માટે સક્ષમ નથી. એજન્સીઓના રિપોર્ટ મુજબ, બ્રિજની ઉંમર પૂરી થઈ ગઈ હોવાથી તેના રીપેરીંગ પાછળ ખર્ચ કરવાને બદલે નવી ડિઝાઈન અને આધુનિક જરૂરિયાતો મુજબ વધુ પહોળો બ્રિજ બનાવવો અનિવાર્ય છે.

જો કોર્પોરેશન નવો બ્રિજ બનાવવાનો નિર્ણય લેશે, તો સાબરમતી નદીના બારેમાસ ભરેલા પાણી વચ્ચે બાંધકામ કરવું એ સૌથી મોટી ટેકનિકલ ચેલેન્જ હશે. આ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં અંદાજે દોઢ થી બે વર્ષનો સમય લાગી શકે છે. નવો બ્રિજ સંપૂર્ણપણે આધુનિક સુવિધા અને વધુ ટ્રાફિક ક્ષમતા ધરાવતો હશે, જે શહેરની આગામી દાયકાઓની જરૂરિયાતોને પૂરી કરશે.

# સ્માર્ટ સિટી બિલ નહીં ચૂકવે તો સિટી બસ સેવા બંધ : એજન્સીને બિલ ન ચૂકવતા 550 કર્મચારીઓનો પગાર અટક્યો, બિલ નહિ ચૂકવાય તો સીટી બસ સેવા બંધ કરી દઈશું: મેનેજર

**વડોદરા, તા.26**

વડોદરા શહેરમાં વર્ષ 2017થી ચાલતી સિટી બસ સેવા હવે ટૂંક સમયમાં બંધ થાય તો નવાઈ નહીં. કારણ કે આ બસ સેવા માટે સ્માર્ટ સિટી દ્વારા નવેમ્બરથી મહિનાના બિલ આ એજન્સીને ચૂકવવામાં આવ્યા નથી. અંદાજિત 3 કરોડ ઉપરાંતની રકમ ન ચૂકવતા વિનાયક લોજેસ્ટિક આ સેવા આગામી 1 જાન્યુઆરી બંધ કરે તો નવાઈ નહીં. વિનાયક લોજેસ્ટિકના મેનેજરે સ્પષ્ટ કહ્યું છે કે જો બિલ નહિ ચૂકવાય તો સીટી બસ સેવા બંધ કરી દઈશું. ત્યારે આ અંગે સ્માર્ટ સિટીના જવાબદાર અધિકારી દ્વારા નોટિસનો જવાબ યોગ્ય રીતે અપાય છે કે પછી રોજે બરોજ 80 હજારથી વધુ મુસાફરી કરતા મુસાફરો અટવાય છે તે તો આવનાર સમય બતાવશે. આ અંગે વિનાયક લોજિસ્ટિકના મેનેજર નરેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતું કે, અમારી વિનાયક સિટી બસ સર્વિસ વર્ષ 2017થી સ્માર્ટ સિટી અંતર્ગત ચાલી રહી છે. સ્માર્ટ સિટીનો પ્રોજેક્ટ છે વર્ષ 2017થી ચાલુ છે, એમાં અમારા કરાર થયેલા હતા. એટલે અમે 160 બસ ચલાવતા હતા. આ બસ સેવામાં વિદ્યાર્થીઓને 50 ટકા કન્સેશન આપીએ છીએ, અપંગ વ્યક્તિઓને 80 ટકા કન્સેશન આપીએ છીએ સાથે નોકરીયાત વર્ગને 30 ટકા કન્સેશન આપીએ છીએ. વધુમાં કહ્યું કે, હવે પરિસ્થિતિ એવી છે કે, અત્યારે નવેમ્બરથી 'સ્માર્ટ સિટી પ્રોજેક્ટ' બંધ થઈ ગયો છે તેવું કહેવામાં આવે છે. હવે અમારે કોર્પોરેશનમાંથી બિલ લેવાનું છે. અમારું બિલ દર વખતે જતું, પણ નવેમ્બરનું જે બિલ અમે મુકેલું એનો આજ દિન સુધી કોઈ નિર્ણય આવ્યો નથી. એમ કહે છે કે ફાઈલ મંજુર થશે પછી ખબર પડશે કે તમારે ક્યાંથી બિલ લેવાનું છે. હજુ સુધી કોઈ સ્પષ્ટ નિર્ણય આવ્યો નથી કે તમારે બિલ ક્યાંથી લેવું તો અમારે અત્યારે 550 કર્મચારીઓ છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

# સુરતથી બેંગકોક ફરવા ગયેલા બે-યુવકોને એરપોર્ટથી પરત મોકલી દેવાયા : પૂરતા રૂપિયા, હોટલ બુકિંગ ન હતું

**સુરત, તા.26**

હાલમાં વિદેશ પ્રવાસ અને ખાસ કરીને થાઈલેન્ડ જવાનો ક્રેઝ ગુજરાતીઓમાં ખૂબ વધ્યો છે. થાઈલેન્ડમાં ભારતીયો માટે 'વિઝા ઓન અરાઈવલ' અથવા વિઝા ફ્રી એન્ટ્રી હોવાથી લોકો મોટી સંખ્યામાં ત્યાં જઈ રહ્યા છે. પરંતુ પૂરતી તૈયારી વિના જવું સુરતના બે યુવકોને ભારે પડ્યું છે. સુરતથી બેંગકોક ફરવા ગયેલા બે પ્રવાસીઓને ત્યાંના ઈમિગ્રેશન વિભાગે એરપોર્ટ પરથી જ પરત મોકલી દેતા આ કિસ્સો અન્ય પ્રવાસીઓ માટે ચેતવણીરૂપ બન્યો છે. મળતી માહિતી મુજબ, સુરતથી બે યુવકો ગત 22 ડિસેમ્બરના રોજ સાત દિવસ માટે થાઈલેન્ડના બેંગકોક ખાતે ફરવા માટે ઉપડ્યા હતા. તેઓ 22 ડિસેમ્બરે બેંગકોક એરપોર્ટ પર પહોંચ્યા હતા. જોકે, ત્યાં ઉતર્યા બાદ ઈમિગ્રેશન ચેકિંગ દરમિયાન અધિકારીઓએ તેમની પૂછપરછ કરી હતી અને તપાસ હાથ ધરી હતી. આ તપાસમાં બંને યુવકો પાસે પૂરતા દસ્તાવેજો અને નાણાંનો અભાવ જણાતા તેમને એરપોર્ટની બહાર નીકળવા દેવાયા ન હતા અને બીજા જ દિવસે એટલે કે 23 ડિસેમ્બરે સુરત પરત મોકલી દેવામાં આવ્યા હતાં.

આ બંને યુવકોને પરત મોકલવા પાછળ મુખ્યત્વે બે મોટા કારણો જવાબદાર હતા. બંને યુવકો પાસે ખર્ચ કરવા માટે થાઈલેન્ડની કરન્સી (થાઈ બાત) માત્ર 2000 જેટલી જ હતી. થાઈલેન્ડના પ્રવાસન નિયમો મુજબ, દરેક ટુરિસ્ટ પાસે પોતાના ખર્ચ પેટે ઓછામાં ઓછા 10,000થી 20,000 થાઈ બાત રોકડા હોવા ફરજિયાત છે. આ બંને યુવકો પાસે રહેવા માટે કોઈ હોટલનું કન્ફર્મ બુકિંગ ન હતું. તેઓએ મિત્રના ઘરે રહેવાનું પ્લાનિંગ કર્યું હતું, પરંતુ ઈમિગ્રેશન અધિકારીઓએ તે માન્ય રાખ્યું ન હતું.

પરત ફરેલા યુવકોએ પોતાની આપવીતી જણાવતા કહ્યું હતું કે, અમે 22મીએ ગયા અને 23મીએ પરત આવવું પડ્યું. અમારી પાસે 30 તારીખની રિટર્ન ટિકિટ પણ હતી. અમે સાત દિવસ માટે ત્યાં રોકાવાના હતા. અમારી પાસે 2000 થાઈ બાત હતા અને બાકીના રૂપિયા અમે ત્યાં રહેતા મારા મિત્ર પાસેથી લેવાના હતા. રહેવા માટે પણ અમે મિત્રના ફ્લેટ પર જ જવાના હતા, તેથી હોટલ બુકિંગ કરાવ્યું ન હતું. પરંતુ ત્યાંના અધિકારીઓએ કહ્યું કે, 7 દિવસ માટે 2000 બાત પૂરતા નથી અને ટુરિસ્ટ વિઝા પર હોટલ બુકિંગ ફરજિયાત છે. મિત્રના ફ્લેટનો રેફરન્સ ત્યાં ચાલ્યો નહીં.

આ ઘટના સમયે બેંગકોકથી સુરત આવી રહેલા અન્ય મુસાફર સુરેશભાઈ સાવલિયાએ આ બાબતની નોંધ લીધી હતી અને એક વીડિયો બનાવીને સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોને જાગૃત કર્યા હતા.

